ભગવાન અરિષ્ટનેમિનો ઉત્તર સાંભળીને, કૃષ્ણ વગેરેને એક ગંભીર વિચારની સાથે જ થોડી નિરાશા પણ થઈ. લોકોના હૃદય પર ભ૦ અરિષ્ટનેમિના ઉત્તરનો ઉચિત પ્રભાવ પડ્યો. ભ૦ અરિષ્ટનેમિના કથનની સત્યતાનો કોઈ ઇન્કાર ન કરી શક્યા. શ્રીકૃષ્ણ પણ નિરુત્તર રહ્યા; છતાં તેઓ હવે બીજા ઉપાયથી કામ લેવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા:—ભાઈ અરિષ્ટનેમિ ! તમારા કથનની યથાર્થતાનો હું ઇન્કાર નથી કરી શકતો. તમે અહિંસાનો જે ક્રિયાત્મક ઉપદેશ આપ્યો છે તે પણ નિષ્ફળ નથી થતો; પરન્તુ ઉગ્રસેન-કુમારી રાજેમતી સાથે લગ્ન કર્યા વગર ચાલ્યા જવું તે ઠીક નથી. એમ કરવાથી, યાદવોની પ્રતિષ્ઠાને ધક્કો લાગે છે, અમારા બધાનું અપમાન થાય છે અને એક નિર્દોષ બાળાનો તિરસ્કાર થાય છે. એટલા માટે તમે ઉગ્રસેનના મહેલે આવીને રાજેમતીનું પાણિગ્રહણ કરો.

શ્રી કૃષ્ણનું કથન સાંભળીને, ભગવાને ઉત્તર આપ્યો—ભાઇ ! જ્યારે આપ ત્યાગનાં મહત્ત્વનો સ્વીકાર કરી ચૂક્યા છો ત્યારે આપનો આ જાતનો આગ્રહ ઠીક નથી. કાં તો આપ સાંસારિક માન-સન્માનને જ મોટું માનો અથવા સાંસારિક માનસન્માનનું બલિદાન આપો. મારી દૃષ્ટિએ તો સાંસારિક પદાર્થોના ત્યાગની સાથે જ સાંસારિક માન-સન્માન પણ ઉપેક્ષનીય છે. આ ઉપરાંત રાજેમતી સાથે લગ્ન ન કરવાથી, તમારા બધાનું અપમાન ત્યારે જ થાય કે જ્યારે હું રાજેમતી સાથે લગ્ન ન કરતાં બીજી કોઈ કન્યા સાથે લગ્ન કરું. પરંતુ મારા માટે તો રાજેમતી પ્રમુખ સમસ્ત સ્ત્રીઓ માતા સમાન છે. હું ઉગ્રસેન-કન્યા રાજેમતીનો તિરસ્કાર પણ નથી કરતો. એમ તો મારે મન, જગતનાં સઘળાં વિષયભોગનાં સાધનો તિરસ્કારને પાત્ર છે, પરન્તુ આત્મદૃષ્ટિએ, હું એક ન્હાનામાં ન્હાના પ્રાણીનો પણ તિરસ્કાર નથી કરી શકતો. સાંસારિક દૃષ્ટિએ પણ, હું રાજેમતીનો તિરસ્કાર નથી કરતો: અને તેમ કરવાનું કોઈ કારણ પણ

નથી. કારણ કે મેં શાસ્ત્રોને જોયાં પણ નથી, તેમ કોઈ પણ રાગ સાંભળ્યો પણ નથી. આવી દશામાં મારા તરફથી તે નિર્ણય કેમ કરી શકાય ?

બાપુશ્રી ! હું કોઈપણ સાંસારિક બંધનમાં પડવા નથી ઈચ્છતો પણ સમસ્ત સાંસારિક બંધનોથી મુક્ત થવા ઈચ્છું છું. જો હું બંધનમાં પડેલાં પશુપક્ષીઓને પણ બંધનમુક્ત કરીને, સ્વતંત્રતા આપવા ઈચ્છું છું, તો હું પોતે, સ્વતંત્રતા ગુમાવીને બંધનમાં કઈ રીતે પડી શકું ! જો કે આપ સૌ મારા પ્રત્યે સ્નેહ રાખો છો, પરંતુ મારી દૃષ્ટિમાં તો, કુટુંબ-પરિવાર વગેરે સૌ બંધનરૂપ જ છે. હું ઈચ્છું છું કે, જે પ્રકારે તે પશુ-પક્ષીઓ બંધનથી મુક્ત થતાં જ, આનંદપૂર્વક તેમની દૃષ્ટિએ સ્વતંત્ર વાતાવરણમાં વિચરવા માટે ચાલ્યા ગયા, તે જ પ્રકારે હું પણ, મુક્ત બનીને સ્વતંત્ર વાતાવરણમાં વિચરૂં. સંસારમાં પુનઃ પુનઃ જન્મ મરણ કરવા માટે, મારા આત્માને એવા બંધનમાં કદાપિ નાખવા નથી ઈચ્છતો, કે જે બંધનમાં પડીને, સતત્ આરંભ-સમારંભ આદિ પાપ કરવાં પડે છે. હું ઈચ્છું છું કે, હું પોતે આરંભ-સમારંભાદિ પાપથી બચું અને જગતના માણસોને પણ એ જ પાઠ શીખવું. એટલા માટે આપ મને રોકવાની પ્રવૃત્તિ ન કરો. હું આપને મારો દૃઢ નિશ્ચય સંભાળાવી દઉં છું કે, હું સંસારના કોઈ બંધનમાં નહિં રહું, પણ સંયમ સ્વીકારીને, અહિંસા, સત્ય, અસ્તેય વગેરે મહાવ્રતોનું પાલન કરીશ અને બીજા લોકોને પણ તેજ માર્ગ અપનાવવાનો ઉપદેશ આપીશ.

હે ભાઈ ! પ્રત્યેક પ્રાણીની સન્મુખ બે બાબતો રહે છે. એક પ્રેય, બીજી શ્રેય. જે ઇન્દ્રિયો અને મનને પ્રિય છે, જે તરફ ઇન્દ્રિયો અને મન સ્વાભાવિક રીતે જ પ્રવૃત્ત બને છે, જે તરફ ઇન્દ્રિયો અને મનનું આકર્ષણ થાય છે તે પ્રેય છે; અને જેનાથી ઇન્દ્રિયો અને મનની પ્રવૃત્તિઓનું પોષણ નથી થતું, પણ નિરોધ થાય છે, તે

શ્રેય છે. પ્રાણી સમક્ષ આ બન્નેય બાબતો હાજર રહે છે. તે બન્નેમાંથી જેને જે ગમે તે ગ્રહણ કરી શકે છે. જો કે ઇન્દ્રિયો અને મનનો ઝોક પ્રેય તરફ જ વળે છે, પણ પ્રેયને લેવું એ સંસારનાં જન્મમરણના ફેરા વધારવા જેવું છે. શ્રેયને ન લેતાં પ્રેયને લેવાથી, આ સંસારમાં વારંવાર જન્મમરણ કરવાં પડે છે, અને અનેક પ્રકારનાં સંયોગ-વિયોગનાં કષ્ટો સહન કરવાં પડે છે. તેથી ઉલટું, પ્રેયને છોડી શ્રેયને અપનાવવાથી, ઇન્દ્રિયો અને મનની વૃત્તિઓનું પોષણ તો નથી થતું. પણ તે સાથે જ, ઇન્દ્રિયો અને મનની વૃત્તિઓનાં પોષણથી ઉત્પન્ન થતાં દુઃખોથી પણ બચી જવાય છે, અને અક્ષય સુખ પ્રાપ્ત થાય છે. શ્રેયને અપનાવવાથી આત્મા, તે શાશ્વત અને સુખપ્રદસ્થાન પ્રાપ્ત કરે છે કે જ્યાં પહોંચી જવાથી, જન્મમરણનો ભય રહેતો નથી, તેમજ સંયોગવિયોગનું દુઃખ પણ ભોગવવું પડતું નથી; પછી તે જીવનમુક્ત બની જાય છે.

હે ભાઇ! પ્રેયને ત્યાગવાથી અને શ્રેયને અપનાવવાથી, આ જાતનો લાભ છે; છતાં પણ લોકો આ પ્રમાણે મોહમાં પડી રહ્યા છે કે, હાનિકર પ્રેયને માટે શ્રેયને ફગાવી દે છે; બલ્કે, પ્રેયના અભાવમાં પોતાનું જીવન જ નિરર્થક માને છે. પ્રેયની રક્ષાને માટે, શ્રેયનું ખૂન પણ કરે છે. હું, આવું કરનારા લોકો સન્મુખ, એ આદર્શ રાખવા ઇચ્છું છું કે, શ્રેયને માટે પ્રેયને ત્યજી દો અને શ્રેયને ન ભૂલો. પ્રેયમાં પડીને જન્મમરણનાં દુઃખો ન વધારો, પણ શ્રેયને અપનાવીને જીવન્મુક્ત બનો.

તોરણદ્વારે જતાં પાછા ફરતી વખતે, ભ૦ અરિષ્ટનેમિનું આકર્ષણ બે તરફથી થઈ રહ્યું હતું. એક તરફ તો શ્રીકૃષ્ણ પ્રમુખ સમસ્ત યાદવો, રાજેમતી વગેરે અથવા પ્રેમ કહો કે સાંસારિક વિષયભોગોનું આકર્ષણ હતું. અને બીજી તરફ પશુ-પક્ષી આદિ દુઃખી જીવોની કરુણા અથવા વિશ્વ [illegible] [illegible], ભગવાનને પોતાના તરફ ખેંચી

રહ્યો હતો. એક બાજુ, મોટા મોટા યાદવોનું બળ પ્રત્યક્ષ દેખાતું હતું અને બીજી બાજુ, દીન-દુઃખી જીવોની કરુણા, ભગવાનને પોતાની તરફ ખેંચવા માટે, યાદવોના મનને અસમર્થ બનાવવાની ચેષ્ટા કરી રહી હતી. એક તરફ યાદવો ભગવાનને કહી રહ્યા હતા કે, લગ્ન કર્યા સિવાય પાછા ફરવાથી અમારા સૌનું અપમાન થશે; અને બીજી તરફ દુઃખી જીવો, પોતાના અંતરાત્મા વડે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા હતા કે, જો આપ લગ્નની જાળમાં પડી જશો તો અમારું રક્ષણ કરનાર કોઈ રહેશે નહિ; અમને આપના તરફથી જ રક્ષણની આશા છે; જો આપ પણ અમને નિરાશ કરશો તો અમારા પર અત્યાર સુધીની જેમ અન્યાય થતો જ રહેશે.

આ પ્રમાણે બન્ને બાજુએથી પરસ્પર વિરોધી આકર્ષણ હતું. પરંતુ એક પ્રબળ હતું અને બીજું અપ્રબળ હતું. તોપણ અંતર્દ્વંદ્વ યાદવ, રાજેમતી અથવા વિષયભોગ અને અપમાનના ભયને પરાસ્ત થવું પડ્યું. ભ૦ અરિષ્ટનેમિ તેનાથી આકર્ષાયા નહિ, પણ દીન-દુઃખી જીવોની કરુણાએ અથવા વિષયભોગની વિરક્તિએ ભ૦ અરિષ્ટનેમિને પોતાના તરફ ખેંચી લીધા.

ભ૦ અરિષ્ટનેમિના ઉપદેશપૂર્ણ ઉત્તરે, સઘળા યાદવોને ચકિત કરી દીધા. યાદવો પર, ભગવાનના ઉત્તરનો અત્યધિક પ્રભાવ પડ્યો અને લગભગ એક હજાર યાદવો પર તો એવો પ્રભાવ પડ્યો કે, તેઓ પણ સંસારને બંધન સમજીને, તેથી વિરક્ત બનીને, ભ૦ અરિષ્ટનેમિને સાથ આપવા માટે તૈયાર થઈ ગયા. શ્રીકૃષ્ણ તથા દશે દશાર્હ વગેરે પણ, ભગવાનને રોકી રાખવા બાબતમાં હતોત્સાહ બની ગયા. તેઓ ભ૦ અરિષ્ટનેમિને બીજું કાંઈ પણ કહેવાનું સાહસ કરી શક્યા નહિ.

શ્રીકૃષ્ણાદિ યાદવો તો, ભ૦ અરિષ્ટનેમિને રોકવા માટે પ્રયત્નશીલ હતા, અને બીજી બાજુએ, ઉગ્રસેનના મહેલમાં રાજકુમારી

રાજેમતી મૂર્છિતાવસ્થામાં પડી હતી. અનેક પ્રયત્નોદ્વારા, મૂર્છા દૂર થતાં રાજેમતી કહેવા લાગીઃ– ધિક્કાર છે મારા જીવનને કે પ્રાણનાથ મને છોડીને ચાલ્યા ગયા! હે પ્રાણનાથ! હે હૃદયેશ્વર! આપ આ દાસીને છોડીને ન જાઓ. જો આપ અભાગિની રાજેમતીને છોડીને ચાલ્યા જશો તો તે કોઈ તરફની નહિં રહે

આ પ્રમાણે રાજેમતીને વિલાપ અને પ્રલાપ કરતી જોઈને, તેનાં માતાપિતા તેને સમજાવવા લાગ્યાં. તેઓ રાજેમતીને કહેવા લાગ્યાં:– પુત્રી રાજેમતી! તું આ શું બોલે છે! તને છોડીને કોણ ચાલ્યું જાય છે? જરા વિચાર તો ખરી કે, ભ૦ અરિષ્ટનેમિ જ્યારે જાન સજીને, (સજધજીને–લઈને) તારી સાથે લગ્ન કરવા માટે આવ્યા છે, તો તેઓ તારી સાથે લગ્ન કર્યા વગર કેમ પાછા જશે! જો જાન જોડીને આવ્યા છે તો તારી સાથે લગ્ન કરશે જ. જો લગ્ન કરવું ન હોત તો તે જાન લઈને તથા વરરાજા બનીને આવત જ કેમ! હવે રહી તેમના પાછા ફરવાની વાત. પણ તેનું તો કોઈ બીજું જ કારણ હશે. અને હજુ તેઓ પાછા વળ્યા જ ક્યાં છે? જો, તેઓ સામે જ ઉભા છે. કદાચ, અરિષ્ટનેમિ લગ્ન કર્યા વગર પાછા જવાનું ઈચ્છે, તો પણ શ્રીકૃષ્ણ આદિ યાદવો તેમને પાછા જવા કેમ દે? કદાચિત્ અરિષ્ટનેમિ, પોતાના સઘળા વડિલ યાદવોનો આગ્રહ ઠેલીને પાછા જાય, તો તેમાં આપણને શું નુકશાન છે? તેમાં તો તેમનો જ ઉપહાસ છે. છતાં પણ, અત્યારે આ જાતની આશંકા નિષ્કારણ છે. ભ૦ અરિષ્ટનેમિ પોતાના પિતા, કાકા, ભાઈ વગેરેનુ કહેવું ન માને તે સંભવિત નથી. એટલા માટે તું, અત્યારથી વિના કારણે અધીરી ન બન.

માતાપિતાને, પોતાની સામે આ પ્રકારે સમજાવતાં જોઈને, રાજેમતી કંઈક સંકોચ પામી. તે મુંગે મોઢે ઉભી થઈને, ઝરૂખા પાસે ચાલી ગઈ; અને સખીઓની સાથે, ત્યાંથી જાન તથા ભ૦ અરિષ્ટનેમિને જોવા લાગી. છતાં તેનાં હૃદયમાં ધીરજ ન હતી.

રહ્યો હતો. એક બાજુ, મોટા મોટા યાદવોનું બળ પ્રત્યક્ષ દેખાતું હતું અને બીજી બાજુ, દીન-દુઃખી જીવોનાં કરુણ ક્રન્દન ભગવાનને પોતા તરફ ખેંચવા માટે, વાડાના જીવોને અસમર્થ અવસ્થાની ચેષ્ટા કરી રહી હતી. એક તરફ યાદવો ભગવાનને કહી રહ્યા હતા કે, અમને સિવાય પાછા ફરવાથી અમારા સૌનું અપમાન થશે; અને બીજી તરફ દુઃખી જીવો, પોતાના અંતરાત્મા વડે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા હતા કે, જો આપ લગ્નના ચક્કરમાં પડી જશો તો અમારું રક્ષણ કરનાર કોઈ રહેશે નહિ; અમને આપના તરફથી જ રક્ષણની આશા છે; જો આપ પણ અમને નિરાશ કરશો તો અમારા પર અત્યાર સુધીની જેમ અન્યાય થતો જ રહેશે.

આ પ્રમાણે બને બાજુએથી પરસ્પર વિરોધી આકર્ષણ હતું પરંતુ એક પ્રબળ હતું અને બીજું અપ્રબળ હતું. તોપણ સમસ્ત યાદવ, રાજેમતી અથવા વિષયભોગ અને અપમાનના ભયને પરાસ્ત થવું પડયું. ભ૦ અરિષ્ટનેમિ તેનાથી આકર્ષાયા નહિ, પણ દીન-દુઃખી જીવોની કરુણાએ અથવા વિષયભોગની વિરક્તિએ ભ૦ અરિષ્ટનેમિને પોતાના તરફ ખેંચી લીધા.

ભ૦ અરિષ્ટનેમિના ઉપદેશપૂર્ણ ઉત્તરે, સઘળા યાદવોને ચકિત કરી દીધા. યાદવો પર, ભગવાનના ઉત્તરનો અત્યધિક પ્રભાવ પડયો અને લગભગ એક હજાર યાદવો પર તો એવો પ્રભાવ પડયો કે, તેઓ પણ સંસારને બંધન સમજીને, તેથી વિરક્ત બનીને, ભ૦ અરિષ્ટનેમિને સાથ આપવા માટે તૈયાર થઇ ગયા. શ્રીકૃષ્ણ તથા દશાર્હ વગેરે પણ, ભગવાનને રોકી રાખવા બાબતમાં હતોત્સાહ બની ગયા. તેઓ ભ૦ અરિષ્ટનેમિને બીજું કાંઇ પણ કહેવાનું સાહસ કરી શકયા નહિ.

શ્રીકૃષ્ણાદિ યાદવો તો, ભ૦ અરિષ્ટનેમિને રોકવા માટે પ્રયત્નશીલ હતા, અને બીજી બાજુએ, ઉગ્રસેનના મહેલમાં રાજકુમારી

રાજેમતી મૂર્છિતાવસ્થામાં પડી હતી. અનેક પ્રયત્નોદ્વારા, મૂર્છા દૂર થતાં રાજેમતી કહેવા લાગી:– ધિક્કાર છે મારા જીવનને કે પ્રાણનાથ મને છોડીને ચાલ્યા ગયા ! હે પ્રાણનાથ ! હે હૃદયેશ્વર ! આપ આ દાસીને છોડીને ન જાઓ. જો આપ અભાગિની રાજેમતીને છોડીને ચાલ્યા જશો તો તે કોઈ તરફની નહિં રહે

આ પ્રમાણે રાજેમતીને વિલાપ અને પ્રલાપ કરતી જોઈને, તેનાં માતાપિતા તેને સમજાવવા લાગ્યાં. તેઓ રાજેમતીને કહેવા લાગ્યાં:– પુત્રી રાજેમતી ! તું આ શું બકે છે ! તને છોડીને કોણ ચાલ્યું જાય છે ! જરા વિચાર તો ખરી કે, ભ૦ અરિષ્ટનેમિ જ્યારે જાન સજીને, (વધુચારીને–લઈને) તારી સાથે લગ્ન કરવા માટે આવ્યા છે, તો તેઓ આવ્યા છે તો તારી સાથે લગ્ન કર્યા વગર કેમ પાછા જશે ? જો જાન જોડીને તો તે જાન લઇને તથા વરરાજા બનીને આવત જ કેમ ? હવે રહી તેમના પાછા ફરવાની વાત. પણ તેનું તો કોઇ બીજું જ કારણ હશે. અને હજુ તેઓ પાછા વળ્યા જ ક્યાં છે ? જો, તેઓ સામે જ ઉભા છે. કદાચ, અરિષ્ટનેમિ લગ્ન કર્યા વગર પાછા જવાનું ઇચ્છે, તો પણ શ્રીકૃષ્ણ આદિ યાદવો તેમને પાછા જવા કેમ દે ? કદાચિત્ અરિષ્ટનેમિ, પોતાના સઘળા વડિલ યાદવોનો આગ્રહ ઠેલીને પાછા જાય, તો તેમાં આપણને શું નુકશાન છે ? તેમાં તો તેમનો જ ઉપહાસ છે. છતાં પણ, અત્યારે આ જાતની આશંકા નિષ્કારણ છે ભ૦ અરિષ્ટનેમિ પોતાના પિતા, કાકા, ભાઈ વગેરેનું કહેવું ન માને તે સંભવિત નથી. એટલા માટે તું, અત્યારથી વિના કારણે અધીરી ન બન.

માતાપિતાને, પોતાની સામે આ પ્રકારે સમજાવતાં જોઈને, રાજેમતી કાંઈક સંકોચ પામી. તે મુગે મોઢે ઉભી થઈને, ઝરૂખા તરફ ચાલી ગઈ; અને સખીઓની સાથે, ત્યાંથી જાન તથા ભ૦ અરિષ્ટનેમિને જોવા લાગી. છતાં તેના હૃદયમાં ધીરજ ન હતી.

અનિરુદ્ધની આશાઓ એવું કામમાં ઉત્તરાવત મયાદીશી હ... સખીઓ તેને ધીરજ આપવા માટે અને પ્રસન્ન ... પરંતુ તેનું કંઈ પરિણામ ન આવ્યું. સખીઓની ... મનીની બિના એ આશાઓ ન મટી, ...

શ્રીકૃષ્ણ પ્રમુખ યાદવો જ્યારે ભગવાનને પૈરાવેલ દેખીને ... ક્ષણવારને માટે એવી આશા થઈ જાતી કે, ભગવાન તોરણદ્વાર ... આવશે; પરન્તુ બીજી જ ક્ષણે આશંકાથી ઉત્પન્ન નિરાશા, તે આ... નષ્ટ કરી દેતી હતી. આશા અને નિરાશાનું, આ પ્રકારે ... સુધી યુદ્ધ ચાલતું રહ્યું. રાજેમતીના હૃદય પર ક્યારેક એકનું ... પલ થતું, તો ક્યારેક બીજાનું, પરંતુ અંતમાં આશાને પરાજ... પડ્યું અને નિરાશાનો વિજય થયો. રાજેમતીએ જોયું કે, ... ભગવાનની પાસેથી દૂર ખસવા લાગ્યા છે. તેઓ ભગવાનને ... અથવા તોરણદ્વાર તરફ લાવવામાં સમર્થ થઈ શક્યા નથી, ... ભગવાન જનનો સાથ છોડીને પાછા જઈ રહ્યા છે. એ જોઈને રાજેમતી ફરીથી એમ કહેતી થકી મૂર્છિત બનીને ઢળી પડી કે હાય! ... ભાગ્યમાં આવું જ લખાયું હતું? રાજેમતીની સખીઓ રાજેમતીને ફરીથી મૂર્છિત બનીને પડી જતી જોઈ બહુ જ ગભરાઈ અને ફરી તેની મૂર્છા દૂર કરવાનો પ્રયત્ન કરવા લાગી.

☆

૮

અસ્વીકૃતા રાજેમતી

પ્રેમીને, પોતાના પ્રેમપાત્રના વિયોગથી, અથવા પ્રેમપાત્ર મળવાની આશા ન રહેવાથી, જે મહાન દુઃખ થાય છે, તે તેને મૃત્યુથી પણ ભયંકર દુઃખ લાગે છે. તે મૃત્યુનું દુઃખ પ્રસન્નતાપૂર્વક સહન કરી શકે છે, તે દુઃખમાં પણ સુખ માની શકે છે, પરન્તુ પ્રેમાસ્પદના વિયોગનું દુઃખ, પ્રેમીને અસહ્ય થઈ પડે છે. આ દુઃખથી દુઃખિત થઈને જ, અનેક પ્રેમી પાગલ બની જાય છે અને આત્મ-હત્યા પણ કરી નાખે છે. પછી ભલે તે પ્રેમ ધનથી હો, જનથી હો કે બીજા કશાથી હો. આ નિયમ લગભગ બધી જગ્યાએ લાગુ પડે છે. બલ્કે, જે જેના પ્રત્યે જેટલો વધારે પ્રેમ કરે છે તેને તેના વિયોગ અથવા પ્રાપ્તિની નિરાશાથી, એટલું જ વધારે દુઃખ થાય છે.

રાજેમતી, ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યે પ્રેમ ધરાવતી હતી. તે ભગવાન અરિષ્ટનેમિની અનન્ય ઉપાસિકા બની ચૂકી હતી, છતાં ની આશાલતા પર પાણી ફરી વળ્યું હતું. ભ૦ અરિષ્ટનેમિ જાનની ાથે મોડ બાંધીને આવ્યા, પરંતુ તેઓ તોરણદ્વારથી થોડાક છેટા ીને જ, પાછા વળી ગયા. આ ઘટનાથી રાજેમતીના હૃદયને કેવું ખ થયું હશે તે આઘાતને તો કેવળ તે જ વ્યક્તિ જાણી શકે કે કે.૮ સ.ધે અત્યધિક પ્રેમ કર્યો હોય, તો પણ તે પ્રેમપાત્રથી ો વિયોગ થઈ ગયો હોય અથવા તેના મેળાપની આશા ન હોય.

માનીને લાવી હોય. પરન્તુ હું પૂછું તો આવ્યો જ ને! સિવાય મારા માટે બીજી ગતિ નથી. ભલે આપ મને આનંદ કરો રાખો, મારું સન્માન કરો, કે અપમાન કરો. ભલે મને આપની કે ન માનો; પરંતુ હું તો પહેલેથી જ આપની થઈ ચૂકી છું. મારી ઇજ્જતનોકા, ભલે આપ પાર પહોંચાડો કે ઊંડા જળ ડૂબાડો, તે આપને અધિકાર છે.

રાજેમતી, આ પ્રકારની વાતો કરી કરીને દુઃખ કરવા લાગી. તેની સખીઓ, તેને સમજાવવા માટે અનેક પ્રકારની વાતો કહે લાગી. તેને ધીરજ આપવા માટે, અનેક ઉપાય કરવા લાગી; પરં રાજેમતીને કોઈ પ્રકારનું ધૈર્ય ન થયું.

સખીઓના સમજાવવાથી, તે પોતાની એક સખીને લાગી:–સખી! હું એક તરફ વિચારું છું તો મને પ્રસન્નતા થ પણ બીજી તરફ જોઉં છું ત્યારે દુઃખ થાય છે. પ્રાણનાથે મને અર્પ્યું–મને સઘળી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ માની–આ વિચાર કરતાં તે પ્રસન્નતા ઉપજે છે. જગતમાં અનેક કન્યાઓ છે, છતાં ભગવાન, તે પ્રાપ્તિ માટે પણ આ રીતે જાન જોડીને ન ગયા. માત્ર મા માટે પધાર્યા. વાસુદેવ, સમુદ્રવિજય પ્રમુખ શ્રેષ્ઠ યાદવો અને ભગવાને, મને જ તે માટે યોગ્ય માની. તે સાથે જ ભગવાન, દુ જીવોની કરુણાથી પ્રેરિત બનીને, જગતમાં દયાનો–અહિંસાનો પ્ર કરવા માટે, દુઃખી જીવોને શરણ આપવા માટે, તથા જગતજીવ આત્મકલ્યાણને પથે વાળવા માટે અને પોતે પણ મોક્ષ પ્રાપ્ત કર માટે ગયા છે, તે પણ મારા માટે ગૌરવની વાત છે.

જ્યારે હું એમ [illegible] કે, ભગવા[illegible] તે જીવોની કરુણા
માટે જ મને [illegible] નથી
તે સમયે [illegible]

મનની ભાવના મનમાં જ રહી ગઈ. આ બધું કેમ થયું ! જગતાને મને કેમ ન અપનાવી ! મેં શો અપરાધ કર્યો હતો ! હે નાથ ! હે પ્રભો ! હે કરુણાસાગર ! આપે બંધનમાં પડેલાં તે પશુપક્ષીઓ ઉપર તો કરુણા કરી, અને હું-અભાગિનીને કરુણાથી કેમ વંચિત રાખી ! હે શ્યામ ! મારાં નેત્રો પૂરતી રીતે આપનું દર્શન પણ ન પામ્યાં. ાપે, આ દાસી પર દયા કરીને, દર્શન તો આપી જવા હતા ! હે વારે ! આપે મારો અપરાધ તો બતાવવો હતો ! શું હું આપના દર્શન રવા યોગ્ય ન હતી ! શું પાપિની રાજેમતીને આપ દર્શન દેવાનું ણ ઉચિત ન્હોતા સમજતા ! જો આપે જ મને અપનાવી નહિ, તો હવે સંસારમાં મારું કોણ રહ્યું ! જ્યારે મારી આશા પર જ વજ્ર પડ્યું ત્યારે હવે મારું જીવન શા કામનું ! અત્યારસુધી હું જે આશા -અંકુરને સીંચતી હતી તે, ફળ વખતે વૃક્ષ પર જ સંકટવૃષ્ટિ થઇ ગઇ. જો આપ મને અપનાવી લેવા ઇચ્છતા ન હતા તો, અને કદાચ આપની દૃષ્ટિમાં હું તેને યોગ્ય ન હતી તો, આપે મારી આશાએ વધવા જ કેમ દીધી ! જો મારી આશાઓ પહેલેથી જ વધવા પામ ન હોત તો આજે મારે આ સંતાપનું લક્ષ્ય બનવું જ ન પાત. નાથ ! હે હૃદય સર્વસ્વ ! મને આશા હતી કે, હું, મહારાજા સમુ વિજય તથા મહારાણી શિવાદેવીની પૂત્ર-વધૂ. શ્રીકૃષ્ણ વાસુદેવ ત રામ બલદેવની બંધુ-વધૂ અને યદુકુળભૂષણ ભ૦ અરિષ્ટનેમિની ધ પત્ની બનીશ; પણ મારી એ બધી આશાઓ પાણીના પરપોટા જેમ નષ્ટ થઇ ગઇ. આપ મને દૂરથી જ દર્શન આપીને ચા ગયા. જેમના સુંદર રીતિએ દર્શન કરવા હું ઉત્સુક હતી, હું જેમના ચરણ-કમળની દાસી બનાવી ચૂકી હતી, અને જેમની કરવા, હું ઉત્કંઠિત હતી, હે પ્રાણેશ ! તેઓ-આપ મને ઉપેક્ષાપૂ ત્યાગી ગયા ! મારી સાથે વાત પણ ન કરી ! મારા આ ઘર પણ ન આવ્યા ! મારા માટે કોઈ સદેશો પણ ન આપ્યો ! મને માર્ગ પણ ન બતાવ્યો ! હે જીવનાધાર ! આપે ભલે મને અપરા

છું કે, હું પોતે જેને સમર્પિત થઈ છું તેની બરોબરી કરનાર આજ સુધી સંસારમાં કોઇ થયું જ નથી. પશુપક્ષીઓની કરુણા વાસ્તે, યુવાવસ્થામાં, અને તે પણ બરોબર લગ્નને સમયે જ, લગ્ન ન કરતાં, આજ સુધીમાં કોણ સંસારથી વિરક્ત થયેલ છે? માત્ર ભ૦ અરિષ્ટનેમિ જ એવા નીકળ્યા છે. સખી! મને જ્યારે આ જાતનાં વિચારો થાય છે ત્યારે તો પ્રસન્નતા થાય છે, પરંતુ જ્યારે એ બાબતનું ધ્યાન થાય કે, ભગવાન મને વર્યા વિના તોરણદ્વાર પરથી જ કેમ ચાલ્યા ગયા, તે વખતે મને ઘણું જ દુઃખ થાય છે. ભગવાન મને વર્યા વિના જ ચાલ્યા ગયા, તે ધ્યાન થતાં, મારા હૃદયમાં ઘણું દુઃખ થાય છે. તે વખતે મને એવો વિચાર થાય છે કે, જો ભગવાન મને પરણ્યા હોત–મારૂં પાણિગ્રહણ કર્યું હોત અને પછી ગયા હોત તો શી હરકત હતી? હું સાંસારિક વિકારોની પૂર્તિ માટે તો ભગવાનની અર્ધાંગિની બનતી ન હતી; એટલા માટે ભગવાન મને પરણીને કહી શકતા હતા કે, હું સાંસારિક વિષયભોગો છોડીને, જગતમાં કરુણાનો પ્રચાર કરવા, ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ બતાવવા અને મુક્તિ રૂપી લક્ષ્મીને મેળવવા માટે જાઉં છું; જો ભગવાન મારી સાથે લગ્ન કરીને પછી જાત, તો શું હું તેમને રોકત? શું હું તેમના માટે મોક્ષમાં વિઘ્ન આપનાર નીવડત? જો નહિ, તો પછી ભગવાન મને પરણીને કેમ ન ગયા, એ બાબતનું મને અતિશય દુઃખ છે. હું સમજું છું કે, ભગવાને મને જાણી તો ખરી, અને એટલે જ તેમણે મને ગૌરવાન્વિત કરી, પરન્તુ પૂરી રીતે ન જાણી; એટલેજ તેઓ એવા વિચારથી મને ન પરણ્યા કે, લગ્ન પછી તે મારા મોક્ષપથમાં વિઘ્નરૂપ બની જશે. જો આ જ વિચારથી ભગવાન મને પરણ્યા વિના ગયા હોય, તો હું એ જ કહીશ કે, તેમણે મને સંપૂર્ણ રીતે ઓળખી નહિં. હું ક્ષત્રિય કન્યા. છું ક્ષત્રિય કન્યા, પોતાના–પતિને–જો તે યુદ્ધથી ભય પામતો હોય તો નમ્રતાપૂર્વક છતાં. મર્મભર્યાં વચનો વડે યુદ્ધ-સન્મુખ કરે છે અને યુદ્ધને માટે પતિને પોતાના હાથે સુસજ્જિત કરીને, રણસંગ્રામમાં

છું કે, હું પોતે જેને સમર્પિત થઈ છું તેની બરોબરી કરનાર આજ
સુધી સંસારમાં કોઇ થયું જ નથી. પશુપક્ષીયોની કરુણા વાસ્તે,
સુવાવસ્થામાં, અને તે પણ બરોબર લગ્નને સમયે જ, લગ્ન ન કરતાં,
આજ સુધીમાં કોણ સંસારથી વિરક્ત થયેલ છે? માત્ર ભ૦ આરિષ્ટ-
નેમિ જ એવા નીકળ્યા છે. સખી! મને જ્યારે આ જાતનાં વિચારો થાય
છે ત્યારે તો પ્રસન્નતા થાય છે, પરંતુ જ્યારે એ બાબતનું ધ્યાન
થાય કે, ભગવાન મને વર્યા વિના તોરણદ્વાર પરથી જ કેમ ચાલ્યા
ગયા, તે વખતે મને ઘણું જ દુઃખ થાય છે. ભગવાન મને વર્યા વિના જ
ચાલ્યા ગયા, તે ધ્યાન થતાં, મારા હૃદયમાં ઘણું દુઃખ થાય છે.
તે વખતે મને એવો વિચાર થાય છે કે, જો ભગવાન મને પરણ્યા
હોત-મારું પાણિગ્રહણ કર્યું હોત અને પછી ગયા હોત તો શી
હરકત હતી? હું સાંસારિક વિકારોની પૂર્તિ માટે તો ભગવાનની અર્ધાં-
ગિની બનતી ન હતી; એટલા માટે ભગવાન મને પરણીને કહી શકતા
હતા કે, હું સાંસારિક વિષયભોગો છોડીને, જગતમાં કરુણાનો પ્રચાર
કરવા, ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ બતાવવા અને મુક્તિ રૂપી
લક્ષ્મીને મેળવવા માટે જાઉં છું; જો ભગવાન મારી સાથે લગ્ન
કરીને પછી જાત, તો શું-હું તેમને રોકત? શું હું તેમના માટે
મોક્ષમાં વિઘ્ન આપનાર નીવડત? જો નહિ, તો પછી ભગવાન મને
પરણીને કેમ ન ગયા, એ બાબતનું મને અતિશય દુઃખ છે. હું સમજું
છું કે, ભગવાને મને જાણી તો ખરી, અને એટલે જ તેમણે મને
ગૌરવાન્વિત કરી, પરન્તુ પૂરી રીતે ન જાણી; એટલેજ તેઓ એવા
વિચારથી મને ન પરણ્યા કે, લગ્ન પછી તે મારા મોક્ષપથમાં વિઘ્નરૂપ
બનો જશે જો આ જ વિચારથી ભગવાન મને પરણ્યા વિના ગયા હોય,
તો હું એ જ કહીશ કે, તેમણે મને સંપૂર્ણ રીતે ઓળખી નહિં. હું
ક્ષત્રિય કન્યા, છું ક્ષત્રિય કન્યા, પોતાના-પતિને-જો તે યુદ્ધથી ભય પામતો
હોય તો નમ્રતાપૂર્વક છતાં, મર્મભર્યા વચનો વડે યુદ્ધ-સન્મુખ કરે છે
અને યુદ્ધને માટે પતિને પોતાના હાથે સુસજ્જિત કરીને, રણસંગ્રામમાં

૯

પરિવર્તન

સજ્જન મનુષ્યોનો એ સહજ સ્વભાવ હોય છે કે, તેઓ બીજાના લાભમાં પોતાનો લાભ, અને બીજાની હાનિમાં પોતાની હાનિ માને છે. તેઓ બીજાઓનું હિત જાણીને પ્રસન્ન થાય છે અને બીજાઓનું અહિત જાણીને દુઃખી થાય છે. બીજાના હિતાહિતને તેઓ પોતાનુંજ હિતાહિત માને છે. બલ્કે, પોતાના હિતાહિતથી તેઓ પ્રસન્ન કે દુઃખી નથી થતા, પરંતુ બીજાઓનું અહિત જોઈ-સાંભળીને દુઃખી અને બીજાઓનું હિત અથવા બીજાઓને સુખી જોઈને, પ્રસન્ન થવાનો તેમનો સ્વભાવ જ હોય છે. બીજા કોઈને દુઃખી અથવા તેનું અહિત થતું જોઈને, તેઓ એવી ભાવના પણ નથી લાવતા કે હવે આ વખતે મારે મારો અમુક સ્વાર્થ સાધી લેવો જોઈએ. તેઓ, બીજાના હિતને અર્થે પોતાનો સ્વાર્થ સુદ્ધાં છોડી દે છે; તો પછી બીજાના અહિતથી પોતાનો સ્વાર્થ સાધવાની વાત તો અલગ જ રહી. તેથી ઉલટું, દુર્જનોનો સ્વભાવ સજ્જનોના સ્વભાવથી સર્વથા વિપરીત હોય છે. તેઓ બીજાઓના લાભમાં પોતાની હાનિ અને બીજાઓની હાનિમાં પોતાનો લાભ માને છે. બીજાઓને સુખમાં જોઈને દુઃખી થાય છે અને બીજાઓને દુઃખી દેખીને પ્રસન્ન થાય છે. કોઈને વિપત્તિમાં આવેલા જોઈને, સજ્જન માણસો તો તેઓને સહાય કરે છે, તેની વિપત્તિ ટાળવાનો પ્રયત્ન કરે છે, પરંતુ દુર્જન માણસો બીજાઓની તે વિપત્તિને પોતાનો સ્વાર્થપૂર્તિનું એક સાધન માને છે અને સમજે છે કે, અમારું કાર્ય સિદ્ધ થવા માટે જ તેના પર એવી વિપત્તિ આવી

તેથી બીજા બધા યાદવોને તો ખેદ થયો પરંતુ રથનેમિને આનંદ થયો. તેમને ઉત્પન્ન થયેલી પરિસ્થિતિનો અનુચિત લાભ લેવાની લાલચ થઈ. તે વિચારવા લાગ્યા કે, રાજેમતી જેવી ઉત્કૃષ્ટ રમણીને છોડીને મારા ભાઇ ચાલ્યા ગયા, તેથી એમ લાગે છે કે તેઓ સ્ત્રીઓના પરીક્ષક નથી અને શૃંગારરસના રસીક પણ નથી. નહિંતો રાજમતી સાથે લગ્ન કર્યા વગર જ કેમ પાછા ફરે ! જો તેમને દીક્ષા લેવી હતી તો રાજેમતી સાથે લગ્ન કરીને, સુખ ભોગવ્યા પછી જ દીક્ષા લેવી હતી ! સંસારના આ આનંદને તરછોડીને તથા રાજેમતીને નહિં પરણીને, ભાઇએ બહુજ મોટી ભૂલ કરી છે. ઉગ્રસેનપુત્રી રાજેમતીને મેં જોઈ છે. તે સોળે કળાએ સંપૂર્ણ સૌંદર્યવાન સ્ત્રી છે. મેં તો રાજેમતીના રૂપની બરોબરી કરનાર બીજી કોઈ સુંદર સ્ત્રી આજ સુધીમાં જોઇ નથી. એવી સુકુમારી અને નવયૌવના રાજેમતીને ત્યાગી દેવાની ભૂલ, જો કોઈ કરી શકે તો માત્ર તે જ કરી શકે, કે જે સ્ત્રીરત્નનો પરીક્ષક ન હોય. હું તો તેને જોઇને આશ્ચર્યચકિત જ બની ગયો છું. મારૂં મન મારા કાબુમાં રહ્યું ન હતું, પરન્તુ ભાઈની સાથે તેનો વિવાહ થઈ રહ્યો હતો એટલા માટે હું વિવશ હતો. પરંતુ ભાઇ તો રાજેમતીને છોડી ચાલ્યા ગયા. હવે રાજેમતી શું કરશે ! ભાઈની સાથે તેનો વિવાહ તો થયો નથી, તે તો હજુ કુમારી જ છે; એટલે અવશ્ય તેનો વિવાહ કોઈ બીજા સાથે થશે જ. હવે જો તેનો વિવાહ કોઈ બીજા સાથે થવાનો જ છે, તો પછી હું જ તેની સાથે વિવાહ કેમ ન કરું ! એવું ઉત્કૃષ્ટ કન્યારત્ન કોઈ બીજાના હાથમાં જવા દેવાને બદલે, અને જે કન્યા યદુકુળની વધૂ બનનારી હતી તેને કોઈ બીજાની વધૂ બનવા દેવાને બદલે, તેની સાથે મારે મારો વિવાહ કરી લેવો એ કોઇ રીતે અનુચિત ગણાશે નહિં. હું માનુ છું ત્યાંસુધી રાજેમતી પ્રસન્નતાપૂર્વક મને તેનો પતિ બનાવવા નો સ્વીકાર કરશે. એટલા માટે મારે આ વિષે પ્રયત્નશીલ બનવું જોઇએ.

આ પ્રમાણે વિચાર કરી રથનેમિએ રાજેમતી પાસે પોતાના

. બ્રહ્મચર્યપૂર્ણ જીવન વ્યતિત કરવાની શક્તિ ન હોય તો તે સ્થિતિમાં લગ્ન કરવું એ જુદી વાત છે, પરન્તુ આ શક્તિ હોવા છતાં પણ, કેવળ તે કારણોથી લગ્ન કરવું એ કદી ઉચિત થતું નથી. હું મારામાં પૂર્ણ બ્રહ્મચર્ય-પાલનની શક્તિ સમજુ છું, એટલે લગ્ન કરવું એ જરૂરી માનતો નથી. જ્યારે હું મારામાં એવી શક્તિ નથી એમ માનીશ ત્યારે મારા માટે લગ્ન કરવા સિવાય કોઈ માર્ગ રહેશે નહિ; પરંતુ આ વખતે હું મારા માટે લગ્ન કરવાનો અવસર માનતો નથી. એટલા માટે હું આપને વિનંતી કરું છું કે, આપ મને બ્રહ્મચર્ય પાળવા માટે પ્રોત્સાહિત કરતા રહેશો, લગ્ન કરવાનો આગ્રહ આપ ન કરો.

ભગવાનનો ઉત્તર સાંભળીને, તેમના માતા પિતા ફરીથી કહેવા લાગ્યા કે, પ્રિય પુત્ર! જ્યારે તમે ગર્ભમાં હતા, તે સમયે ચૌદ મહા-સ્વપ્ન અને તમારો જન્મ કલ્યાણક મહોત્સવ દેખીને, અમે એ જાણી ચૂક્યા છીએ કે, તમે ચરમ શરીરી તીર્થંકર છો. તમારા આધારે, જગતના અસંખ્ય જીવો, જન્મ-મરણથી મુક્તિ અપાવનાર એવા ધર્મના માર્ગે ચડશે, એટલા માટે તમારામાં બ્રહ્મચર્ય પાલવાની હિંમત હોય તેમાં કોઈ પ્રકારનો સંદેહ નથી, તેમ અમે બ્રહ્મચર્ય-પૂર્ણ જીવનને અનુચિત પણ સમજતા નથી, પરન્તુ તમારા પહેલાં જેટલા તીર્થંકરો થયા છે, તેઓએ પણ તમારી માફક બ્રહ્મચર્યપાલનની હિંમત હોવા છતાં, લગ્ન કર્યું હતું અને સાંસારિક ભોગોપભોગો ભોગવ્યા હતા, તો પછી તમે લગ્ન કરો તેમાં શું કાંઈ ખરાબ થાય છે? કદાચ તમારી દૃષ્ટિએ લગ્ન કરવું જરૂરી ન હોય, તો પણ તમારે તે કાર્ય કરવું ઉચિત છે, જેમાં અમને આનંદ થાય.

સ્વાભાવિક આનંદ સાથે ભગવાન અરિષ્ટનેમિ, માત-પિતાની વાત સાંભળી રહ્યા હતા અને વિચારી રહ્યા હતા કે, મારા ઉત્તર-પ્રત્યુત્તરથી માતા-પિતાને કદી સંતોષ થશે નહિ. તેમની દૃષ્ટિએ,

સેંકડો પુરુષો તમને મેળવવા માટે ઇંતેજાર છે. બીજાઓ તો [illegible] રહ્યા, પણ અરિષ્ટનેમિના નાના ભાઇ રથનેમિ જ તમારી સાથે [illegible] કરવા ઇચ્છા રાખે છે. તેઓ અરિષ્ટનેમિની અપેક્ષાએ સુંદર [illegible] છે અને યુવક પણ છે. અરિષ્ટનેમિ શ્યામ વર્ણના છે પરન્તુ [illegible]નેમિ ગૌરવર્ણના છે. રથનેમિની ઉંમર પણ અરિષ્ટનેમિની ઉંમર [illegible]તાં ઓછી છે. આ પ્રમાણે અરિષ્ટનેમિના મુકાબલે, રથનેમિ સર્વ [illegible]કારે યોગ્ય વર છે. તેમણે મારી મારફત તમારી પાસે વિવાહનો પ્રસ્તાવ પણ મોકલ્યો છે. હું તમને સલાહ આપું છું કે, તમે રથનેમિના વિવાહપ્રસ્તાવનો સ્વીકાર કરી લ્યો અને આ રીતે શરીરને ક્ષીણ ન કરો.

દુતીની વાત સાંભળીને, રાજેમતીના શરીરમાં સનસનાટી વ્યાપી ગઈ. તે વિચારવા લાગી કે શું રથનેમિ, પોતાના ભાઈએ ત્યજેલી સ્ત્રી સાથે લગ્ન કરવા તૈયાર છે! શું તેમનું આટલું બધું અધઃપતન છે! તેમને એ વિચાર પણ ન થયો કે, તે સ્ત્રી હોવા છતાં પણ મારા ભાઈના સંબંધનો આટલો વિચાર કરે છે અને હું પુરુષ છતાં, [illegible]તાના ભાઇના સંબંધનો વિચાર નથી કરતો! રથનેમિ કુલીન છે, [illegible] અરિષ્ટનેમિના નાના ભાઈ છે, એટલે મારે જે કાંઇ જવાબ આપવો છે તે તેમને પોતાને જ કેમ ન આપું? આ દૂતીને કોઈ [illegible]તનો જવાબ આપવાથી શો લાભ? તેઓ પોતે જ્યારે મારા સન્મુખ હશે અને હું, યુક્તિપૂર્વક તેમના પ્રસ્તાવનો અસ્વીકાર કરીશ ત્યારે સંભવ છે કે તેમનું હૃદય હંમેશને માટે શુદ્ધ બની જશે.

આ પ્રમાણે વિચાર કરીને, રાજેમતીએ તે દૂતીને કહ્યું:—રથને[illegible] તેમણે ન કહેલ. વિવાહ પ્રસ્તાવનો [illegible] હશે પરન્તુ હું તેમને [illegible] એટલે તમે [illegible] પણ રથનેમિ [illegible] જવાબ લઇ [illegible] તેઓ પોતે જ આવીને તેમના પ્રસ્તાવનો જવાબ લઇ [illegible] સાથે [illegible]

[illegible]

[illegible] મંગાવ્યો હશે કે આપ તેની ઇચ્છા પૂરી કરો છો કે નહિ! એટલે આપ કોઈ ઉત્તમ પદાર્થ લાવી, રાજેમતીને [illegible] છે કે તે આપને સ્ત્રીને જ પતિ તરીકે સ્વીકારી લેશે.

દૂતી મારફત રાજેમતીનો જવાબ સાંભળીને, રથનેમિ બહુ જ પ્રસન્ન થયા. તેઓ પોતાના મનમાં અનેક પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા અને તે કલ્પનાઓમાં જ આનંદ માનવા લાગ્યા. તેમનું મન રાજેમતીને લઈ જવા માટે અને રાજેમતીદ્વારા પોતાના પ્રસ્તાવની સ્વીકૃતિ સાંભળવા માટે ઉત્સુક બની ગયું.

રથનેમિ, પોતાના શરીર પર સારાં સારાં વસ્ત્રાભરણ સજીને રાજેમતીને ત્યાં ચાલ્યા. તેમની સાથે એક નોકરને, રત્નજડિત કટ જૂંથાળમાં એક પ્યાલામાં કોઈ પેય પદાર્થ રખાવીને અને તેના ઉપર કીંમતી તથા સુંદર વસ્ત્ર ઢાંકીને, સાથ ચાલ્યા. ભારે ઉમંગપૂર્વક રથનેમિ રાજેમતીના મહેલે ગયા.

રાજેમતીએ રથનેમિનો સત્કાર કર્યો. તે તેમને કહેવા લાગી કે- ખરેખર, તમે બધી રીતે સુંદર છો, દૂતી યથાર્થ કહેતી હતી. જ્યારથી

પાસે દૂતી મારફત તમારો વિવાહ-પ્રસ્તાવ આવ્યો, ત્યારથી હું
ી રાહ જોતી હતી. આનંદની બીના છે કે, આપે મારા માટે
પધારવાનું કષ્ટ ઉઠાવ્યું.

રાજેમતીની વાત સાંભળીને, રથનેમિના હૃદયમાં આનંદની
ઢેરો ઉછળી રહી હતી. તેઓ પોતાના મનમાં ખૂબજ ફૂલાતા હતા;
ને વિચારતા હતા કે, સારૂં થયું જે રાજેમતી સાથે ભાઈનો વિવાહ
ા થયો અને તેઓ તોરણદ્વારથી જ પાછા વળી ગયા! જણાય છે
કે, આ સૌંદર્યની પ્રતિમા મારા જ ભાગ્યમાં હતી, આથી જ ભાઈએ
તેની સાથે લગ્ન ન કર્યું; નહિ તો આ ત્રિલોકસુંદરી મને કેમ પ્રાપ્ત
થાત!

રાજેમતીની વાત પૂરી થતાં, રથનેમિ કહેવા લાગ્યા—રાજકુમારી!
મેં તમારા સૌંદર્યની અને તમારી ચાતુરીની જે પ્રશંસા સાંભળી
હતી તે બીલકુલ સાચી જ નીકળી, એ જાણીને મને ખૂબ જ આનંદ
થાય છે. સાચે જ તમે સંસારમાં અદ્વિતીય સુંદરી છો. મેં જ્યારથી
તમારા સૌંદર્યની પ્રશંસા સાંભળી અને તમને જોયાં ત્યારથી જ મારા
હૃદયમાં તમારી સાથે લગ્ન કરવાની ઇચ્છા થઇ ગઈ હતી, પરન્તુ
વચમાં મારા ભાઈનો સંબંધ તમારી સાથે જોડાઇ ગયો હતો, એથી
મારે મારી ઇચ્છા દબાવી દેવી પડી હતી પરન્તુ જેની જેના સાથે
સાચી લગની હોય છે તે તેને મળી જ રહે છે. કદાચ આ બાબત
સાચી ઠરાવવા માટે જ, મારા ભાઇ, તમારી સાથે લગ્ન કર્યા વગર જ પાછા
ફર્યા હોય, અને મને આ સૌભાગ્યનો સુઅવસર પ્રાપ્ત થયો હોય, જો કે
મને વિશ્વાસ છે કે, તમે મારો પ્રસ્તાવ સ્વીકારશો જ, છતાં હું તમારા
મુખથી તેની સ્વીકૃતિ સાંભળવા ઉત્સુક છું.

રથનેમિની વાત સાંભળીને, રાજેમતી પોતાના હૃદયમાં વિચાર
કરતી હતી કે 'હાય, સંસારમાં પુરુષોનું આટલું પતન છે મા૦, ૨૫–

[illegible]

[illegible] રથનેમિને કહ્યું—તે [illegible] માટે તો આપને [illegible] જ છે. [illegible] તે [illegible] એમ પણ કહ્યું હતું કે [illegible] પ્રિયમાં [illegible] વાળા છો !

રથનેમિ—હા, હા, હું તમારી આ સૌથી પહેલી અને ઉલ્લંઘન કેમ કરી શકું! તમે, મારા પ્રેમની પરીક્ષા કરવા માટે જ તુચ્છ વસ્તુ જ મંગાવી, પરંતુ જો તમે કોઈ મોટામાં મોટી ચીજ પણ મંગાવી હોત તો હું તે પણ લાવવાનો પ્રયત્ન કરત; અને તે સિવાય કદાચ તમે મારો પ્રાણ માગત તો પણ હું તે તમને અર્પણ કરવા માટે જરા પણ સંકોચ પામત નહિ.

એમ કહીને રથનેમિએ સેવક પાસેથી થાળ લઈ લીધો અને તેના ઉપરનું કપડું દૂર કરીને, તેમાં ગર્ભિત પેય પદાર્થનો પ્યાલો રાજેમતીની સામે ધરી રાખ્યો ઉત્તેજિત થઈને રાજેમતીએ થાળમાંથી પેય પદાર્થનો પ્યાલો લઈ લીધો. તેણે વિચાર્યું કે આ વખતે રથનેમિ અત્યધિક મોહમસ્ત છે તે મોહની સીડીના ઉંચા સાડી પર પહોંચી ચૂકેલ છે. આ વખતે, જો તેમને મોહની તે સીડીથી ઉતારીને ઉપદેશ

પાય તો ઘણો જ સારો પ્રભાવ પડશે. જેઓ એક તરફ જેટલે ચેથી પડે છે તેઓ બીજી તરફ તેટલા જ ઉંચે ચડે છે, એ નિયમ જ છે.

આ પ્રમાણે વિચાર કરી, રાજેમતી રથનેમિનો લાવેલો પદાર્થ પી ગઈ, અને તે ઉપર પોતાની પાસે રાખેલી એવી ઔષધિ ખાઈ ગઈ, કે જેમાં તત્કાળ વમન કરાવવાનો ગુણ હતો. રાજેમતીને, પોતાના લાવેલા પેય પદાર્થને પી જતી જોઈને રથનેમિનો આનંદ વિશેષ વૃદ્ધિ પામ્યો. તેઓ વિચારતા હતા કે, મારો પ્રસ્તાવ રાજેમતીએ માની લીધો છે. મારી લાવેલી ભેટને સ્વીકારવી, બલ્કે તરત જ પી જવી, તે મારો પ્રસ્તાવ માનવાનું પ્રમાણ છે. પરંતુ રાજેમતીએ, આ પેય પદાર્થ કયા ભાવો વ્યક્ત કરવા માટે મંગાવીને પીધો છે ? કદાચ તે એમ બતાવતી હોય કે, જેવી રીતે હું આપના આ પદાર્થને મારામાં સ્થાન આપું છું તેવી જ રીતે આપને પણ મારા હૃદયમાં સ્થાન આપું છું.

રથનેમિ, આવી જાતની કલ્પનાઓ કરતાં, પોતાના હૃદયમાં હર્ષ પામતા હતા. તેમનું અનુમાન હતું કે, હવે રાજેમતીના મોઢે એ જ શબ્દો નીકળનાર છે, કે–'મેં આપનો પ્રસ્તાવ એ રીતે મંજુર કર્યો છે કે, જે રીતે મેં આપના લાવેલા પેય પદાર્થનો સ્વીકાર કરી લીધો છે.' પરન્તુ ક્ષણવાર પછી જ, તેમની આ આશા માટીમાં મળી ગઈ. તેમણે જોયું કે, રાજેમતીના મુખથી, સ્વીકૃતિ શબ્દ નીકળવાને બદલે, રથનેમિનો લાવેલો તે જ પેય પદાર્થ બહાર નીકળી રહ્યો છે, જે રાજેમતીએ ક્ષણ પહેલાં પીધો હતો; અને તે વમનને રાજેમતી, તે જ પ્યાલામાં લેતી હતી કે જે પ્યાલામાં રથનેમિ તે પેય પદાર્થ લાવ્યા હતા. આ જોતાં જ રથનેમિ કંપવા લાગ્યા. તેઓ આ દૃશ્યની બાબતમાં કોઈ પણ નિશ્ચય ન કરી શક્યા. તેમને એવી આશંકા થઈ એક ઘન રહ્યો હતો કે, કદાચ મારા લાવેલા આ પેય પદાર્થમાં કોઈ દૂષણ તો ન હતું કે જેથી રાજકુમારીને વમન થયું ! તેઓ. આ પ્રમાણે વિચારી

[illegible]

રીતે અપમાન કરો છો ? શું તમે મને [illegible] સમજો છો ! કે જે તમે કોઈના વમનની વસ્તુ મને [illegible]

રથનેમિની ક્રોધની વાતો સાંભળીને, રાજેમતીએ, તેને કહ્યું- રથનેમિને [illegible] આપવાનો સુપ્રબંધ માન્યો. [illegible] ક્રોધાયમાન ન થાવ, ધીરજ રાખો. આ તો હું તમારા પ્રેમની પરીક્ષા કરું છું. હું જાણવા ઇચ્છું છું કે, તમે ખરેખર મારી સાથે વિવાહ કરવા માગો છો કે માત્ર એમજ કહો છો !

રથનેમિ-શું તેની પરીક્ષાનું આ સાધન હતું !

રાજેમતી—હા.

રથનેમિ—વાહ ! પરીક્ષાનો ખરો સારો ઉપાય શોધ્યો ! જગતમાં શું બીજો કોઈ ઉપાય જ નહોતો !

રાજેમતી—આ ઉપાય સિવાય આપના પ્રેમની પરીક્ષા થઈ શકતી જ ન હતી. જો તમે આ પ્યાલામાંનો પદાર્થ પી ગયા હોત, તો હું સમજત કે, તમે મને અપનાવી શકશો.

રથનેમિ—શું હું વમેલો પદાર્થ પી જાઉં !

રાજેમતી—વમેલો પદાર્થ છે તો શું થયું ! હું તો એ જ [illegible]

તમે લાવ્યા છો, અને જે આપને વિશેષ પ્રિય છે. તેના રંગ,
સ્વાદમાં પણ કાંઈ તફાવત પડ્યો નથી; કારણ કે એ તો
મારા પેટ સુધી જ ગયો હતો. અને એ જ રીતે બહાર નીકળી
છે.

રથનેમિ—તો પછી શું થયું ! છે તો વમન કરેલો જ ને ?

રાજેમતી—છતાં જે મારી સાથે વિવાહ કરી શકે છે તેના માટે
વમન કરેલો પદાર્થ પીવો એ કોઈ મુશ્કેલ કામ તો નથી.

રથનેમિ—કેમ ?

રાજેમતી—એટલા માટે કે, જે રીતે આ પદાર્થ મારા વડે
વમન કરાવેલો છે–ત્યજાએલો છે–તે જ રીતે હું પણ, આપના મોટા
ભાઈદ્વારા ત્યજાયેલી છું. તમે, મારા સાથે ખૂબ પ્રેમ કરો છો, એટલા
માટે મને બીજાએ ત્યાગેલી છતાં પણ તમે અપનાવી લેવા તૈયાર
છો, તો પછી આ પદાર્થે શો અપરાધ કર્યો છે કે જેને તમે નથી
અપનાવતા ! આ પણ તમને તો ખૂબ જ પ્રિય છે ને ? આ સિવાય
આ પદાર્થ કોઈ બીજા દ્વારા ત્યજાયેલો પણ નથી, પરન્તુ એવી
વ્યક્તિ દ્વારા ત્યજાયેલો છે, કે જેના પર તમે મુગ્ધ બન્યા
છો. તે પીવામાં તો તમે તમારું અપમાન માનો છો. અને
મને અપનાવવામાં–મારી સાથે વિવાહ કરવામાં તમારું અપમાન નથી
તા, તેનું કારણ શું ? જેવી રીતે ત્યજાયેલી હોવા છતાં પણ
ી રૂપ–લાવણ્યમાં કોઈ ખરાબી નથી આવી, તેવી જ રીતે ત્યજા·
તો છતાં આ પદાર્થના રંગ, રૂપમાં પણ કોઈ ખરાબી આવી નથી.
ર્યાં તે પીનારને તો કૌઆ યા કુતરા સમાન માનો છો અને મને
અપનાવવામાં આ વિચાર કેમ નથી થતો !

રાજેમતીની યુક્તિપૂર્ણ વાત સાંભળીને, રથનેમિ ખૂબ લજ્જિત
બન્યા. લજ્જાના ભારથી તેમની ગરદન નમી પડી રથનેમિને આ પ્રમાણે
લજ્જિત દેખીને, રાજેમતીએ વિચાર કર્યો કે રથનેમિ આખરે, છે

[illegible]

રાજેમતી રથનેમિને કહે છે કે મારી [illegible] સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ કરવામાં તમારે કોઈક [illegible] કરવો જોઈતો હતો. હું આપના વડિલ ભાઈની પત્નિરૂપ છું છતાં પણ તમે બેદરકાર મારી સાથે વિવાહ કરવા તૈયાર થઈ [illegible] તમને તમારા મોટા ભાઈના સન્માનનો જરા પણ ખ્યાલ ન [illegible] જાણે, તમારા મોટાભાઈ મને ત્યજીને ચાલ્યા ગયા તેમાં તમે [illegible] સૌભાગ્ય માન્યું! થોડોક વિચાર તો કરો. તમારા આ વિચારો ઉન્નતિના માર્ગે લઈ જશે કે અવનતિના માર્ગે! તેનો [illegible] તો કરો.

રથનેમિ શરમના માર્યા જાણે પૃથ્વીતળમાં જઈ રહ્યા હોય એમ જણાતું હતું. તેઓ વિચારતા હતા કે, મેં આ શું કર્યું! [illegible] રાજેમતીનું કથન બરાબર છે. એક સ્ત્રીને માટે હું મારા [illegible] સંબંધ પણ ભૂલી ગયો! ધિક્કાર છે મને!

સ્ત્રીઓ તો, આવી જાતના કાયદાઓની માગણીની ભાવનાને, હૃદ
સ્થાન આપવામાં પાપ સમજે છે; અને જે સ્ત્રીઓ તરફથી આ પ્ર
રની માગણી થઈ છે તેમાંની પણ ઘણી સ્ત્રીઓ હવે એમ ...
લાગી છે કે આ પ્રકારના કાયદાઓનું પરિણામ કેવું ખરાબ આ
તથા ભારતીય સંસ્કૃતિનો નાશ કરવાથી કેવું નુકસાન થાય છે!
દેશોમાં વિવાહ-વિચ્છેદ (છૂટા છેડા)નો કાયદો પ્રચલિત છે તે દેશ
પતિ-પત્ની આજે દાંપત્ય-જીવન વિષયમાં કેવાં દુઃખી થઈ રહ્યાં છે
ત્યાં દુરાચારનું કેવું તાંડવ થાય છે તે કહી શકાય તેમ નથી મા
ઇંગ્લેડમાં અને તે પણ ઘરનાં ઝઘડાઓને કારણે દર વર્ષે ૧૫ હજાર
પત્નીઓ, પોતાના પતિઓને છોડી દે છે અને ૩૫૦૦ પતિ, પત્નીને
મુકરર કરેલ એલાઉન્સ (ભથ્થુ) ન આપી શકવાને કારણે જેલમાં
જાય છે.

ભારતની સભ્યતાને ન સમજનારા પાશ્ચાત્ય લોકો, ભારતની
સભ્યતાની ભલે મશ્કરી કરતા હોય, પરન્તુ તેમની આ મશ્કરી ધ્યા-
નમાં લેવા જેવી નથી. તુલસીદાસજીએ કહ્યું છે—

કારે ટાટ ન દે સર્પહિ, તુલસી જો નર નીચ;
નિરખહિ બલિ, હરિચન્દ કહેં, કહુ કા કરણ દધીચ (૧)
જલો કહાહિં જનેનિના, કી અપના અપવાદ;
તુલસી ગાંવર જાનિ જિય, કરત ન હર્ષ વિષાદ. (૨)

... સમજવી જોઈએ,
...મા'જ વાત તે પાશ્ચાત્ય લોકો માટે પણ ... નથી; છતાં
... ત્યાં વ્યભિચાર તો કોઈ અપરાધ કે પાપ જ ... નિંદા કરે છે.
તેઓ સીતા–દમયંતી, દ્રૌપદી આદિ સતીઓની ... ઈંગ્લેન્ડ આદિ
... ભારતીય જનો, દાંપત્ય જીવનની બાબતમાં ... ભારતની સ્ત્રીઓનાં
...ની માફક દુઃખી નથી; તેનું એક માત્ર કારણ, ... રહેલો છે. ભાર॰
...યમાં, ભારતની પ્રાચીન સ્ત્રીઓનો ઉચ્ચ આદર્શ ... દમયંતી આદિ
...માં ભાગ્યે જ એવી કોઈ સ્ત્રી હશે કે જે સીતા, ... યત્કિંચિત પણ
...સતીયોનું નામ ન જાણતી હોય; તેમનાં ચરિત્રથી ... દૃષ્ટિએ
... પરિચિત ન હોય અથવા તેમનાં ચરિત્રને આદરની ... ભારતમાં જ
... ન જોતી હોય. સીતા અને દમયંતી જેવી સન્નારીઓ ... હોવા છતાં
... થઈ છે જેઓ અનેક કષ્ટો પડતા અને પતિદ્વારા ત્યજાઈ ...
પણ, પતિપરાયણા જ રહી છે.

સીતા, મયણરેહા, દમયંતી વગેરે જેટલી જેટલી પતિવ્રતા
...ને પતિપરાયણ સ્ત્રીઓ પ્રાચીનકાળમાં થઈ છે, તે બધીયે કરતાં
...રાજેમતી વધારે શ્રેષ્ઠ છે. સીતા વગેરે અન્ય સતીઓનું, પોતાના પતિ
...દ્વારા પાણિગ્રહણ થઈ ચૂક્યું હતું, તેઓ થોડું ઘણું પતિસુખ ભોગવી
ચૂકી હતી, અને એ કારણે જો તેઓ પતિભક્તા ન રહે, તો તેમને
માટે અવશ્ય લોકઅપવાદનો ભય રહેલો હતો. પરંતુ રાજેમતીને માટે
આમાંની કોઈ બાબત ન હતી. રાજેમતીનું તો ભ૰ અરિષ્ટનેમિ
સાથે લગ્ન પણ થયું ન હતું, અને ભ૰ અરિષ્ટનેમિ પરણ્યા વિના
પાછા ફર્યા પછી, જો તે કોઈની સાથે પોતાનું લગ્ન કરત, તો કોઈ
તેની નિંદા પણ કરી શકત નહિ. લૌકિક નીતિ પ્રમાણે તેનું લગ્ન
થયું ન હતું, એટલા માટે રાજેમતી ભ૰ અરિષ્ટનેમિની પત્ની બની
ન હતી, તો પણ, રાજેમતીએ ભ૰ અરિષ્ટનેમિને પોતાના પતિ
માનીને, ઉત્કૃષ્ટ પતિપ્રેમનો જે પરિચય આપ્યો. તે કારણે રાજેમતી
ભારતની સમસ્ત સતી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ ગણાય છે રાજેમતીના સતી...

શોક કેમ કરે છે! હવે
...-પુત્રી! તું અરિષ્ટનેમિને માટે આટલો શોક કેમ કરે છે! હવે
...ષ્ટનેમિને અને તારે સંબંધ જ શો છે! લગ્ન તો થયું જ ન
..., કે જેથી તારે કોઈ જાતની ચિંતા કરવી પડે! તું હજુ કુમારી
... તારું લગ્ન બીજી જગ્યાએ કરવામાં નીતિ, ધર્મ કે સમાજ-
...ઈનો પણ અપવાદ નથી. જો કે અમે તારું લગ્ન અરિષ્ટનેમિ
...ાથે જ કરવા ઇચ્છતા હતા, પરન્તુ અમે સાંભળેલું કે, અરિષ્ટનેમિ
...રણવા જ ઇચ્છતા નથી, તેથી અમે આ બાબતમાં કોઈ વિચાર
...ર્યો ન હતો; છતાં જ્યારે કૃષ્ણ પોતે જ આવ્યા અને તેમણે મારી
...પાસે અરિષ્ટનેમિ માટે તારી માગણી કરી, ત્યારે જ મેં આ વિવાહ-
...સંબંધ સ્વીકાર્યો હતો. આટલું થવા છતાં પણ અરિષ્ટનેમિ ચાલ્યા
...ગયા તો તેથી આપણને શું નુકસાન થયું? એ તો તેમના પિતા,
...માતા વગેરેનું જ અપમાન થયું, કે જેમણે મારી પાસે તારી માગણી
...કરી હતી અને જેઓ જાન જોડીને આવ્યા હતા. એક રીતે તો તે
...સારું જ થયું કે અરિષ્ટનેમિ તારી સાથે લગ્ન કર્યા વગર જ પાછા
...ી. જો લગ્ન થઈ જાત અને પછી તેઓ તારો ત્યાગ કરત અથવા
...ક્ષા લેત, તો તો જન્મપર્યંત દુઃખ રહેત. હવે તું અરિષ્ટનેમિ
માટે જરા પણ દુઃખ કે ચિંતા ન કર. અમે તારું લગ્ન કોઈ બીજા
રાજા કે રાજકુમાર સાથે કરી નાખશું

માતાપિતાના અંતિમ વાક્યો સાંભળીને, રાજેમતીને ભારે દુઃખ
થયું. તે પોતાના માતા-પિતાને કહેવા લાગી કે, આર્યપુત્રીનો વિવાહ
એક જ વાર થાય છે, બે વાર થતો નથી. પછી ભલે તે પતિદ્વારા
ત્યજાયેલી હોય અથવા વિધવા થઈ હોય. આર્યપુત્રી સ્વપ્નમાં પણ
બીજા પુરુષને ઇચ્છતી નથી. મારો વિવાહ [illegible] થઈ ચૂક્યો છે,
એટલે હવે [illegible] વિવાહ [illegible] કેમ કરી શકું? અને આપની
બીજો વિવાહ કરવાની [illegible] પણ કેમ ઉચિત [illegible] હવે
કોઈ બીજા પુરુષ સાથે [illegible] વિવાહ કરો તો તે બીજો વિવાહ ગણાય

માતા—તો પછી લગ્નનો અર્થ શો?

રાજેમતી—હૃદયથી કોઈને પતિ રૂપે કે પત્ની રૂપે સ્વીકાર
કરવો એ જ લગ્ન છે. લગ્નના આ અર્થનો, જગતની કોઈપણ
વ્યક્તિ ઇન્કાર નથી કરી શકતી, અને એ જ અર્થને લઈને હું કહું
છું કે, મારું લગ્ન ભ૦ અરિષ્ટનેમિ સાથે થઈ જ ચૂક્યું છે. હું ભ૦
અરિષ્ટનેમિને હૃદયથી પતિ તરીકે સ્વીકારી ચૂકી છું, એટલે હવે હું
કોઈ બીજા પુરુષ સાથે લગ્ન કરીને, આર્યકન્યાના કર્તવ્યને દૂષણ
નહિં લગાડું.

માતા—રાજેમતી! તું લગ્નનો જે અર્થ ઘટાવી રહી છું તેનો
હું ઇન્કાર નથી કરતી, પરન્તુ હૃદયગત ભાવો જગતના બધા મનુષ્યો
જાણી શકતા નથી. એટલા માટે લગ્ન સંબંધી સ્થૂલક્રિયા થવી જરૂરી
છે, અને જ્યાં સુધી તે ન થાય ત્યાંસુધી કોઈ પુરુષ કે સ્ત્રી લગ્ન-
બંધનથી બંધાયલાં ગણાય નહિ.

રાજેમતી—કોઈ બીજા, લગ્નસંબંધમાં બંધાયલા માને કે ન
માને, પણ હું તો મને લગ્નબંધનથી બંધાયલી માનું છું. લગ્ન-
સંબંધી સ્થૂલક્રિયા જોવાની આવશ્યકતા ત્યારે જ છે કે જો હું મારા
હૃદયના ભાવોને છુપાવું. લગ્નસંબંધી સ્થૂલક્રિયા પણ, હૃદય આશ્રિત
છે. માત્ર લગ્ન જ નહિ પરન્તુ સમસ્ત કાર્યોનું મૂળ હૃદય છે. જે
વાતને હૃદય એકવાર સ્વીકારી ચૂક્યું છે તે વાત, કેવળ સાંસારિક
વિષયસુખને માટે છોડી દેવી અને લગ્નસંબંધી સ્થૂલક્રિયા ન થયાનો
આશ્રય લેવો તે બીલકુલ હું મારા માટે ઉચિત સમજતી નથી.

માતા—તું ભલે લગ્નક્રિયાને ન માને, પરંતુ જગત તો માને
છે ને? જો તું હમણા કોઈને એમ કહે કે હું અરિષ્ટનેમિની પત્ની
છું, તો શું જગતના માણસો આ વાત માનશે? બીજા તો ઠીક, પણ
ખુદ અરિષ્ટનેમિ એમ કબુલ કરશે કે, રાજેમતી મારી પત્ની છે!

એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા છે, હું આ બાબતમાં હાલથી વિચાર કર. તેઓએ રાજેમતીની સખીઓને પણ કહ્યું છે, તમે રાજેમતીને બધી બાબતનું સત્ય કહીને સમજાવો, આ પ્રેમનું હવે પરિણામ તેને માટે સારું નહિ આવે.

રાજેમતીના માતાપિતા ચાલ્યા ગયા પછી, રાજેમતીની સખીઓ રાજેમતીને સમજાવવા લાગી. તેઓ કહેવા લાગી-સખી! જગતમાં કોઈ પણ મનુષ્ય સુખને દુઃખમાં ઈરાદાપૂર્વક ફેરવતો નથી, તેમ કોઈ પણ માણસ પોતાને જાણીજોઈને દુઃખમાં નાખતો નથી. એ વાત જુદી છે કે, પરાધીન બનીને દુઃખ સહેવું પડે; પરંતુ એવા તો સુખપ્રાપ્તિનો જ કરે છે. દુઃખપ્રાપ્તિનો પ્રયત્ન કોઈ કરતું નથી. તમે તમારે માટે દુઃખ કેમ ખરીદી રહ્યા છો! જો તમારું લગ્ન હમણાં થઈ શકે તેમ છે તો આ સુખસંયોગને કેમ ઠોકરો મારો છો! મહારાજ તથા મહારાણીએ તમને જે કાંઈ કહ્યું છે તે પર સારી રીતે વિચાર કરો, અને લગ્નનો શુભપ્રસંગ જવા ન દો. નહિતો પછી ઘણો પશ્ચાત્તાપ કરવો પડશે. સખીઓની વાત સાંભળીને, રાજેમતી બોલી—સખીઓ! હું-મંદબુદ્ધિનીના સમજવામાં, તમારી વાતો જરાપણ આવતી નથી. હું વિચાર કરવા બેસું છું ત્યારે પણ મારા વિચારમાં ભ૦ અરિષ્ટનેમિ સિવાય બીજા કોઈનું ધ્યાન સુદ્ધાં નથી આવતું. ખરી વાત તો એ છે કે, હવે મારામાં શું તો બુદ્ધિ જ નથી અથવા મારી બુદ્ધિ પરતંત્ર બની ગઈ છે. બુદ્ધિ ઉપર પણ ભ૦ અરિષ્ટનેમિનું આધિપત્ય થઈ ગયું છે. હું તો બીલકુલ ગાંડી જ છું કે જેને કેવળ ભ૦ અરિષ્ટનેમિની જ ધૂન છે. હૃદય કહે છે કે, આ જન્મને માટે તો તું, ભ૦ અરિષ્ટનેમિને તારો પતિ બનાવી ચૂકી છું; હવે તને બીજો પતિ કરવાનો અધિકાર નથી. હા, બીજો પતિ કરવા બાબતમાં, મસ્તક વિચાર કરી શકતું હતું, પરંતુ હૃદયે તેને પણ પોતાના પ્રભાવથી પ્રભાવિત કરી દીધું. આવી દશામાં તમારી મારા સમજવામાં આવે શી રીતે !

કરીને, હું-દુઃખિનીના હૃદયને વધારે દુઃખી ન કરો. મારા માટે પતિનો વિરહ જ અસહ્ય થઈ રહ્યો છે. મારા માટે, એક એક દિવસ વર્ષ સમાન વીતે છે, અને એક એક રાત, યુગ સમાન વીતે છે. મારૂં હૃદય પ્રાણનાથના વિયોગથી બળી રહ્યું છે. તે બળતા હૃદય પર, તમે આવી જાતની વાતો કરીને મીઠું ન ભભરાવો. ક્યાં હું વિચારતી હતી કે, લગ્ન થતાં જ, હું પતિ સાથે આનંદપૂર્વક સુખ ભોગવીશ; આવતી શરદ્‌ઋતુની સ્વચ્છ-નિર્મળ રાત્રીઓ પતિ સાથે સુખપૂર્વક વ્યતીત કરીશ, અને ચકોરીની જેમ પતિના મુખચંદ્રને દેખી આનંદિત બનીશ; પરંતુ ક્યાં આજે આ વિરહવેદના સહેવી પડે છે! સખીઓનું કર્તવ્ય તો આવા સમયમાં મને વિરહવેદનાથી મુક્ત કરવાનો પ્રયત્ન કરવાનું તથા ધીરજ આપવાનું છે, છતાં તમે તો એવી વાતો કહો છો, કે જેથી મારૂં દુઃખ વૃદ્ધિ પામે છે. સખીઓ! આમાં તમારો જરા પણ વાંક નથી. આ તો મારાં પૂર્વપાપોનું જ કારણ છે. જો એવું ન હોત તો, પ્રાણનાથ મને વિરહ-જ્વાલામાં બળી મરવા માટે છોડીને કેમ ચાલ્યા જાત! અને તમે પણ સખીઓને યોગ્ય કર્તવ્ય કેમ ભૂલત! છતાં પણ હું તમને એવો આગ્રહ કરૂં છું કે, આવા પ્રકારની વાતો કરીને મને દુઃખ ન આપો. હું ભગવાન સિવાય જગતના બીજા બધા પુરુષોને પિતા અને ભાઈ તુલ્ય માનું છું. મારા પતિ તો ભગવાન છે, હું તેમના જ નામ પર મારૂં જીવન વીતાવીશ.

સખીઓ! તમે મને એવો ભય બતાવ્યા કરો છો કે, કોઈ બીજા સાથે લગ્ન નહિ કરો તો, જ્યારે કામનો પ્રકોપ થશે ત્યારે દુઃખ પામશો. પરન્તુ શું કામ (વિષય) મને એકલાને જ દુઃખ દેશે? પતિને દુઃખ નહિં દે? પતિએ મને ત્યાગીને કોઈ બીજી સ્ત્રીનું પાણિગ્રહણ તો કર્યું જ નથી, કે જેને કારણે પતિને કામપીડા ન થાય અને મને જ થાય. જે સ્થિતિમાં પતિ છે, તે જ સ્થિતિમાં હું [illegible] તેઓ કામવિકારના કષ્ટ સહન કરે, તો

શું હું સહન ન કરું ! હું તે કષ્ટોથી ભય પામીને મારા વિચારોથી શા માટે પતિત થાઉં ! સ્ત્રીનું કર્તવ્ય પતિનું અનુગમન કરવાનું છે, એટલે જે રીતે પતિ કષ્ટ સહન કરે તે જ રીતે મારે પણ કષ્ટ સહેવું જોઈએ, અને જો પતિ, કામ (વિષયવાસના) પર વિજય મેળવે, તો મારે પણ તેમ જ કરવું જોઈએ. માટે તમે મને આ રીતે ભય ન બતાવો, પરન્તુ પતિનું અનુસરણ કરવાની જ શીખામણ આપો.

રાજેમતીની વાતોથી સખીઓ ચૂપ થઈ ગઈ તેઓએ ફરીથી પણ રાજેમતીને સમજાવવા અને લગ્ન કરવાનો સ્વીકાર કરાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેમનો સઘળો પ્રયત્ન નિષ્ફળ ગયો. રાજેમતી, ભગવાન અરિષ્ટનેમિના પ્રેમમાં એવી રંગાઈ ગઈ હતી કે, હવે તેના પર કોઈની પણ વાતોથી કોઈ બીજો રંગ ચઢતો જ ન હતો.

રાજેમતીને દિવસ-રાત ભ૦ અરિષ્ટનેમિનું જ ધ્યાન રહેતું હતું. તે કયારેક તો ભગવાનના સૌંદર્યની પ્રશંસા કરતી હતી, કયારેક તેમનાં બલ-પરાક્રમની, અને કયારેક તેમણે કરેલી પશુપક્ષીઓ પરની કરુણાની; એવી જ રીતે કયારેક તે પોતાનાં પૂર્વકર્મોની નિંદા કરતી હતી, કયારેક આ જન્મનાં પાપોની આલોચના કરતી હતી, અને કયારેક પોતાનાં દુર્ભાગ્યને ધિક્કારતી હતી. તેણે સઘળી શૃંગાર-સામગ્રીઓ છોડી દીધી, તે રાગરંગથી વિમુખ બની ગઈ અને પતિ-વિરહનું કષ્ટ ભોગવતી વૈરાગિનીની જેમ સમય વિતાવવા લાગી.

ꙮ

૧૧

દીક્ષા

ભારતની સતી મહિલાઓ, પતિના જીવનમાં જ પોતાનું જીવન માને છે. તેઓ પતિવિહિન પોતાનું અસ્તિત્વ જ માનતી નથી, પણ પતિના અસ્તિત્વમાં જ પોતાનું પણ અસ્તિત્વ માને છે. પતિની સેવા, પતિ–આજ્ઞાનું પાલન, પતિનું અનુગમન અને પતિના સત્કાર્યોનું અનુકરણ કરવું તેને તેઓ પોતાનું સાધારણ કર્તવ્ય માને છે. તેઓ પતિના સુખમાં પોતાને સુખી, અને પતિના દુઃખમાં પોતાને પણ દુઃખી જ માને છે. કોઇપણ સમયે અને કોઇપણ સ્થિતિમાં તે પતિ સાથે અસદ્‌વ્યવહાર નથી કરતી, તેમ પતિથી વિમુખ પણ નથી થતી, એટલું જ નહિ પણ આ નિયમનું પાલન તેઓ તે વખતે વિશેષ રૂપે કરે છે કે જ્યારે પતિ સાંસારિક સુખ રહિત બની ગયા હોય અથવા પતિએ સાંસારિક સુખોનો પરિત્યાગ કર્યો હોય. આ રીતે તેઓ દાંપત્યજીવનને વિષય–જન્ય સુખોને માટે જ નથી સમજતી, પણ આત્માને ઉન્નત બનાવવા માટે તેઓ આ જીવનનો આશ્રય લે છે, અને પછી આ જીવનમાંથી નીકળીને પોતાના આત્માને ઉચ્ચ સ્થિતિએ લઈ જાય છે.

રાજેમતીને, ભગવાન અરિષ્ટનેમિ તરફથી ન તો વિષયજન્ય સુખ મળ્યું હતું, કે ન તો મળવાની આશા હતી, છતાં પણ તે ભ૦ અરિષ્ટનેમિ પર અનુરક્ત હતી. તેને માટે ‘ માત્ર એ માટે કે તે, પતિ પ્રેમ દ્વારા જગતના સમસ્ત પ્રાણીઓ પર પ્રેમ કરવાનું

શીખી શકરી. જો તે વિષયજન્ય સુખોની જ ઇચ્છુક હોત, તો ભ૦ અરિષ્ટનેમિના ચાલ્યા ગયા બાદ, અવશ્ય તે બીજા કોઇ પુરુષ સાથે લગ્ન કરવાનું સ્વીકારત, અને જો તે એમ કરત તો, તેને કોઈ લૌકિક મર્યાદાથી ભ્રષ્ટ ન કહી શકત, પરન્તુ તે, વિષયજન્ય સુખોને માટે જ ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યે પ્રેમ નહોતી ધરાવતી, પરંતુ તેમની સેવા દ્વારા, તેમનાં પદાનુગમન દ્વારા પોતાના આત્માને ઉન્નત બનાવવા ઇચ્છતી હતી. એથી જ, જ્યારે પણ તેને વિષયજન્ય સુખોનું પ્રલોભન આપવામાં આવ્યું અને કોઈ બીજા પુરુષ સાથે લગ્ન કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે તે વાતને તિરસ્કારી કાઢી. તે વિચારતી હતી કે, મારું કામ પતિનું અનુકરણ કરવાનું છે. જ્યારે મારા પતિ બ્રહ્મચર્યનું પાલન કરે છે ત્યારે મારું કર્તવ્ય પણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું છે. તે સમયની લૌકિક પ્રથાનુસાર પુરુષ અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકતો, છતાં પણ ભગવાને કોઇ બીજી સ્ત્રી સાથે લગ્ન ન કર્યું; તો હું, મારું લગ્ન કોઈ અન્ય પુરુષ સાથે કેમ કરી શકું ? હું સ્વપ્નમાં પણ મારું લગ્ન બીજા કોઈ પુરુષ સાથે નહિ કરું, કિંતુ જે પ્રમાણે ભ૦ અરિષ્ટનેમિ પોતાનું જીવન વ્યતીત કરશે તે જ પ્રમાણે હું પણ મારું જીવન વ્યતીત કરીશ. હું મારું કલ્યાણ પતિભક્તિ વડે જ સરળ રીતિથી કરી શકીશ. હવે રહી પતિ દૂર હોવાની બાબત; પરન્તુ વિયોગમાં પ્રેમની જેટલી અધિકતા હોય છે તેટલી અધિકતા સમીપમાં હોવાથી રહેતી નથી. એટલા માટે પતિ -વિયોગની આ વિષમ સ્થિતિને પણ હું મારા કલ્યાણમાં સહાયકર્તા જ માનીશ.

રાજેમતી, ભ૦ અરિષ્ટનેમિના પ્રેમમાં મગ્ન બનીને, આ પ્રકારના જ વિચારો કર્યા કરતી હતી. આ જ દશામાં લગભગ એક વર્ષ જેટલો સમય વીતી ગયો, છતાં પણ તેના હૃદયમાં, ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યે કોઈ બીજો ભાવ પેદા ન થયો. તેણે કોઇ બીજા ભાવો પોતાના હૃદયમાં આવવા જ ન દીધા. જ્યારે જ્યારે ભ૦ અરિષ્ટનેમિ તરફથી

તેને કાંઇક બીજા વિચારો થતા ત્યારે ત્યારે તે, તે વિચારોને તત્ક્ષણ દબાવી દેતી, અને ચિંતવતી કે, જ્યારે હું પતિના અસ્તિત્વમાં જ મારૂં અસ્તિત્વ માનું છું ત્યારે તેમણે જે કાંઈ કર્યું છે તે તેમની જ સાથે કર્યું છે, મારી સાથે શું કર્યું છે! મારૂં કર્તવ્ય તો તેમની પ્રસન્નતામાં પ્રસન્ન રહેવાનું છે.

બીજી તરફ, ભ૦ અરિષ્ટનેમિનું વાર્ષિક દાન પૂરૂં થયું. ભ૦ અરિષ્ટનેમિનો દીક્ષા મહોત્સવ ઉજવવા માટે, ઇંદ્રાદિક દેવો હાજર થયા. અંતે, શ્રાવણ શુદિ ૬ ના દિવસે, ભ૦ અરિષ્ટનેમિએ સમસ્ત સંસારબંધનો ત્યાગીને, સંયમ સ્વીકાર્યો. ભ૦ અરિષ્ટનેમિની સાથે જ, રથનેમિ આદિ એક હજાર યાદવકુમારો પણ સંયમમાં દીક્ષિત થયા.

'ભ૦ અરિષ્ટનેમિએ સંસાર પ્રત્યેનો મમત્વ છોડીને, સંયમ લઇ લીધો છે' એ સમાચાર રાજેમતીએ પણ સાંભળ્યા. આ સમાચાર સાંભળવાથી, તેને આ વિચારથી બહુ દુઃખ થયું કે, હું ભગવાનના દર્શન પણ ન કરી શકી. જો હું એક વાર પણ ભગવાનનાં દર્શન કરી લેત તો તો મને કાંઇક ધીરજ રહેત. મને આજ સુધી એ આશા હતી કે, ભગવાન મને ક્યારેક તો દર્શન આપવાની કૃપા કરશે, પરન્તુ હવે તો તે આશા પણ ભાંગી પડી. હવે હું કઇ આશાના આધારે જીવન વ્યતીત કરું! મારા આ દુઃખમય જીવન કરતાં મૃત્યુ જ શ્રેષ્ઠ છે. ધિક્કાર છે આ જીવનને, કે જેમાં પતિ-વિયોગનું દુઃખ સહેવું પડે! મેં એવું શું પાપ કર્યું હશે કે જેને પરિણામે મારે આવી રીતે દુઃખ ભોગવવું પડે છે!

રાજેમતી, આ પ્રમાણે વ્યાકુલ બનીને, પોતાનાં પાપની આલોચના અને તે બાબતમાં પશ્ચાત્તાપ કરવા લાગી. ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યેના અનન્ય પ્રેમે તેમજ પાપોની નિંદા કરવાથી, તરત રાજેમતીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જાતિ સ્મરણ જ્ઞાન થતાં, તેને જણાયું કે, મારો અને ભગવાન અરિષ્ટનેમિનો પૂર્વે આઠ ભવ સુધી પ્રેમ-સંબંધ રહ્યો છે. અને એ જ સંબંધનો આ નવમો ભવ છે. આ નવમા

અરીસો પ્રેમ, ભગવાન સાંસારિક સુખોના ત્યાગ કરીને સંસારનાં વિષય
સુખના ત્યાગ માટે ... સંયમ સ્વીકાર્યો છે.
સંયમધારી ભગવાન, જે અક્ષય સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તેનાથી
હું વંચિત ન રહું; પરન્તુ હું પણ તે સુખ પ્રાપ્ત કરું. પ્રથમ હું,
એ સુખના મને આપવા માટે જ ભગવાન અહિં સુધી પધાર્યા હતા તેમ
હવે મારૂં પણ કર્તવ્ય છે કે, હું એક સાચી પત્નીની માફક તેમ
એક માર્ગે ચાલું કે જે માર્ગે પતિએ ગમન કર્યું છે. હવે હું પણ
સંસારની જંજાળથી મને અલગ કરીને, સંયમ લઈશ અને પછી તે
સ્થાન પર પતિને મળીશ કે જ્યાં વિયોગનું દુઃખ હોય શકતું જ નથી.

આ પ્રમાણે વિચાર કરી રાજેમતી, સંયમ લેવા માટે તૈયાર થઈ. તેના મુખ પર પ્રસન્નતા દેખાવા લાગી. તેની આંખોની સજળતા પણ અપૂર્વ તેજમાં પરિણત થઈ ગઈ અને તેના હૃદયનો સઘળો ખેદ દૂર થઈ ગયો.

રાજેમતીની માતાએ જ્યારે ભગવાનની દીક્ષાના સમાચાર સાંભળ્યા ત્યારે તે રાજેમતીને ફરીથી સમજાવવા આવી; પરન્તુ તેણે જોયું કે રાજેમતી પ્રસન્નચિત્ત છે. તેને કિંચિત્ પણ ખેદ નથી અને તે પોતે પણ દીક્ષા લેવાની તૈયારીમાં લાગી ગઈ છે. રાજેમતીને સંયમ લેવા માટે તત્પર થયેલી જાણીને, રાજેમતીની માતા તેને કહેવા લાગી–પ્યારી પુત્રી! શું તું સંયમ લેવાની તૈયાર કરી રહી છો! શું સંયમ એ કોઈ બાળકનો ખેલ છે, કે જે સંયમને ગમે તે સ્વીકારી લ્યે! સંયમનું પાલન કરવું એ શું કોઈ સરળ કાર્ય છે! સંયમનું પાલન કરવું એ લોઢાના ચણા ચાવવાની જેમ મહા મુશ્કેલ કાર્ય છે. મોટા મોટા યોદ્ધાઓ પણ સંયમનું પાલન કરવા સમર્થ નથી, તો પછી તારા જેવી સુકુમારી, સંયમનું પાલન શી રીતે કરી શકશે! તું મહેલોમાં ઉછરી છે, કોમળ શય્યા પર સુતી છે, સારા સારા પદાર્થોનું ભોજન કરતી રહી છે, અને અનેક દાસીઓથી સેવાઈ

રહી છે. એવી દશામાં સંયમ લઈને, ઉઘાડે પગે ચાલવું, કઠોર શય્યા પર સૂવું અને ભિક્ષા માગીને, લુખ્ખું અને તુચ્છ ભોજન કરવું, વગેરે કષ્ટો તું કેમ સહન કરી શકીશ ? શું તું ભિક્ષા માગી શકીશ ? તે વખતે માન-અપમાનનો વિચાર શું ત્હને નહિં થાય ? ભિક્ષા માગતાં, તે ન મળવાથી ત્હને ખેદ નહિં થાય ? આ બધી બાબતો પર વિચાર કર અને સંયમને સરળ ન સમજ. સંયમમાં મહાન્‌માં મહાન્ કષ્ટો સહન કરવાં પડે છે; જેને સહન કરવા યોગ્ય આ તારું સુકુમાર શરીર નથી. બીજાં કષ્ટો તો દૂર રહ્યાં, પરંતુ તું તારા માથાનો એક વાળ તો ઉખાડી જો, કે કેવું કષ્ટ થાય છે ! એક વાળ ખેંચવામાં પણ જ્યારે આટલી વેદના થાય છે ત્યારે માથાના સઘળા કેસો ખેંચવામાં કેટલી વેદના થતી હશે ! આ ઉપરાંત, હમણાં થોડીવાર પહેલાં તો તને, કુમાર અરિષ્ટનેમિનું તારી સાથે લગ્ન ન થવાનું તેમજ તેઓ તને પરણ્યા વિના ચાલ્યા ગયા તેનું દુઃખ હતું અને હવે ક્ષણભર પછી જ, તારામાં સંસારથી વિરક્ત થવાની ભાવના શી રીતે પેદા થઈ ? સંયમ લેવાની ધૂન કેવી રીતે જાગી ? સાંસારિક ભોગવિલાસ ભોગવતાં ભોગવતાં અમારી આટલી ઉંમર વીતી ગઈ, છતાં પણ અમને સંસાર પર વૈરાગ્ય ન થયો, અને ત્હને કેવી રીતે થયો ? આ પ્રમાણે ક્ષણિક આવેશમાં આવી જઈને, કોઈ કાર્ય કરી નાખવું તે પોતાને માટે આપત્તિ વહોરી લેવા જેવું છે; એટલા માટે તું સંયમ લેવાના વિચારને તો તદ્દન છોડી જ દે. અમે તારા હિતૈષી છીએ, શત્રુ નથી. જો તું અમારા પર વિશ્વાસ રાખતી હો તો અમે કહીયે તે જ કર; અમારી ઇચ્છા વિરુદ્ધ કામ કરવાનો વિચાર પણ ન કર.

માતાના કથનના જવાબમાં રાજેમતી કહેવા લાગી:-માતાજી ! હું તમને જ પૂછું છું કે, પત્નીને માટે, પતિની આજ્ઞા માનવી જરૂરી છે કે માતાપની આજ્ઞા માનવી જરૂરી છે ? તેના જવાબમાં તમે એમ જ કહી શકશો કે પત્નીએ ખાસ કરીને પતિની જ આજ્ઞા

[illegible] શીખામણ આપવા માટે જ [illegible] હું [illegible] મારું અનુભવ [illegible] શીખામણ [illegible] તો મારું અનુભવ [illegible] અને તે રીતે હું [illegible] નથી. [illegible] તે જ રીતે તું પણ [illegible] નથી, [illegible] સંબંધમાં જણાઈ રહેલાં [illegible] તું પણ સમાગમમાં ન રહે.'

માતાજી! મને આ શીખામણ આપવા માટે જ, ભગવાને અહિ પધારવાની કૃપા કરી હતી. ભગવાનના પધારવાનો હેતુ, મને શીખામણ આપવાની સાથે જ, કદાચ કોઈ બીજો પણ હશે; પરંતુ હું તો એમ જ માનીશ કે, ભગવાન મારા પર કૃપા કરવા માટે જ પધાર્યા હતા. હું આ બાબત અત્યાર સુધી સમજી શકી ન હતી, આ કારણે ભગવાન પ્રત્યે, સાંસારિક પ્રેમની જ આશા રાખતી હતી, પરંતુ ભગવાને દીક્ષા લઈ લીધી, એ સમાચાર સાંભળીને, હું વિચારવા લાગી કે, શું ભગવાને મારી સાથે અન્યાય કર્યો છે! વિચાર કરતા મને જણાય છે, ભગવાને મારા પ્રત્યે અન્યાય નથી કર્યો, પરંતુ મારા પર દયા કરી છે. અજ્ઞાનજન્ય [illegible] તૃપ્તિ માટે, મારી સાથે અપવિત્ર પ્રેમસંબંધ ન જોડતા ભગવાને, મને [illegible] જન્મ-મરણ કરવામાંથી બચાવી લીધી છે તથા મને [illegible] શીખામણ આપવા માટે પધાર્યા હતા કે, [illegible] અને હવે [illegible] પવિત્ર પ્રેમસંબંધમાં જ [illegible]

પવિત્ર પ્રેમસંબંધ સ્થાપિત કર કે જેમાં વિયોગનું દુઃખ નથી તેમજ જન્મ, જરા, મૃત્યુ આદિનાં દુઃખો પણ નથી. આ શીખામણ આપીને ભગવાન, એવો જ પ્રેમસંબંધ સ્થાપિત કરવાની તૈયારી કરવા માટે, પાછા ફર્યા હતા; પરંતુ મારા અજ્ઞાને, અત્યારસુધી ભગવાનની આ શિખામણ, મારી સમજણમાં ન આવવા દીધી, અને એ જ કારણે હું આટલા દિવસ સુધી, સાંસારિક પ્રેમસંબંધને માટે દુઃખ પામતી રહી. હવે મારા હૃદયનું અજ્ઞાન દૂર થયું છે, તેથી હું, ભગવાનના અહિં પધારવાનું અને પછી લગ્ન કર્યા વગર જ પાછા જવાનું રહસ્ય સમજી શકી છું. એટલા માટે હવે, હું પણ ભગવાનની જ માફક સકળ જીવો સાથે તે પવિત્ર પ્રેમસંબંધ જોડીશ કે જેમાં સંકુચિતતાને સ્થાન જ નથી.

માતા ! સંયમમાં કષ્ટ હોય છે કે નહિ, તે વિવાદમાં હું પડવા ઇચ્છતી નથી. હું તો એમ જાણું છું કે, ભ૦ અરિષ્ટનેમિ પણ મારી માફક સુખમાં જ ઉછર્યા છે ને! અને તેઓ રાજકુમાર છે. જો તેઓ સંયમનું પાલન કરી શકે છે તો પછી મને તે કેમ મુશ્કેલ પડે? હું પણ સંયમનું પાલન કરી શકું છું. માટે હું સંયમ લઈને તેની અનુગામિની બનીશ; અને જે સુખને તેઓ મેળવવા ઇચ્છે છે તે સુખ હું પણ મેળવીશ. હું તમને પણ એ જ પ્રાર્થના કરું છું કે, તમે મારા આ વિચારોને પ્રોત્સાહન આપો, મારા વિચારો વિરુદ્ધની કોઈ પરિસ્થિતિ ઉભી ન કરો. હું સંસાર-વ્યવહારમાં હવે ક્ષણ પણ મુશ્કેલીથી વીતાવી રહી છું.

રાજેમતીની માતા સમજી ગઈ કે, હવે પુત્રીને વધારે કાંઈ કહેવું તે તેના હૃદયને દુઃખાવવા સમાન છે. તેણે ઉગ્રસેન પ્રત્યે બધો વૃત્તાંત કહી સંભળાવ્યું.

અંતમાં તેઓ બન્ને એવા નિર્ણય પર આવ્યાં કે, જે શ્રેષ્ઠ કાર્ય રાજેમતી સ્વીકારવા ચાહે છે તેમાં વિઘ્ન ન નાખવું જોઈએ અને તે જેને સુખ માને તે કાર્ય તેને કરવા દેવું જોઈએ.

[illegible]

[illegible]

ગયો હતો.

૧૨

પુનઃ પતનને પંથે

શાસ્ત્રમાં બ્રહ્મચારી માટે સ્ત્રીને જોવાનો નિષેધ છે, એટલું જ નહિ પણ સ્ત્રી સાથે વાર્તાલાપ કરવો, સ્ત્રીનું સ્મરણ કરવું, સ્ત્રીઓની કથા કરવી તથા સ્ત્રીનું ચિત્ર દેખવું પણ નિષિદ્ધ છે. આ જ બાબત બ્રહ્મચારીઓ માટે, પુરુષોની બાબતમાં પણ સમજવી જોઈએ. શાસ્ત્રનો આ નિષેધ નિષ્કારણ નથી, પરન્તુ સકારણ છે. જગતમાં એવાં સ્ત્રી-પુરુષો બહુ જ થોડાં નીકળશે કે જેઓ આવાં કારણો વિદ્યમાન હોવા છતાં પણ બ્રહ્મચર્યને સુરક્ષિત રાખી શકે. શાસ્ત્રકારોએ બ્રહ્મચર્યના રક્ષણની દૃષ્ટિએ જ આ બાબતોનો નિષેધ કર્યો છે.

બ્રહ્મચારીએ એકાંતમાં સ્ત્રીને મળવાથી (એજ રીતે બ્રહ્મચારિણીને માટે એકાંતમાં પુરુષને મળવાથી), તેનું મન વિકૃત બનવા સંભવ છે. બ્રહ્મચારી તો દૂરની બાબત છે, પરંતુ કોઈપણ પુરુષ કે સ્ત્રીને માટે એકાંતમાં સ્ત્રી કે પુરુષને મળવું એ ખરાબ છે. એકાંતમાં સ્ત્રી કે પુરુષને મળવાથી, જે પુરુષ કે સ્ત્રીનું મન સ્થિર રહી શકે તે ધન્યવાદને પાત્ર છે. કેમકે, આવા સમયમાં મન સ્થિર રહેવું ઘણું જ કઠણ છે, અને મન અસ્થિર થતાં જ, મનની ચંચળતાને કારણે પતન અવશ્ય છે. એ વાત જુદી છે કે, કોઈ શરીરથી પતિત થતો બચે, પરંતુ તે વખતે માનસિક પતન તો થઈ જ જાય છે. સંસાર-વ્યવહારને તિરસ્કારપૂર્વક ત્યાગનાર મોટા મોટા ત્યાગીઓ પણ આવા સમયમાં વિચલિત થઈ જાય છે તો બાળજીવોની તો વાત જ શી! રાજેમતીના ઉપદેશથી રથનેમિનો ખૂબ જ રક્ષણની દૃષ્ટિએ સંસા

રાજેમતી, પોતાની સખીઓ (શિષ્યાઓ) સાથે ગિરનાર પર્વત પર ચઢવા લાગી. રાજેમતી અને તેની શિષ્યાઓ પર્વત પર ચઢી રહી હતી એટલામાં જ પવનની એક જબ્બર આંધી આવી અને પાણીનું ભયંકર તોફાન શરૂ થયું. એ સમયે એવા તો પ્રચંડ વાદળાં ચઢી આવ્યાં કે એકદમ આખી પૃથ્વી પર અંધકાર છવાઈ ગયો. અંધકાર અને ધૂળને કારણે પોતાનો હાથ દેખવો પણ કઠણ હતો. શિષ્યાઓ સહિત રાજેમતી તે પ્રચંડ આંધીના વેગમાં ઘેરાઈ ગઈ. પરિણામે સૌનો સાથ છૂટી ગયો. કોઈ ક્યાંય રહી ગઈ. અને કોઈ ક્યાંય નીકળી ગઈ.

આંધીના પ્રકોપની સાથે વરસાદ પણ વરસવા લાગ્યો. રાજેમતી અને તેની શિષ્યાઓ વિખુટી પડી ગઈ હતી. વરસાદને કારણે રાજેમતીનાં વસ્ત્રો પણ ભીંજાઈ ગયાં. તે સમયે રાજેમતી સાથે તેની કોઈ પણ શિષ્યા ન હતી, તે એકલી જ પડી ગઈ હતી. કેટલાક સમય પછી, આંધીનો પ્રકોપ પણ થમ્યો અને વરસાદ પણ બંધ પડયો. વરાળ અને વરસાદ બંધ થયા પછી, રાજેમતીએ પાસે એક પર્વતની ગુફા જોઈ. તેણે વિચાર્યું કે, આ ગુફામાં જઈને મારાં ભીંજાયલાં વસ્ત્રો સુકવી નાખવાં ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી રાજેમતી, તે ગુફામ ગઈ. તેણે જોયું કે ગુફામાં કોઈ પુરુષ નથી. ગુફાને નિર્જન સમજી રાજેમતીએ પોતાનાં શરીરનાં વસ્ત્રો ઉતારીને તેને અહિં તહિં પ્ર ગવી દીધાં. (સુકવવા મૂકયાં)

જે ગુફામાં રાજેમતીએ નગ્ન થઈને, પોતાનાં વસ્ત્રો સ માટે પાથર્યાં હતા, તે જ ગુફામાં રથનેમિ ધર્મચિંતન કરતા તેઓ ગુફાની અંદરની બાજુમાં અંધકારમાં હતા, તે કારણે રાજેમતીને દેખી શકયા નહિ. રાજેમતી ગુફાના તે ભાગમાં હતી પ્રકાશ હતો, અને રથનેમિ ગુફાના તે ભાગમાં હતા કે જ્યાં હતું. આ કારણે રાજેમતી તો રથનેમિને ન જોઈ શકી. પ નેમિએ રાજેમતીને જોઈ લીધી. રથનેમિ બેઠા હતા તે

લાગ્યા. રથનેમિની ચેષ્ટાઓથી, રાજેમતીનું ધ્યાન તે તરફ ખેંચાયું. પહેલાં તો તેણે ધાર્યું કે અંદરના ભાગમાં કોઈ પશુ-પક્ષી હશે; પરંતુ જ્યારે તેણે દૃષ્ટિ ફેંકીને જોયું ત્યારે તેને માલૂમ પડયું કે, અહિં તો કોઇ પુરુષ છે. ગુફામાં કોઈ પુરુષ છે એ જાણીને રાજેમતી લજ્જા અને ભયથી કંપી ઉઠી. તે વિચારવા લાગી કે, મેં કેવો અનર્થ કર્યો કે આ ગુફાને નિર્જન ધારીને હું નગ્ન બની! મને એકલી તથા નગ્ન જોઇને, કયાંય આ પુરુષ મારું શિયળ ભંગ કરવા માટે બળાત્કાર તો નહિં કરે! જો કદાચ તે તેમ કરે તો હું શું કરીશ? હું એકલી તો છું જ, સાથે નગ્ન પણ છું. હવે વસ્ત્ર પહેરવામાં પણ વિલંબ થશે. આ વખતે મારે શું કરવું જોઈએ?

આ પ્રમાણે રાજેમતીને, ક્ષણ ભરને માટે ભારે મુંઝવણ થઇ, પરંતુ તે મુંઝવણ વધુ સમય માટે રહી નહિં. તેણે તે જ ક્ષણે સાહસ ધારણ કરીને વિચાર્યું કે, હું વીરબાળા છું. મારે આ રીતે ભયભીત બનવું ઠીક નથી. ભયભીત બનવાથી તો હું કાંઇપણ નહિં કરી શકું. આ સમયે મારે ધૈર્ય તથા સાહસથી કામ લેવું જોઇએ. જગતમાં કોઇપણ પુરુષની એવી તાકાત નથી કે જે બળાત્કારે કોઇનું શીલ લૂટે, તો પછી હું-વીરબાળાના શિયળનો ભંગ તો કોઈ કેવી રીતે કરી શકે? હું બની શકશે ત્યાં સુધી શરીરમાં રહેલા શિયળની રક્ષા કરીશ, અને જ્યારે હું એમ જાણીશ કે, શરીરમાં રહેલા શિયળની રક્ષા હું નહિં કરી શકું ત્યારે આ શરીરનો હું અંત લાવીશ; પરન્તુ શરીર છે ત્યાંસુધી શિયળ નષ્ટ થવા નહિં જ દઉં. આ સમયે વિલંબ થશે માટે હમણા વસ્ત્ર પહેરવામાં પડવું એ ઠીક નથી. સંભવ છે કે, તે પુરુષ મારા પર જલ્દી આક્રમણ કરે. એટલા માટે પ્રથમ મારે, શીલ નષ્ટ ન થાય એવો પ્રબંધ કરી લેવો જોઇએ

આ પ્રમાણે વિચાર કરી રાજેમતી, મર્કટાસન લગાવી બેસી ગઇ તેણે પોતાના બન્ને પગ વડે પોતાનું ગુપ્ત અંગ ઢાંકી દીધું

અને વસ્ત્ર હાથથી ઝાલી લીધાં. આ રીતે તે, રાજેમતીજી ચિંતાથી ઘેરાઈ ઘણી દુઃખી બની.

રાજેમતી, રથનેમિને પૂરી રીતે જોઈ શકી પણ ન હતી. તેમ જ તેમને ઓળખી શકી પણ ન હતી; પરંતુ રાજેમતીને રથનેમિએ ઓળખી લીધી હતી. રાજેમતીના શરીરનાં અંગ-ઉપાંગ અને તેને મર્કટાસન લગાવેલી એમની જોઈ, રથનેમિ સમજ્યા કે રાજેમતી ભયભીત બની ગઈ છે. તેઓ પોતાની જગ્યાએથી ઉઠીને, રાજેમતી પાસે આવ્યા અને રાજેમતીને કહેવા લાગ્યાઃ હે રાજેમતી! તમે ભય ન પામો. હું બીજો કોઈ નથી, પણ તમારો પૂર્વ પ્રેમી રથનેમિ જ છું. મારા તરફથી તમને કોઈ પ્રકારનું કષ્ટ નહિં થાય, પરંતુ સુખ જ મળશે. હે સુંદરી! હે મધુરભાષિણી! તમે ભય અને લજ્જા છોડી દો અને આવો, આપણે બંને મનુષ્યોચિત ભોગ ભોગવીએ. આ જગ્યા એકાંત છે. અહિં કોઈ જુએ તેમ નથી. આ માનવભવ ઘણો દુર્લભ છે. આ ભવ પામીને પણ, મનુષ્યજન્મ સંબંધી સુખોથી વંચિત રહેવું એ ઠીક નથી.

રથનેમિની વાત સાંભળીને, તથા તેને ઓળખીને, રાજેમતીને આ વિચારે થોડીક ધીરજ વળી કે, ગમે તેમ પણ રથનેમિ કુલીન છે. તેઓ બળાત્કારે મારું શિયળ નષ્ટ કરવાનું દુસ્સાહસ નહિં જ કરે. જો કે આ વખતે તેઓ કામવિકારથી અસ્થિર-ચિત્ત બન્યા છે, છતાં પણ તેઓને સન્માર્ગે લાવવા એ કઠિન નથી. પહેલાં પણ, જ્યારે તેમણે મારી સાથે લગ્ન કરવા ઇચ્છા કરી હતી ત્યારે તેમને સમજાવવામાં વધુ સમય લાગ્યો ન હતો અને તે સમયે મારા ઉપદેશનો તેમના પર એવો પ્રભાવ પડ્યો હતો કે, તેઓ સંસારસંબંધ છોડીને મુનિ બની ગયા. હમણા પણ તેમને સમજાવવાથી, તેઓ પોતાના કર્તવ્યમાર્ગમાં સ્થિર થઇ શકશે.

રાજેમતીનો ભય કાંઈક ઓછો થયો. તે મર્કટ-આસન છોડીને, પોતાનાં વસ્ત્રો પહેરવા લાગી. રાજેમતી પોતાનાં વસ્ત્રો પહેરતી હતી અને રથનેમિ ત્યાં જ ઉભા ઉભા કહેતા હતા કે, હે સુલોચની ! મારા હૃદયમાં પહેલાં તમને પત્ની બનાવવાની જે ઇચ્છા થઇ હતી, તે તમારા ઉપદેશથી અવશ્ય ઉપશાંત તો થઈ હતી અને તમારા તે ઉપદેશથી પ્રભાવિત થઇને જ, મેં સંયમ પણ સ્વીકાર્યો, પરન્તુ તે ઇચ્છાનો વિનાશ થયો ન હતો. આજ તમને જોઇને, મારી તે ઉપશાંત થયેલી ઇચ્છા ફરી જાગૃત થઈ છે. મારા હૃદયમાં તમારા પ્રેમનો જે અંકુર ઉત્પન્ન થયો હતો, અને તમારા ઉપદેશને કારણે જે દબાઇ ગયો હતો, તે આજે ફરીથી વિકસિત થઈ ઉઠયો છે. ખરેખર, તમે અપ્રતિમ સુંદર છો. તમારા જેવી સુંદરી પ્રત્યે, હૃદયમાં એક વાર જે પ્રેમ ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક રીતે નષ્ટ થતો નથી. માટે તમે મારી યાચના પૂરી કરો; અને તમારા શરીર-સ્પર્શથી સુખી બનાવો અને તમે પોતે પણ આનંદનો અનુભવ કરો.

રથનેમિ આવા પ્રકારની વાતો કરતા હતા, પરન્તુ રાજેમતી જ્યાં સુધી પોતાનાં વસ્ત્રો પહેરી ન રહી ત્યાંસુધી તેણે રથનેમિના સંભાષણનો કશો પણ જવાબ વાળ્યો નહિ. કપડાં પહેરી લીધા પછી, રાજેમતી, રથનેમિને કહેવા લાગી-અરે રથનેમિ! તમે તો સાધુ થયા છો ને ? સાધુ થઈને પણ જ્ઞાન-ધ્યાનની વાતો છોડી આવી વાતો કરો છો !

રથનેમિ- હા, હું સાધુ અવશ્ય છું, પરંતુ આ સમયે તમારા વિના મને બીજું કંઈ ગમતું નથી. આ સમયે હું જ્ઞાન-ધ્યાન ભૂલી ગયો છું.

રાજેમતી—તમે, સંયમ સ્વીકારતી વખતે શી પ્રતિજ્ઞા કરી હતી. તે કહી શકો છો ?

રથનેમિ—મને યાદ છે.

રાજેમતી--શું આપ ગમે તેટલી તમારી પ્રવૃત્તિઓને ઢાંકી શકો જાણવું ।

રથનેમિ--કદાચ જાણ્યું હોય તો શું થાય, હું તેનું પ્રાયશ્ચિત્ત લઈશ અને સમજું છું કે કદાચ કરીશ તેનું તો પ્રાયશ્ચિત્ત જ નહિ કરવું પડે.

રાજેમતી--કેમ ।

રથનેમિ—એટલા માટે કે આ સ્થાન એકાંત છે; હું અને તમે જે કાંઈ કરીશું તેને બીજું કોઈ નહિ જાણી શકે.

રાજેમતી--તો શું જે પાપને બીજું કોઈ ન જાણે તેનું પ્રતિફળ નહિ ભોગવવું પડતું હોય, કેમ ! શું તમારાં કૃત્યોને શું તમારો આત્મા સાક્ષીભૂત નથી ? શું આ રીતે છૂપું પાપ કરતાં ઇચ્છા રાખનાર, સાધુપણામાં દીક્ષિત બનીને, સાધુપણાને દૂષિત નથી કરતા ! આ પ્રકારે છૂપાઈને પાપ કરવાની ભાવના સેવવી એ તો મહાન્ અપરાધ છે. આ ઉપરાંત, કદાચ તમે તો આ રીતે છૂપું પાપ કરવા તૈયાર પણ થાવ, પરંતુ હું એવું કરીને મારી સાધુતાને શા માટે કલંકિત કરું !

રથનેમિ—સારું, ત્યારે તો આવો, આપણે બન્ને સંસારના ભોગો ભોગવીએ, અને પછી જ્યારે ભુક્તભોગી બનશું ત્યારે સંયમ લઈને, સંયમનું આચરણ કરીશું.

રાજેમતી—ઠીક છે, પરન્તુ તે વખતે મે તમારો લાવેલો પેય પદાર્થ, જે મે તમને આપ્યો હતો તે તમે કેમ નહિ તો પીધો ?

રથનેમિ—એટલા માટે કે, તે તમે વમન કર્યો હતો.

રાજેમતી—પરન્તુ જો તમે જ તે વમન કર્યો હોત, તો શું મે તે પી જાત કે ?

રથનેમિ—વમન કરાવેલો પદાર્થ હું પણ પાછો કેવી રીતે પી શકું ?

રાજેમતી—એવી જ રીતે, કે જે રીતે તમે અત્યારે તમારા ત્યાગેલા કાર્યનું આચરણ ફરીથી કરવા તત્પર થયા છો! જ્યારે તમે પોતે છોડેલા કામભોગ ફરીથી ભોગવવા ઇચ્છો છો, તો પછી તમને, વમન કરેલો પેય પદાર્થ પીવામાં શી હરકત હતી ? અરે રથનેમિ! સંયમ લઈને અને સાંસારિક ભોગો છોડીને, ફરી અત્યારે તે ભોગો ભોગવવા તૈયાર થયા છો ? તમને શરમ પણ નથી આવતી ? તમે, યશસ્વી મહારાજા અંધકવૃષ્ણિના પૌત્ર, મહારાજા સમુદ્રવિજયના પુત્ર અને યદુકુળ કમળ દિવાકર ભગવાન અરિષ્ટનેમિના નાના ભાઈ થઈને, કુતરાંઓની જેમ તમે ત્યાગેલા ભોગોને અપનાવવા ઇચ્છો છો ? તમે તમારા કુળને દૂષિત કેમ કરી રહ્યા છો ! તમે, કુલવાન્ મનુષ્ય થઈને પણ, તે મર્યાદાનું ઉલ્લંઘન કરો છો કે, જે મર્યાદાને વશ થઈને, સર્પ પણ પોતાનો પ્રાણ ખોઈ નાખે છે. મંત્રવાદીની પ્રેરણાથી, પ્રાણના લોભમાં પડીને, ગંધન જાતિનો સર્પ તો, પોતે વમેલું વિષ કદાચ ચૂસી લ્યે છે, પરન્તુ અગંધન જાતિના સર્પ, પોતે વમેલું વિષ કદાપિ ચૂસી લેતા નથી. હા, અગ્નિમાં પડીને જરૂર પ્રાણની આહુતિ આપી દે છે. જ્યારે એક સર્પ પણ પોતાનું વમેલું વિષ ચૂસી લેવાને બદલે પ્રાણ છોડી દેવાનું વધારે સારૂં માને છે, ત્યારે તમે તો મનુષ્ય છો. તમારે તમારી પ્રતિજ્ઞાના રક્ષણ માટે શું કરવું જોઈએ તે વિચારો! કદાચિત તમે વમેલી વસ્તુ ચૂસી લેવા પણ તૈયાર થાઓ, ત્યાગી દીધેલા વિષયભોગો ફરી ભોગવવા માંડો. પરન્તુ હું તો પ્રાણ છે ત્યાં સુધી એવું કદાપિ કરી શકું તેમ નથી. હું મહારાજા ભોજ વિષ્ણુની પૌત્રી છું. હું મારી પ્રતિજ્ઞા પર અંત સુધી દૃઢ રહીશ અને અગંધન જાતિના સર્પની જેમ, પ્રાણોનું મમત્વ અવશ્ય છોડી દઈશ, પણ હું જે ભોગોને ત્યાગી ચૂકી છું, તેમાં ફરી પણ પ્રવૃત્ત નહિ બનુ

પોતાના આવા દુર્વ્યવહાર બદલ ક્ષમા માગવા લાગ્યા અને કહેવા લાગ્યા કે–હે સતી! તમે મારા પર ખૂબ જ ઉપકાર કર્યો છે. હું તમારો ઉપકાર કદી પણ નહિં ભૂલી શકું. મારા તરફથી તો હું પતિત થઈ જ ચૂકયો હતો, પરંતુ તમે મારા જેવા પતિતને પણ પાવન કરી દીધો. જો કે હું મારી પૂર્વ પ્રતિજ્ઞાઓને દૂષણ લગાડી ચૂકયો છું; તથાપિ આજે ફરી પ્રતિજ્ઞા કરૂં છું કે, હવેથી હું કદાપિ કોઈ સ્ત્રી પર મન નહિ કરૂં પરંતુ સંયમમાં દઢ રહીશ.

રથનેમિની પ્રતિજ્ઞા સાંભળીને, રાજેમતીએ તેમને ધન્યવાદ આપ્યો અને કહ્યું–રથનેમિ! ગભરાઓ નહિં. ગભરાવાથી કાંઈ વળશે નહિં. જે થયું તે થયું; હવેથી પણ જો તમે તમારી કરેલી પ્રતિજ્ઞાઓમાં દઢ રહેશો તો પણ સમસ્ત પૂર્વ પાપોથી મુક્ત થઈ શકશો, તથા આત્મકલ્યાણ પણ કરી શકશો. હવે હું તમને એટલું જ કહું છું કે, આજની આ પ્રતિજ્ઞા કદી પણ ભૂલશો નહિ, હમેશાં યાદ રાખજો, અને પ્રતિજ્ઞામાં ક્યારેક કોઈ દૂષણ લાગી જાય તો તેને દબાવશો નહિ, પણ નિંદા–ગર્હા વડે પ્રકટ કરીને શુદ્ધ બની જજો.

રથનેમિએ રાજેમતીની આ વાત સ્વીકારી. રાજેમતી, ગુફામાંથી નીકળીને, પર્વતના શિખર પર જવાને માર્ગે આવી. ત્યાં તેની શિષ્યાઓ બેસી રહીને, રાજેમતીની રાહ જોતી હતી. શિષ્યાઓને મળીને, રાજેમતીએ તેઓને કુશળ પ્રશ્ન પૂછ્યો, અને પછી તે, સૌની સાથે શિખર પર ચડવા લાગી.

☆

૧૩

વિયોગાન્ત

અનન્ય પ્રેમનો મહિમા અદ્ભુત છે. આ પ્રકારના
મહાન્ શક્તિ હોય છે. એવા પ્રેમી પોતાના પ્રેમપાત્રને પ્રાપ્ત
છે. કોઈને ભલે કઠોર બંધનમાં નાખવામાં આવે, ત્રિલોકના
પ્રલોભન આપવામાં આવે અથવા મૃત્યુદંડ આપવામાં આવે, તો
જો તેઓ અનન્ય પ્રેમી હોય તો પોતાના પ્રેમપાત્રને ભૂલી શ
નથી; તેમના પ્રત્યેનો પ્રેમ છોડી શકતા નથી; અને તેના બદલે
બીજાને પ્રેમપાત્ર બનાવતા નથી. અનન્ય પ્રેમી પોતાના પ્રેમપાત્ર
માટે, જગતની કઠણમાં કઠણ યાતનાઓ પણ હર્ષપૂર્વક સહન
છે, અને મહાન્‌માં મહાન્ પ્રલોભનને પણ ઘૃણાપૂર્વક લાત મારે
ભલે ગમે તેવો અને ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે,
પોતાના પ્રેમપાત્રની તુલનામાં, જગતની કોઈ પણ ચીજ કે કોઈ
પણ વ્યક્તિને માનતો નથી. તે પ્રેમી, પોતાના પ્રેમપાત્ર સામે સૌને
તુચ્છ સમજે છે. ભ્રમરનો પુષ્પ પ્રતિ જે અનન્ય પ્રેમ છે તેને
મટાડવા માટે, ભલે કોઈ તેને પુષ્પથી પણ વધારે સુગંધિત તથા
કોમળ પદાર્થ આપે, છતાં તે પદાર્થને તુચ્છ સમજીને તેની અવ-
હેલના જ કરશે, તે પર મુગ્ધ બનીને પુષ્પ પ્રત્યે જે અનન્ય પ્રેમ છે
તેને કદાપિ નહિ ત્યાગે. એ જ પ્રમાણે ભલે કોઈ તેને કઠોરમાં કઠોર
બંધનમાં જકડે અથવા તેને મારી પણ નાખે, તો પણ તેના પુષ્પ
પ્રત્યેના પ્રેમમાં કિંચિત્ પણ ન્યૂનતા નહિ આવે. અનન્ય પ્રેમી,
પોતાના પ્રેમપાત્રનો દોષ પણ નથી દેખતો. પ્રેમપાત્ર ભલે તેનો
તિરસ્કાર કરે, તેને ભૂલી પણ જાય, તેનાથી પ્રેમ ન પણ કરે; તેમ
છતાં અનન્ય પ્રેમીના હૃદયમાં તેના પ્રત્યે એવો ને એવો જ પ્રેમ
રહે છે.

અનન્ય પ્રેમની બાબતમાં અનેક કથાઓ પ્રસિદ્ધ છે. રાવણે સીતાને ખૂબ ભય બતાવ્યો અને ખૂબ પ્રલોભન પણ આપ્યું, છતાં સીતાના હૃદયમાં રામ પ્રત્યેનો પ્રેમ ઓછો ન થયો. રૂક્મિણીને અનેક પ્રકારનાં કષ્ટો આપવામાં આવ્યાં, અને અત્યધિક પ્રલોભન પણ આપવામાં આવ્યું, છતાં રૂક્મિણીનો કૃષ્ણપ્રેમ અડગ જ રહ્યો; એ અનન્ય પ્રેમનો જ મહિમા હતો. અનન્ય પ્રેમ ન હોય તો, થોડોક ભય કે થોડુંક પ્રલોભન પ્રેમીને પ્રેમપાત્ર તરફથી વિમુખ કરી શકે છે; પરન્તુ અનન્ય પ્રેમને કોઈ ક્યારેય પણ મટાડી શકતું નથી.

તે પ્રેમ, કે જેમાં કેવળ વિષય-ભોગની જ લાલસા છે, તે અનન્ય પ્રેમ નથી કહેવાતો. વિષય-જન્ય પ્રેમ વિષયસુખના અભાવે નાશ પામે છે અથવા બીજી બાજુ પલટાઈ જાય છે. અનન્ય પ્રેમ નથી રહેતો. અનન્ય પ્રેમ તો, ભલે પ્રેમપાત્ર તરફથી સુખ મળે કે દુઃખ મળે, કોઈ બીજા તરફથી, પ્રેમપાત્ર તરફથી મળતાં સુખ કરતાં હજાર બલકે લાખ ગણું સુખ મળતું હોય, અથવા ઘોર આપત્તિમાં પણ ઉતરવું પડતું હોય, કોઈ પણ દશામાં, નષ્ટ કે ન્યૂન નથી થતો. વિષયસુખને માટે કરવામાં આવેલા પ્રેમમાં આ બાબત નથી હોતી. તે પ્રેમ તો ઘટે પણ છે અને નષ્ટ પણ થાય છે.

એવો પ્રેમ વેશ્યાના પ્રેમ જેવો હોય છે, જે પ્રેમ હોવો તે ન હોવા બરોબર છે.

રાજેમતીના હૃદયમાં ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેનો આ અનન્ય પ્રેમ માત્ર આ જ ભવથી નહોતો પણ આઠ ભવ પહેલાનો હતો. જો રાજેમતી વિષયસુખની લાલસાથી જ ભગવાન પ્રત્યે પ્રેમ ધરાવતી હોત, તો તો ભગવાન પાછા ફરતા, તેનો પ્રેમ પણ તૂટી જાત અને તે કોઈ બીજાને પોતાનુ પ્રેમપાત્ર બનાવી લેત, પરતુ તેણે માતા-પિતા તથા રથનેમિ દ્વારા કરવામા આવેલ લગ્નની વાત તરફ ઘૃણાની દૃષ્ટિએ જ જોયુ. આથી સ્પષ્ટ છે કે, રાજેમતી, ભ૦ અરિષ્ટનેમિ પ્રત્યે કેવળ વિષયસુખની લાલસાથી જ પ્રેમ નહોતી

કરતી, પરન્તુ તેનો સ્વાભાવિક અનન્ય પ્રેમ હતો. પતિ પ્રત્યે અનન્ય પ્રેમ ધરનારી કુલાંગનાઓ વિષયસુખને અર્થે જ પતિ સાથે પ્રેમ નથી કરતી, પણ તેમનામાં પતિ પ્રત્યે સહજ પ્રેમ હોય છે અને એ જ કારણે તે પ્રેમ અનન્ય પ્રેમની સીમા સુધી પહોંચે છે.

રાજેમતી, પોતાના પ્રેમપાત્ર ભ૦ અરિષ્ટનેમિનું જ અનુસરણ કરતી. જ્યાં સુધી ભગવાન કુમાર રહ્યા ત્યાં સુધી તે પણ કુમારી રહી. ભગવાન રાજેમતીના દ્વારેથી પાછા ફરી, જ્યાં સુધી ઘેર રહ્યા, ત્યાં સુધી તે પણ ઘેર રહી, અને જ્યારે ભગવાને સંયમ લીધો, તથા જે પદની આરાધના ભગવાન કરતા હતા, તે જ પદની આરાધના તે પણ કરવા લાગી. જે મોક્ષપદને પ્રાપ્ત કરવા માટે ભગવાન પ્રયત્નશીલ હતા, તેને જ માટે રાજેમતી પણ પ્રયત્નશીલ હતી. આ પ્રમાણે ભગવાનનું પદાનુગમન કરતી રાજેમતી, ભગવાનના દર્શન કરવા માટે ભગવાનની સેવામાં હાજર થઈ. તેને એવા વિચારે આનંદ હતો કે, આજે ભગવાન મારા પ્રેમના વિષયમાં મને કોઈ પ્રકારનો ઉપાલંભ આપશે નહિ. જો મેં તેમનું પદાનુસરણ ન કર્યું હોત, તો મને આજે ભગવાનને મ્હોં દેખાડતા પણ સંકોચ થાત, તથા ભગવાન પણ મને એમ કહી શકત કે, જો તારામાં મારા પ્રત્યે પ્રેમ હોત તો તું મારું અનુગમન કરત; પરંતુ મેં મારા કર્તવ્યનું પાલન કર્યું છે, તેથી મને કોઈ જાતનો ભય કે સંકોચ થતો નથી.

આ પ્રકારના વિચારોથી પ્રસન્ન રાજેમતી જે ઘણા વખતથી દર્શનની ઝંખના કરતી, તે ભ૦ અરિષ્ટનેમિનું દર્શન કરીને ઘણી જ હર્ષિત બની. તેનાં રોમેરોમ વિકાસમાન થયા. તેણે પોતાની શિષ્યાઓ સાથે ભગવાનને વિધિપૂર્વક વંદન-નમસ્કાર કર્યા, અને પછી પ્રાર્થના કરવા લાગી કે-હે પ્રભો ! મારા પર પૂર્વના આઠ ભવમાં આપની જે કૃપા રહી છે તેનાથી વિશેષ કૃપા આપે આ નવમા ભવમાં કરી છે. તે આઠ ભવોના પ્રેમ વચ્ચે તો, વિયોગાદિના અનેક કષ્ટો સહેવાં પડ્યાં છે, એવ પ્રેમના બદલાથી તો જન્મ-મરણનાં દુઃખો ભોગવવાં જ

ડે છે, એટલા માટે આપે આ ભવ, આપનો પૂર્વપ્રેમ સુદૃઢ અને શાશ્વત બનાવવામાં લગાડી દીધો છે. આપનું આ કાર્ય જ્યાં સુધી મારા સમજવામાં ન્હોતું આવ્યું ત્યાં સુધી તો હું દુઃખી રહી, પરન્તુ જ્યારે મને આપનાં કાર્યનું મહત્ત્વ માલૂમ પડયું ત્યારે મને ખૂબ જ આનંદ થયો અને મેં પણ મારા પ્રેમને અવિચળ બનાવવા માટે એ જ માર્ગ અપનાવ્યો કે જે માર્ગને આપે અપનાવ્યો છે; તથા જેને અપનાવવા વાસ્તે આપે મને, દ્વાર સુધી પધારીને સૂચના આપી હતી. પ્રભો! હવે કૃપા કરીને મને એવો ઉપદેશ આપો કે જેથી મારો માર્ગ સુગમ બને, અને હું તે સ્થાનને શીઘ્રાતિશીઘ્ર પ્રાપ્ત કરી શકું કે જ્યાં પહોંચવાથી મારો પ્રેમ હંમેશને માટે સ્થાયી બની જાય.

રાજેમતીની પ્રાર્થના સાંભળીને, ભગવાને કહ્યું–સતી રાજેમતી! તમે જે સંયમમાર્ગ અપનાવ્યો છે તે પર દૃઢ રહેવું, તેમાં પ્રમાદ ન કરવો, એ જ તે સ્થાન–મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

હું જાણું છું કે, તમે સંયમની આરાધના રૂડી રીતે કરી રહ્યા છો, તથા આગળ પણ કરશો તે પણ હું જાણું છું, છતાં પણ તમારા પૂછવાથી, મેં તમને સંયમમાર્ગ પર દૃઢ રહેવાની જે સાવધાની આપી છે તે બીજા લોકોને માટે હિતકર થશે, એ દૃષ્ટિથી આપી છે.

ભગવાનની વાણી સાંભળીને, રાજેમતી ગદ્‌ગદ્ બની ગઈ. તેનાં નેત્રો ભગવાનના દર્શન બાબતમાં અતૃપ્ત જ રહ્યાં. રાજેમતી, માત્ર ભગવાનની વાણી સાંભળીને અથવા તેમનાં દર્શન કરીને જ બેસી ન રહી, પરંતુ તેણે સંયમ તથા તપની સુંદર રીતે આરાધના કરી. તપ, સંયમની આરાધનાથી, રાજેમતીને કૈવલજ્ઞાન પ્રાપ્ત થયું. અંતમાં રાજેમતી, ભગવાન શ્રી અરિષ્ટનેમિથી ૫૪ દિવસ પહેલાં મોક્ષ પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગઈ.

☆

ઉપસંહાર

આ કથા ખાસ કરીને, હિંસા અને વિષય-ભોગના ત્યાગનો આદર્શ સન્મુખ રાખે છે. તેમાં બતાવ્યું છે કે, ભ૦ અરિષ્ટનેમિએ હિંસા અને વિષયભોગના ત્યાગની કેવી ઉત્તમ શિખામણ આપી છે અને તેમ કરવા માટે તેમણે શું શું કર્યું હતું. જો તેમને માત્ર પોતાનું જ કલ્યાણ કરવાની અભિલાષા હતી તો તેઓ પ્રત્યક્ષ જ્ઞાનના સ્વામી હતા, એટલે ધ્યાન, મૌન અને તપાદિ વડે સહજ રીતિએ જ, આત્મકલ્યાણ કરી શકતા હતા; પરન્તુ તીર્થંકરનો જન્મ લેવાનો હેતુ, જગત્ સન્મુખ કોઈ ખાસ આદર્શ રજુ કરવાનો હોય છે. ભ૦ અરિષ્ટનેમિએ, જગત્ સન્મુખ અહિંસા-દયાનો ઉત્કૃષ્ટ આદર્શ રજુ કર્યો અને આ આદર્શ રજુ કરવા માટે તેમણે અનુપમ ત્યાગ પણ કર્યો. ભ૦ અરિષ્ટનેમિએ, સંસાર સમક્ષ જે આદર્શ મૂકયો તે આદર્શ મૂકવા માટે તેમણે જ્ઞાનાદિ વિશેષતાની સહાયતા ન લીધી. જો તેઓ પોતાની ખાસ શક્તિઓનો ઉપયોગ કરત, તો અહિંસા અને વિષય-સુખના ત્યાગનું મહત્ત્વ ઘટી જાત. લોકો બોલત કે, ભ૦ અરિષ્ટનેમિ અસાધારણ પુરુષ છે, અમે સાધારણ લોકો તેમનું અનુકરણ ન કરી શકીએ, માટે અહિંસા અને સંસારથી વૈરાગ્ય થવો એ અસાધારણ પુરુષનું જ કાર્ય છે. જનતામાં, આ જાતના વિચારો ફેલાવાથી, ભગવાને રજુ કરેલા અહિંસા અને વૈરાગ્યના આદર્શનો, જનતા પૂરેપૂરી રીતે લાભ ન લઈ શકત, એટલા માટે જ ભગવાને એ જ માર્ગ બતાવ્યો કે જે સાધારણ પુરુષ માટે પણ અસાધ્ય નથી,

અને જે વડે એક કુશળ ઉપદેશક, લોકો પર પોતાના ઉપદેશનો પ્રભાવ પાડી શકે છે.


આ કથા સતી રાજેમતીની તો છે જ, એટલા માટે તેનાં ચરિત્રમાં વિશેષતા હોવી સ્વાભાવિક જ છે. રાજેમતીએ, પોતાનાં ચરિત્ર વડે જગતની સ્ત્રીઓને એ શિખામણ આપી છે કે, તમે જેની સાથે પ્રેમ કરો તેની સાથે અનન્ય પ્રેમ કરો, માત્ર કૃત્રિમ-દેખાવટી પ્રેમ ન કરો. પોતાના પ્રેમપાત્ર સામે, જગતના અન્ય પુરુષોને પુરુષ જ ન માનો, અને પોતાના પ્રેમીને માટે બધું ત્યાગી દો. તે સાથે જ એ પણ શિખામણ આપી છે કે, સંકુચિત અને અપવિત્ર પ્રેમને બદલે, વિશાળ અને પવિત્ર પ્રેમને વિશેષતા આપો. પતિ સાથે કેવળ સાંસારિક ભોગો ભોગવવા માટે જ પ્રેમ ન કરો, પણ પતિના ઉચિત કાર્યનું અનુકરણ કરવા માટે પ્રેમ કરો. પછી ભલે તેમ કરવામાં, તમારે સાંસારિક ભોગ-વિલાસને તિલાંજલી પણ કેમ ન દેવી પડે! કોઈ બીજો પુરુષ, કોઈ સ્ત્રીનું સતીત્વ હરણ કરવા ઇચ્છે, તો તે વખતે તે સ્ત્રીનું શું કર્તવ્ય છે, તે માટે પણ રાજેમતીનું ચરિત્ર માર્ગદર્શક છે. તેણે રથનેમિને બે વાર ઉપદેશ આપીને, પોતાના શિયળની રક્ષા કરી હતી, અને છેલ્લી વખત તો એકાન્તનો એવો વિષમ પ્રસંગ હતો કે, જ્યાં પુરુષથી, સ્ત્રીને માટે પોતાના શિયળનું રક્ષણ કરવું અતિ મુશ્કેલ હતું, છતાં તે વખતે પણ રાજેમતીએ, શીલરક્ષા સંબંધમાં પોતાનું સાહસ ન છોડયું. પહેલાં તો તેણે એ આસનનો ઉપયોગ કર્યો હતો કે જે પુરુષથી રક્ષા કરવામાં સમર્થ હતું. પરંતુ તેની આગળ તેણે, અગંધન જાતિના સર્પનું ઉદાહરણ પેશ કરીને, એ પણ સ્પષ્ટ કહી દીધું કે, હું અગંધન સાપની જેમ મરી જવાનું શ્રેષ્ઠ માનું છું, પરન્તુ વમી દીધેલાં અથવા ત્યાગેલાં વિષયભોગો કદીયે સ્વીકારીશ નહિં.

રાજેમતીનું ચરિત્ર, પતિપ્રેમ, ધૈર્ય, દૃઢતા, ત્યાગ, બ્રહ્મચર્ય અને તપના અપ્રતિમ આદર્શ રૂપ છે. ભ॰ અરિષ્ટનેમિ અને સતી

રાજેમતિનું ચરિત્ર, જેવા આદર્શોથી ભરેલું છે તેવા આદર્શોથી ભરેલું બીજું ચરિત્ર જગતમાં મળવું અતિ મુશ્કેલ છે. તેમ, સતીનું [illegible] [illegible] આદર્શ [illegible] તેમનું [illegible] આવી છે પ્રીતિ. જે [illegible] અપૂર્વ બની ગઈ, તે બીજા કોઈ ચરિત્રમાં મળી શકતી નથી.

ભગવાન અરિષ્ટનેમિનું ચરિત્ર, ઉપદેશકો માટે પણ બહુ જ શિક્ષાપ્રદ છે. ઘણા એવા ભાવો ઉપદેશ આપવા માટે ઉત્તમ ગણાય, અને છે, તે ઉપદેશની પાછળ ક્રિયાત્મક આદર્શ નથી ગણાતા; અને ઉપદેશને રંગ શ્રોતાઓને માટે જ આવશ્યક બને છે, પોતાને માટે નહિ. એવા લોકોને, ભ૦ અરિષ્ટનેમિએ પોતાના ચરિત્રથી સ્પષ્ટ બતાવી દીધું છે, ઉપદેશ સફળ બનાવવા માટે, ઉપદેશકે, જનતા સન્મુખ ઉપદેશથી પણ ઉચ્ચ આદર્શ રાખવો જોઈએ, અને ઉપદેશકે તો ત્યારે જ ઉપદેશ આપવો જોઈએ કે જ્યારે તે પોતે ઉપદેશની અથવા તો તેનાથી ઊંચી ભાવનાનું આચરણ કરતા હોય. ઉપદેશની સાથે જ્યાં સુધી ત્યાગનું બળ નહિ હોય ત્યાં સુધી ઉપદેશનો પ્રભાવ નથી પડી શકતો.

સતી રાજેમતી અને ભ૦ અરિષ્ટનેમિનું ચરિત્ર, પોતાનાં જીવનમાં ઉતારનાર સ્ત્રી-પુરુષ, સાંસારિક જીવન પણ સુખ પૂર્વક વ્યતીત કરશે અને પરલોકમાં પણ સુખ પ્રાપ્ત કરશે. અને, કોઈક વખતે જન્મ-મરણના ફેરાથી છૂટી, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને, અક્ષયસુખ પામશે.



. · પ્રતે કહ્યું—આપ ધીરજ રાખો. હમણાં લગ્ન કરવા માટે ઓ આગ્રહ ન રાખો. હમણાં મારા માટે લગ્ન કરવાનો સમય ઓ નથી. સમય આવતાં બધું થઈ જશે.

ભગવાનનો આ જવાબ સાંભળીને, તેમના માતા પિતા વિરોધ કંઈ · ી શક્યા નહિ. તેમના હૃદયમાં યત્કિંચિત્ આશાનો સંચાર થયો. ે તેઓ, જે દિવસે ભગવાનનું લગ્ન થતું જોઈ શકે તે દિવસની ·ંઠાપૂર્વક રાહ જોવા લાગ્યા.



૨

કૃષ્ણને ભય

સાંસારિક મનુષ્ય, પોતાના સ્વાર્થ પર આઘાત થાય તે કદાપિ સાંખી શકતો નથી. તેની પાસે, બીજા બધા અપરાધો તો ક્ષમ્ય થઈ શકે છે, પરન્તુ તેના સ્વાર્થ આડે આવનારું વિઘ્ન તેને અસહ્ય થઈ પડે છે. અમુક માણસથી મારા સ્વાર્થનો નાશ થશે, મારું રાજ-પાટ, યશ-વૈભવ, કીર્તિ-વડાઈ, માન-સન્માન વગેરેમાં હાનિ પહોંચશે, એવી આશંકા થતા જ, સાંસારિક મનુષ્ય, તે શંકાસ્પદ

તેમના પ્રત્યે કહ્યું—આપ ધીરજ રાખો, હમણા લગ્ન કરવા માટે આટલો આગ્રહ ન રાખો. હમણા મારા માટે લગ્ન કરવાનો સમય આવ્યો નથી. સમય આવતાં બધું થઈ જશે.

ભગવાનનો આ જવાબ સાંભળીને, તેમના માતા પિતા વિશેષ કાંઈ કહી શક્યા નહિં. તેમના હૃદયમાં યત્કિંચિત્ આશાનો સંચાર થયો, અને તેઓ, જે દિવસે ભગવાનનું લગ્ન થતું જોઈ શકે તે દિવસની ઉત્કંઠાપૂર્વક રાહ જોવા લાગ્યા.



૨

કૃષ્ણને ભય

સાંસારિક મનુષ્ય, પોતાના સ્વાર્થ પર આઘાત થાય તે કદાપિ સાંખી શકતો નથી. તેની પાસે, બીજા બધા અપરાધો તો ક્ષમ્ય થઈ શકે છે, પરન્તુ તેના સ્વાર્થ આડે આવનારૂં વિઘ્ન તેને અસહ્ય થઇ પડે છે. અમુક માણસથી મારા સ્વાર્થનો નાશ થશે, મારૂં રાજ-પાટ, ધન-વૈભવ, કીર્તિ-વડાઇ, માન-સન્માન વગેરેમાં હાનિ પહોંચશે, એવી આશંકા થતા જ, સાંસારિક મનુષ્ય, તે શકારપદ

સ્વાર્થ રક્ષણુની ભાવનાનો વેગ હોવાથી તેણે, પોતાના પ્રિય અને બાળક ભ્રાતપુત્રની હત્યા કરવાનો નિશ્ચય કરી જ નાખ્યો હતો. આવા જ પ્રકારનાં બીજા અનેક ઉદાહરણો છે. વર્તમાન સમયમાં પણ એવાં અનેક ઉદાહરણો છે. વર્તમાન સમયમાં પણ એવા અનેક રાજકેદીઓ હશે કે જેમને સરકારે કેવળ આ ભ્રમપૂર્ણ શંકાથી કેદ કરી રાખ્યા છે કે, તેઓ અમારું રાજ્ય ઝુંટવી લેવાની ઇચ્છા રાખે છે અથવા તેમના વડે અમારા સ્વાર્થને ધક્કો લાગે છે.

ભગવાન અરિષ્ટનેમિની બાબતમાં પણ એવો જ ભ્રમ થયો. જો કે ભ૦ અરિષ્ટનેમિ શ્રી કૃષ્ણના ભાઈ હતા. તેમને રાજપાટની ચાહના ન હતી અને કદાચ ચાહના હોત તો પણ તેઓ પોતાના અનંત બલ વડે આખા જગતના સમ્રાટ બની શકતા હતા; છતાં પણ શ્રીકૃષ્ણના હૃદયમાં તેમના પ્રત્યે એવો સંદેહ થયો કે, તે કોઈ વખતે મારી પાસેથી રાજ્ય તો છીનવી નહિં લ્યે !

સ્વા ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી હતા. ત્રણ ખંડ પૃથ્વીના
સુદ લો વિશાળ ધન વૈભવ હોય છે અને જેટલી વિશાળ
શસ્ત્ર તે બધી શ્રીકૃષ્ણ પાસે હતી. યુદ્ધ–સામગ્રીમાંથી
તે શ મને ત્યાં એક વિશાળ શસ્ત્ર-ભંડાર બનેલો હતો.
મોદ નેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્ર મોજુદ હતાં. શ્રીકૃષ્ણની
સારંગ
શસ્ત્ર શૂંન ચક્ર, પંચજન્ય શંખ
ાં હતાં. અનેક વીર
સાવ રતા હતા. એક દિવસે,
.મિ, ા ફરતા, શ્રીકૃષ્ણના તે
ા ભાઈ અને સમુદ્-
ારના રક્ષકે તેમનુ નમ્ર-
ગવન્ ! આજે અચાનક
ઈ શત્રુને મન્યુ અદિં

સ્વાર્થ રક્ષણની ભાવનાનો વેગ હોવાથી તેણે, પોતાના પ્રિય અને બા
ભ્રાતપુત્રની હત્યા કરવાનો નિશ્ચય કરી જ નાખ્યો હતો. આવા જ પ્ર
રનાં બીજાં અનેક ઉદાહરણો છે. વર્તમાન સમયમાં પણ એવાં અને
ઉદાહરણો છે. વર્તમાન સમયમાં પણ એવા અનેક રાજકેદીઓ હ
કે જેમને સરકારે કેવળ આ ભ્રમપૂર્ણ શંકાથી કેદ કરી રાખ્યા છે કે,
તેઓ અમારું રાજ્ય ઝુંટવી લેવાની ઇચ્છા રાખે છે અથવા તેમના
વડે અમારા સ્વાર્થને ધક્કો લાગે છે.

ભગવાન અરિષ્ટનેમિની બાબતમાં પણ એવો જ ભ્રમ થયો. જો કે ભ૦ અરિષ્ટનેમિ શ્રી કૃષ્ણના ભાઈ હતા. તેમને રાજપાટની ચાહના ન હતી અને કદાચ ચાહના હોત તો પણ તેઓ પોતાના અનંત બલ વડે આખા જગતના સમ્રાટ બની શકતા હતા; છતાં પણ શ્રીકૃષ્ણના હૃદયમાં તેમના પ્રત્યે એવો સંદેહ થયો કે, તે કોઈ વખતે મારી પાસેથી રાજ્ય તો છીનવી નહિં લ્યે ?

શ્રીકૃષ્ણ ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી હતા. ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી પાસે, જેટલો વિશાળ ધન વૈભવ હોય છે અને જેટલી વિશાળ યુદ્ધ-સામગ્રી રહે છે તે બધી શ્રીકૃષ્ણ પાસે હતી. યુદ્ધ-સામગ્રીમાંથી શસ્ત્ર-અસ્ત્ર માટે, તેમને ત્યાં એક વિશાળ શસ્ત્ર-ભંડાર બનેલો હતો. તે શસ્ત્ર-ભંડારમાં અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્ર મોજુદ હતાં. શ્રીકૃષ્ણની કૌમોદકી ગદા, તેમનું સારંગ ધનુષ્ય, સુદર્શન ચક્ર, પંચજન્ય શંખ અને તલવાર પણ, તે શસ્ત્ર ભંડારમાં રાખેલાં હતાં. અનેક વીર યોદ્ધાઓ તે શસ્ત્રભંડારનું સાવધાનીથી રક્ષણ કરતા હતા. એક દિવસે, મિત્રો સાથે ભ૦ અરિષ્ટનેમિ, સ્વાભાવિક ફરતા ફરતા, શ્રીકૃષ્ણના તે શસ્ત્રભંડારમાં ગયા. મહારાજા શ્રીકૃષ્ણના વહાલા ભાઈ અને સમુદ્રવિજયના વહાલા પુત્રને આવતા જોઈ, શસ્ત્રભંડારના રક્ષકે તેમનું નમ્રતાપૂર્વક સ્વાગત કર્યું તથા પ્રાર્થના કરી કે, ભગવન્ ! આજે અચાનક આપનું અહિં શા હેતુએ પધારવું થયું ? શું કોઈ શત્રુને મ-યુ અહિં

ચૂરા થઈને રજકણ બની જાય. અને મનુષ્યની તો શક્તિ જ શી કે
જેનો ઘા સહન કરી શકે! ભગવાન! આ ધનુષ્યનું નામ સારંગ છે.
તેને પણ મહારાજા શ્રીકૃષ્ણ જ ધારણ કરે છે. આ ધનુષ્યને શ્રીકૃષ્ણ
સિવાય કોઈ ચઢાવી શકતું નથી. તેનાં ટંકારનો ધ્વનિ પ્રચંડ મેઘ-
ગર્જના જેવો હોય છે. શત્રુસેનાનો મોટો ભાગ તો તે ધનુષ્યના ઘોર
અવાજથી જ ભયભીત બનીને ભાગી જાય છે. તેમાંથી નીકળેલું એક
એક બાણ અચૂક હોય છે અને શત્રુ વગરની પૃથ્વી કરીને જ રહે છે.
પ્રભો! આ મહારાજા શ્રીકૃષ્ણનો પંચજન્ય શંખ છે. આ શંખને
વગાડવાની શક્તિ કેવળ મહારાજા શ્રીકૃષ્ણમાં જ છે, બીજા કોઈથી
તેનું વગાડવાનું તો દૂર રહ્યું પણ તે ઉપડી શકતો પણ નથી. જે
વખતે મહારાજા શ્રીકૃષ્ણ આ શંખ વગાડે છે તે વખતે યુદ્ધક્ષેત્રમાં
ખળભળાટ મચી જાય છે, અને શત્રુસેના ભયભીત બનીને ભાગવા
લાગે છે. પ્રભો! આ વિશાળ ખડ્ગ મહારાજા શ્રીકૃષ્ણનું છે. આ
ખડ્ગ પાસે વજ્રશીલા પણ નકામી છે. આ જેના પર પડે છે
તેના ટુકડા જ કરી નાખે છે. મહારાજા શ્રીકૃષ્ણ ખાસ કરીને આ જ
હથિયારો ધારણ કરે છે.

ભ૦ અરિષ્ટનેમિ, સ્વાભાવિક આનંદપૂર્વક શસ્ત્રભંડારના રક્ષકે
કરેલી શ્રીકૃષ્ણના હથિયારોની પ્રશંસા સાંભળી રહ્યા હતા. શસ્ત્રભંડાર-
રક્ષકદ્વારા શ્રીકૃષ્ણના હથિયારોનું વર્ણન પૂરું થતાં, ભગવાન્ સારંગ
ધનુષ્ય ઉપાડવા માટે નીચા નમ્યા, કે તરતજ શસ્ત્રભંડાર રક્ષકે કહ્યું–
ભગવાન્! ઉભા રહો! આપ શ્રીકૃષ્ણના કોઈપણ હથિયારને ઉપાડવાનો
વિચાર જ ન કરશો. શસ્ત્રભંડાર રક્ષકની વાત સાંભળી ભગવાન વિચા-
રમાં પડ્યા. તેમણે સારંગ ધનુષ્ય ઉઠાવતાં પોતાના હાથને રોકી
લીધો અને ઉત્તેજિત બનીને શસ્ત્રભંડાર-રક્ષકને પૂછ્યું કે–એમ કેમ?

શસ્ત્રભંડારરક્ષક—ભગવન્! આ હથિયારો ઉપાડવાની શ્રીકૃષ્ણ
સિવાય બીજા કોઈનામાં શક્તિ નથી. તેને ઉપાડવાની ...

શસ્ત્રભંડાર રક્ષક આ પ્રમાણે વિચારતો હતો, એટલામાં જ ભગવાને ધનુષ્યને ઉતારી યથાસ્થાન મૂકી દીધું અને પંચજન્ય શંખ ઉપાડીને વગાડવા લાગ્યા. ભગવાને ફૂંકેલા શંખથી જે ધ્વની નીકળ્યો તેણે દ્વારિકાનિવાસી લોકોનો ભય વિશેષ વધારી દીધો. અનિષ્ટની સંભાવનાએ, સૌનાં હૃદયમાં ખળભળાટ મચાવી દીધો. શસ્ત્રાગારરક્ષક પણ, ભગવાનને શંખ ફૂંકતા જોઈ, ખૂબ વિસ્મય પામ્યો. તેના હૃદયમાં પણ ભગવાનની શક્તિ તથા તેમનું કૌશલ્ય જાણી, અનેક પ્રકારના વિચાર થવા લાગ્યા.

સુંદર રીતે શંખનાદ કરીને, ભગવાને પંચજન્ય શંખને યથાસ્થાન મૂકી દીધો અને સુદર્શનચક્ર ઉપાડયું. તેઓ તે ચક્રને આંગળી પર ધારણ કરીને, ફેરવવા લાગ્યા. વિદ્યુતની જેમ ચમકતું સુદર્શનચક્ર ભગવાનની આંગળીને આધારે, કુંભારના ચાકડાની જેમ વેગથી ફરી રહ્યું હતું અને તેનાં તેજમાં ભગવાનના મિત્ર તેમજ શસ્ત્રભંડારરક્ષકની આંખો અંજાઈ રહી હતી. ભગવાનને આ પ્રમાણે કુશળતા પૂર્વક ચક્ર ફેરવતા જોઇને, શસ્ત્રભંડાર રક્ષક અતિશય વિસ્મિત થયો. તે પોતાના મનમાં કહેતો હતો કે, ચક્ર ફેરવવાની આવી દક્ષતા તો સ્વયં મહારાજા શ્રીકૃષ્ણમાં પણ નથી. આ તો તેમનાથી પણ વધારે કુશળ છે. મને તો જગત્‌માં આવો કોઈ વીરપુરુષ દેખાતો નથી કે જે આમની શક્તિ અને નિપુણતા પાસે યુદ્ધમાં સ્થિર રહી શકે.

ભગવાને, સુદર્શનચક્રને પણ યથાસ્થાન ગોઠવીને, કૌમોદકી ગદા ઉપાડીને તેને ફેરવી. શ્રીકૃષ્ણના ચારેય હથિયારોનો પ્રયોગ કર્યા પછી, ભગવાને પાંચમુ હથિયાર--તલવારને પણ ઉપાડી અને પ્રશમન. ...કાયવારોની જેમ તેને પણ ફેરવવા લાગ્યા. ભગવાનનો મિત્ર તેમજ શસ્ત્ર...ભંડારરક્ષક, પહેલાં નહિ જોયેલું એવું ભગવાનનું બળ-કૌશલ્ય ચૂપચાપ ...મા ઉભા જોઈ રહ્યા હતા. અને શસ્ત્રભંડારરક્ષક, મનમાં ને મનમાં

ભગવાન—હું આપના આ કથન સાથે કદાપિ સહમત થઈ શકતો નથી. પોતાની રાજ્યલિપ્સા પૂર્ણ કરવા માટે, બીજાઓને દુઃખમાં નાખવા, બીજાઓની સ્વતંત્રતા લૂંટવી, તેને હું સર્વથા અનુચિત, અન્યાય અને અધર્મ સમજું છું. એટલા માટે હું, આપની આ આજ્ઞા પાળવા માટે અસમર્થ છું. તે માટે આપ મને ક્ષમા કરો.

શ્રીકૃષ્ણ—તો પછી તમે તમારા બળનો શો ઉપયોગ કરશો?

ભગવાન—મળેલું બળ, બીજાઓને કષ્ટ આપવા માટે નથી, પણ તેનો ઉપયોગ, બીજાઓને મદદ કરવા, બીજાઓની રક્ષા કરવા અને બીજાઓને સુખ આપવામાં જ કરવો જોઈએ.

શ્રીકૃષ્ણ—પરન્તુ માત્ર એ જ નીતિનું અવલંબન લેવાથી રાજ્ય કેવી રીતે ચાલી શકે?

ભગવાન—જો આ નીતિથી રાજ્ય ન ચાલી શકે, તો બીજાઓને દુઃખ આપવાથી પણ રાજ્ય ચાલી શકતું નથી. અને કદાચ, બીજાઓને દુઃખ આપવાથી રાજ્ય ચાલી શકતું હોય અને એમ કર્યા વિના ન ચાલી શકતું હોય, તો એવા રાજ્યને ત્યજી દેવું એ જ શ્રેયસ્કર છે. એવું રાજ્ય કદી કલ્યાણકારી થતું નથી, જેને કારણે બીજાઓ પર અન્યાય–અત્યાચાર કરવો પડે.

ભગવાનનો આ જવાબ સાંભળીને, શ્રીકૃષ્ણને પોતાની નીતિની અસફળતાથી ભારે નિરાશા થઈ. તેઓ ભગવાનને વિશેષ કાંઈ કહી શક્યા નહિ. અંતમાં તેમને એમ કહેવું પડ્યું કે, જો આપની દિગ્વિજય અર્થે જવાની ન હોય તો હું તમને બળાત્કારે મોકલવા ઈચ્છતો નથી. એમ કહીને, યાદવો સહિત શ્રીકૃષ્ણ પોતાના મહેલે ગયા અને ભ૦ અરિષ્ટનેમિ પોતાના મહેલે ગયા.

આ ઘટનાને કેટલાક દિવસો વીતી ગયા. એક દિવસે મહારાજા શ્રીકૃષ્ણ તે બાગમાં ગયા કે જ્યાં વ્યાયામાદિ કરવા માટે આયુધો

કારણ કે, તમે પોતે પોતાને અધિક બલવાન સાબીત કરવા માટે બલ પ્રયોગ નથી કરતા, પણ મારા કહેવાથી જ બલપ્રયોગ કરો છો. આપણે ક્ષત્રિયો છીએ, આપણને એક બીજાના બલની ખબર પડે એ જરૂરી છે, જેમાં કોઈ વખતે ભ્રમ ન થાય અને જરૂર પડતાં યોગ્ય કાર્યનું ધ્યાન રહે.

ભગવાન—જો આપનું આ કથન બરોબર હોય તો પણ, બળનું માપ કાઢવા માટે મલ્લયુદ્ધ કરવું જરૂરી નથી. બળનું માપ તો મલ્લયુદ્ધ કર્યા વગર પણ નીકળી શકે છે. એક બીજાનો હાથ નમાવવાથી પણ એ જાણી શકાય છે કે કોનામાં વધારે બળ છે!

શ્રીકૃષ્ણ—આ ઉપાય પણ સારો છે. ચાલો, આ ઉપાયથી જ બલાબલનો નિર્ણય કરીએ.

શ્રીકૃષ્ણ અને ભ૦ અરિષ્ટનેમિ અખાડામાં ઉતર્યા. શ્રીકૃષ્ણે અરિષ્ટનેમિને કહ્યું કે, તમે તમારો હાથ લંબાવો, હું તેને નમાવું છું. ભગવાને જવાબ આપ્યો—નહિ, તમે મોટા છો એટલે પહેલા તમે જ તમારો હાથ લંબાવો, હું તેને નમાવું.

શ્રીકૃષ્ણે પોતાનો હાથ લંબાવીને, ભગવાનને કહ્યું—હા, નમાવો. શ્રીકૃષ્ણનું અનુમાન હતું કે, અરિષ્ટનેમિ મારો હાથ નમાવી નહિ શકે, પરંતુ તેમનું અનુમાન ખોટું ઠર્યું. ડાબા પગના અંગુઠા માત્રથી મેરુ પર્વતને હલાવનાર ભગવાન અરિષ્ટનેમિ માટે, શ્રીકૃષ્ણનો હાથ વાળવો, શું મુશ્કેલ હતું ? ભગવાને શ્રીકૃષ્ણનો હાથ પકડીને, કોઈ પણ જાતના શ્રમ કે મુશ્કેલી વિના એવી રીતે નમાવી દીધો કે, જેમ મદમસ્ત હાથી પોતાની સૂંઢ વડે પકડીને વાંસને નમાવી દે છે. ભગ-વાનનું આ પરાક્રમ જોઈને, ત્યાં હાજર રહેલા સઘળા મનુષ્યો વાહ, વાહ અને ધન્ય, ધન્ય બોલવા લાગ્યા. શ્રીકૃષ્ણને પણ ભગવાનનું ...ળ જોઈને, ભારે આશ્ચર્ય થયું. તેમના હૃદયનો ભય વધી ગયો અને ...મને પોતાના બળ પ્રત્યે કંઈક નિરાશા પણ થઈ. હવે તેઓ એમ

૩

સ્વીકૃતિ આપ્યા વિના.

દુઃખ અને પાપનું મૂળ, પરિગ્રહ જ છે. પરિગ્રહનો અર્થ, સાંસારિક વસ્તુ (ધન, ભૂમિ, મનુષ્ય આદિ) પરમમત્વ ભાવ હોવો એ છે. જગતની કોઈપણ વસ્તુ પરનો મમત્વ તે જ પરિગ્રહ છે, અને જે પરિગ્રહ છે તે દુઃખ અને પાપનો ઉત્પાદક છે.

જગતના જીવો. પરિગ્રહને સુખરૂપ સમજે છે, પરંતુ પરિગ્રહથી ન તો કોઇ કદી સુખી થયા છે કે કદી સુખી થઇ શકે છે. પરિગ્રહ ભલે મળ્યો હોય કે ન મળ્યો હોય, પણ બંનેય દશામાં દુઃખ અને પાપનું જ કારણ છે. બંનેય દશામાં માનસિક સંતાપ રહ્યા જ કરે છે. કોઈપણ સમયે શાંતિ નથી રહેતી, તેમ કોઈ પર વિશ્વાસ પણ રહેતો નથી; બલ્કે, વિશ્વાસપાત્ર મનાતા પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી, બહેન, માતા અથવા અન્ય સંબંધી તરફથી પણ ભય તથા સંદેહ રહ્યા કરે છે અને આ કારણે, તેમની હત્યા સુદ્ધાં પણ કરવામાં આવે છે, અથવા તેમને શક્તિહિન બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે. મળેલા પરિગ્રહના રક્ષણ અર્થે જ, કંસે પોતાના પિતા ઉગ્રસેનને અને ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને કેદખાનામાં નાખ્યા હતા. રાજગૃહિ-નૃપ કોણિકે પોતાના પિતા મહારાજા શ્રેણિકને પણ આ કારણે જ કેદખાનામાં પૂર્યા હતા. દુર્યોધને પણ આ માટે જ પોતાના ભાઇઓ-પાંડવોનો નાશ કરવાનો ઉપાય કર્યો હતો અને ઔરંગઝેબે પોતાના ભાઈઓને મારી નાખ્યા હતા. આ પ્રકારે, મળેલો પરિગ્રહ પણ દુઃખ તથા પાપ

ભાઈ કૃષ્ણનું રાજ્ય લઈ લેવાની જરૂર શા માટે હોય ! પરંતુ શ્રી-કૃષ્ણના વિચારમાં આ વાત ન આવી; એથી તેમના હૃદયમાં, ભ-અરિષ્ટનેમિ પ્રત્યે સંદેહ થઈજ ગયો. પરિગ્રહ હોવાથી, એમ બનવું સ્વાભાવિક છે.

અખાડામાંથી પાછા ફરતા, શ્રીકૃષ્ણ એવા વિચારમાં પડી ગયા કે ભાઇ અરિષ્ટનેમિ તરફથી નિર્ભય બનવા માટે કયો ઉપાય કરવો ! જ્યારે તેઓ પોતે કોઈ નિશ્ચય ન કરી શક્યા ત્યારે તેઓ પોતાના મોટા ભાઇ બલદેવજી પાસે ગયા અને તેમને કહેવા લાગ્યા—ભાઈ! ભાઈ અરિષ્ટનેમિ મારા કરતાં પણ વધારે બળવાન અને પરાક્રમી છે. તેમણે મારો હાથ કેવી સરળતાથી નમાવી દીધો અને હું કેટલું બળ વાપરવા છતાં પણ તેમનો હાથ નમાવવામાં સમર્થ ન થયો એ બાબત આપે જોઇ છે. તે સાથેજ આપે તેમનું શસ્ત્ર કૌશલ્ય પણ જોયું છે. તેમનું બળ તથા શસ્ત્ર-કૌશલ્ય જોઈને મારા હૃદયમાં એવો ભય પેદા થયો છે કે, કોઈ વખતે તે વિદ્રોહી બનીને મને રાજ્યભ્રષ્ટ તો ન કરી દે ! જો તેઓ વિદ્રોહ મચાવે તો આપણામાંથી કોઇની પણ એવી શક્તિ નથી કે જે તેમને પરાજિત કરી શકે. મેં, તેમને એમ કહ્યું કે, તમે મારી સેના લઇને જાવ અને જંબૂદ્વીપના બચેલા ખંડ જીતી આવો. મેં ધાર્યું હતું કે જો તેઓ તેમ કરવાનો સ્વીકાર કરે તો, તેમના તરફનો ભય પણ કાંઇક ઓછો થાય, તેમનું બળ પણ વધવા ન પામે અને સામ્રાજ્યની પણ વૃદ્ધિ થાય, પરંતુ તેમણે મારી આ વાત ન માની. હવે શો ઉપાય કરવો કે જેથી મારો આ ભય ટળે !

શ્રીકૃષ્ણની વાતના ઉત્તરમાં, બલદેવજી હસીને તેમને કહેવા લાગ્યા કે, ભાઈ અરિષ્ટનેમિ તરફથી, તમારે આ જાતનો જરા પણ ભય ન ગભરાવું જોઈએ. માતા શિવાદેવીએ તેમના ગર્ભ સમયે જે ચૌદ મહાસ્વપ્ન જોયા હતા, તેથી સ્પષ્ટ છે કે, ભાઈ અરિષ્ટનેમિ, ત્રિલોક પૂજ્ય ભગવાન તીર્થંકર છે, જે જગત્માંથી અધર્મનો નાશ કરશે,

પ્રકાશકનું વક્તવ્ય અને આભાર.

શ્રીમજ્જૈનાચાર્ય પૂજ્ય શ્રી જવાહિરલાલજી મહારાજશ્રી ધર્મ-અભિધ હિન્દ સ્થા. જૈનો સુપરિચિત છે, તે સાથે તેમના ...ના જ્ઞાનથી પણ જનતા સુપરિચિત છે. તેઓશ્રી કાઠીયાવાડમાં ...ર્યા અને રાજકોટની મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટીએ તેમનાં ...વ્યાખ્યાનો ગૂજરાતી ભાષામાં ઉતાર્યાં ત્યારે તો ગૂજરાતની જનતાના ...ઓનું આકર્ષણ તેમના પુસ્તકો પ્રત્યે ખૂબ જ વધ્યું. પરિણામે ... તેમની વાણીનો પ્રત્યક્ષ અને પુસ્તકો દ્વારા પરોક્ષ ખૂબ લીધો.

રતલામના શ્રી સાધુમાર્ગી જૈન પૂજ્ય શ્રી હુકમીચંદજી મ. ની ...વના હિતેચ્છુ શ્રાવક મંડળે પૂજ્યશ્રીના વ્યાખ્યાનોને અનેક ...કો દ્વારા બહાર પાડયા છે, તે પૈકી અમને 'સતી રાજેમતી' ...ક શાસ્ત્રપ્રસિદ્ધ કથાપુસ્તક ખૂબ જ ગમ્યું. અને તેને ગૂજરાતી ...ષામાં પ્રગટાવવા અને અમારા સ્થા. જૈન પત્રના ગ્રાહકોને ભેટ ...પવા તરફ અમારું મન લલચાયું.

અમને કહેતાં હર્ષ થાય છે કે, આજથી આઠ વર્ષ પહેલાં હિંદી ભાષામાં પ્રગટેલ આ પુસ્તક ગૂજરાતી ભાષામાં કાઢવાની પરવાનગી માગતાં, કોઇ પણ જાતના બદલા સિવાય મંડળના સેક્રેટરી શ્રીયુત બાલચંદજી શ્રીશ્રીમાલ સાહેબે અમને પ્રગટ કરવાની મંજુરી આપી છે તે બદલ અમે તેઓશ્રીનો ખૂબ જ અંતઃકરણપૂર્વક આભાર માનીયે છીએ.

પરવાનગી આપવાની સાથે તેમણે વિશેષ વિવેચન કરવાની પણ અમને છૂટ આપી હતી, પરંતુ બોધદાયક એક એક વિષયને પૂજ્યશ્રીએ એટલો તો સુંદર રીતે છણ્યો છે કે તે પર વિશેષ વિવેચન કરવાની અમારી હિંમત ચાલી નહિં. એટલે હિંદી ભાષાનો આ અક્ષરશઃ અનુવાદ છે.

અષાડ શુદિ ૨ બુધવાર
સં. ૨૦૦૧ } રતનલાલ સંઘવી

ભાઈ કૃષ્ણનું રાજ્ય લઈ લેવાની જરૂર શા માટે હોય ! પરંતુ શ્રી-કૃષ્ણના વિચારમાં આ વાત ન આવી; એથી તેમના હૃદયમાં, ભ. અરિષ્ટનેમિ પ્રત્યે સંદેહ થઈ જ ગયો. પરિગ્રહ હોવાથી, એમ બનવું સ્વાભાવિક છે.

અખાડામાંથી પાછા ફરતા, શ્રીકૃષ્ણ એવા વિચારમાં પડી ગયા કે ભાઇ અરિષ્ટનેમિ તરફથી નિર્ભય બનવા માટે કયો ઉપાય કરવો ! જ્યારે તેઓ પોતે કોઈ નિશ્ચય ન કરી શક્યા ત્યારે તેઓ પોતાના મોટા ભાઇ બલદેવજી પાસે ગયા અને તેમને કહેવા લાગ્યા—ભાઈ! ભાઈ અરિષ્ટનેમિ મારા કરતાં પણ વધારે બળવાન અને પરાક્રમી છે. તેમણે મારો હાથ કેવી સરળતાથી નમાવી દીધો અને હું કેટલું બળ વાપરવા છતાં પણ તેમનો હાથ નમાવવામાં સમર્થ ન થયો એ બાબત આપે જોઇ છે. તે સાથે જ આપે તેમનું બળ તથા શસ્ત્ર-કૌશલ્ય જોઈને મારા હૃદયમાં એવો ભય પેદા થયો છે કે, કોઈ વખતે તે વિદ્રોહી બનીને મને રાજ્યભ્રષ્ટ તો ન કરી દે ! જો તેઓ વિદ્રોહ મચાવે તો આપણામાંથી કોઇની પણ એવી શક્તિ નથી કે જે તેમને પરાજિત કરી શકે. મેં, તેમને એમ કહ્યું કે, તમે મારી સેના લઈને જાવ અને જંબૂદ્વીપના બચેલા ખંડ જીતી આવો. મેં ધાર્યું હતું કે જો તેઓ તેમ કરવાનો સ્વીકાર કરે તો, તેમના તરફનો ભય પણ કાંઈક ઓછો થાય, તેમનું બળ પણ વધવા ન પામે અને સામ્રાજ્યની પણ વૃદ્ધિ થાય, પરંતુ તેમણે મારી આ વાત ન માની. હવે શો ઉપાય કરવો કે જેથી મારો આ ભય ટળે !

શ્રીકૃષ્ણની વાતના ઉત્તરમાં, બલદેવજી હસીને તેમને કહેવા લાગ્યા કે, ભાઈ અરિષ્ટનેમિ તરફથી, તમારે આ જાતનો જરા પણ ભય ન રાખવો જોઈએ. માતા શિવાદેવીએ તેમના ગર્ભ સમયે જે ચૌદ મહાસ્વપ્ન જોયાં હતાં, તેથી સ્પષ્ટ છે કે, ભાઈ અરિષ્ટનેમિ, ત્રિલોક-ના ભગવાન તીર્થંકર છે, જે જગતમાંથી અધર્મનો નાશ કરશે,

બળદેવજીના સમજાવવાથી, શ્રીકૃષ્ણનો સંદેહ દૂર થયો. તેઓ સંતુષ્ટ બનીને પોતાના મહેલે પાછા ફર્યા.

આ વાતને કેટલાક દિવસો વહી ગયા. બીજી તરફ મહારાજા સમુદ્રવિજય અને મહારાણી શિવાદેવી ભગવાનને વિવાહ કરવાની મંજુરી દેવા માટે વારંવાર આગ્રહ કરતા હતા, છતાં ભગવાન તેમના આગ્રહનો હમેશાં ઈન્કાર કરતા હતા. ભગવાન દ્વારા સ્વીકૃતિ મેળવવામાં પોતાને અસફળ તેમજ ભગવાનનો વિવાહ જોવાની પોતાની ઇચ્છાને અપૂર્ણ જોઈ, ભગવાનના માતા-પિતાએ આ બાબતમાં શ્રીકૃષ્ણની મદદ લેવાનું ઉચિત માન્યું. તેમણે વિચાર્યું કે, અમારા કહેવાથી તો અરિષ્ટનેમિ વિવાહ કરવાનો સ્વીકાર કરતા નથી, તેથી હવે શ્રીકૃષ્ણ મારફત તેમને સમજાવવા સિવાય બીજો માર્ગ જ શો છે ? સંભવ છે કે, પોતાના મોટાભાઈ, સમસ્ત યાદવોના સ્વામી તથા દ્વારકાના મહારાજા શ્રીકૃષ્ણના સમજાવવાથી અરિષ્ટનેમિ માની જાય અને વિવાહ કરવાનો સ્વીકાર કરે. આ પ્રમાણે વિચાર કરી, એક દિવસે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું–વત્સ ! તમારા નાના ભાઈ અરિષ્ટનેમિ હવે પૂર્ણ યુવક બની ગયા છે, છતાં પણ હજુ સુધી અવિવાહિત જ છે. આટલી ઉંમર સુધી અવિવાહિત રહેવાથી કોણ જાણે લોકો તેમના વિષે શું શું અનુમાન કરતા હશે ! સાથે જ, ત્રણ ખંડના માલીકના ભાઈ આટલી ઉંમર સુધી અવિવાહિત રહે, એ પણ એક વિચારણીય બાબત છે. અમે અમારા તરફથી તો અરિષ્ટનેમિને વિવાહ કરવા માટે અનેકવાર આગ્રહ કર્યો, પરંતુ તેમણે અમારા આગ્રહનો હજુસુધી સ્વીકાર કર્યો નથી. સંભવ છે કે, તે આપનો આગ્રહ તરછોડી નહિં શકે અને વિવાહ કરવાનો સ્વીકાર કરે. એટલા માટે આ બાબતમાં તમે પ્રયત્ન કરો તો સારૂં.

બંનેનું કથન સાંભળીને, શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે, જો કે ભાઈ અરિષ્ટનેમિની બાબતમાં, ભાઈ બળદેવજીએ કાંઈ બીજુ જ કહ્યું છે,

ભાર સત્યભામા વગેરે પર નાખી દેવો ઉચિત છે. આ પ્રમાણે વિચાર કરીને, સત્યભામાના કથનના જવાબમાં શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે, હું જે બાબત પર વિચાર કરી રહ્યો છું તે બાબત એક દૃષ્ટિએ તો બહુ જ સાધારણ છે, છતાં બીજી દૃષ્ટિએ ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. હું ભાઈ અરિષ્ટનેમિના લગ્ન બાબતમાં વિચાર કરી રહ્યો છું. એમ તો આ કાંઈ વિચારણીય બાબત પણ નથી, છતાં બીજી રીતે વિચાર કરતાં, બાબત બહુ ગંભીર છે. ભાઈ અરિષ્ટનેમિ હવે પૂર્ણ યુવક બની ગયા છે. તેમની ઉંમરના કોઇપણ યાદવકુમાર અવિવાહિત નથી, છતાં તે અવિવાહિત છે. મારો ભાઈ અરિષ્ટનેમિ આટલી ઉમર સુધી અવિવાહિત રહે, એ મારા માટે વિશેષ શરમની બાબત છે. હું આજે એ જ બાબતમાં વિચાર કરી રહ્યો છું.

સત્યભામા—સ્વામિન્! તેમાં ચિંતા અથવા વિચાર કરવા જેવી શી બાબત છે? તેમની સાથે લગ્ન કરવા માટે અનેક રાજકન્યાઓ આકર્ષિત હશે.

કૃષ્ણ—હા, એ તો બરાબર છે, પરંતુ મુશ્કેલીની બાબત તો એ જ છે કે, ભાઈ અરિષ્ટનેમિ જ વિવાહ કરવાનો સ્વીકાર કરતા નથી. જો તેઓ વિવાહ કરવાનો સ્વીકાર કરી લેતા, તો તો વિચારવાની બાબત જ શી હતી? કાકાશ્રી વગેરેએ ભાઈ અરિષ્ટનેમિ પાસે વિવાહનો સ્વીકાર કરાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ સફળતા ન મળી. તમે તો આ વિષે બીલકુલ નિશ્ચિંત જ જણાઓ છો. જો નિશ્ચિંત ન હોત અને પ્રયત્ન કરતા હોત, તો ભાઈ અરિષ્ટનેમિ પાસે વિવાહની સ્વીકૃતિ મેળવવી એ કાંઈ અસંભવિત બાબત ન હતી.

સત્યભામા—આવા કામમાં આપની આજ્ઞા વગર અમે કાંઈ જાતનો પ્રયત્ન શી રીતે કરી શકીએ?

કૃષ્ણ—એમાં આજ્ઞાની કોઈ જરૂરત ન હતી.

રેવતિગિરી પર પહોંચીને, સઘળાં સ્ત્રી-પુરુષો વસંતોત્સવ ઉજવવા લાગ્યા. કોઇ પત્નીએ, નવવિકસિત સુગંધિત પુષ્પોની માળા બનાવીને, પોતાના પતિને પહેરાવી અને કોઈ પતિએ પોતાની પત્નીને પહેરાવી. કોઇએ કોમળ આમ્રમંજરી પતિને ભેટ કરી અને કોઈએ પત્નીને ભેટ કરી કેટલીક સ્ત્રીઓ મધુર સ્વરે વસંતઋતુને અનુકૂળ ગીત ગાતી હતી, કેટલીક વાજિંત્ર વગાડતી હતી અને કેટલીક ટોળે ટોળાં મળી નૃત્ય કરતી હતી. પુરુષો પણ પરસ્પર વિનોદ કરતા, સ્ત્રીઓની ક્રીડાને જોઈ આનંદ પામતા હતા અને પોતે પણ ક્રીડામાં ભાગ લેતા હતા.

આ પ્રમાણે સઘળાં સ્ત્રી-પુરુષો, લાંબા સમય સુધી વસંતોત્સવ ઉજવતા રહ્યા. વચ્ચે વચ્ચે કૃષ્ણની રાણીઓ, ભ૦ અરિષ્ટનેમિને માર્ગની જેમ વ્યંગ ભરી વાતો સંભળાવી દેતી હતી, અને કોઈ કોઈ વાર તેમની ચારે બાજુ ઉભી રહીને, આપસ આપસમાં અનેક પ્રકારની એવી વાતો કરતી હતી કે જે સાંભળીને, ભ૦ અરિષ્ટનેમિના હૃદયમાં વિવાહ કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય. સાથે સાથે તેઓ ભગવાનને એમ પણ પૂછતી જતી હતી કે, દિયરજી! આવતા વસંતોત્સવ વખતે તો તમે પણ પત્ની સહિત જ હશો ને! પરંતુ ભગવાન, તેમના આ જાતના પ્રશ્નનો કાંઈ ઉત્તર આપતા ન હતા. તેઓ એ પ્રકારે નિશ્ચળ હતા કે જે પ્રકારે સાધારણ પવન લાગવાથી, મંદરાચલ પર્વત વિચલિત થતો નથી, પણ નિશ્ચળ જ રહે છે. એમ તો કામવિકારથી સાંસારિક પ્રાણીઓ વ્યથિત બની જાય છે, પરંતુ તેઓ જ વ્યથિત બને છે કે જેઓનામાં કામવિકારનો થોડો પણ અંશ બાકી હોય, જેઓ પોતાનામાંથી કામવિકારને પૂર્ણ રીતે દૂર કરી શક્યા ન હોય.

જે મહાપુરુષોના હૃદયમાં કિંચિત પણ કામવિકાર બાકી રહ્યો નથી, તેમની પાસે કામોત્પાદક સઘળી ચેષ્ટાઓ વ્યર્થ છે. ભગવાન

આ પ્રમાણે તે બધી સ્ત્રીઓ, ભગવાનને વારંવાર કહેવા લાગી, છતાં ભગવાન પર, તેમનાં કથનનો કોઈ અનુકૂળ પ્રભાવ ન પડ્યો. ભગવાનના વિચારોમાં જરાપણ પરિવર્તન ન થયું. ભગવાનને આ પ્રમાણે દૃઢ જોઈને પણ, તે સ્ત્રીઓએ પ્રયત્ન ન છોડયો. તેઓ ભગવાનને બરાબર આગ્રહ કરતી જ રહી. તેમનો હઠ ઉપરાંત આગ્રહ જોઈને મોહની શક્તિનો વિચાર કરતા થકા, ભગવાન ઉત્તેજિત બન્યા. ભગવાનને ઉત્તેજિત થયેલા જાણીને, કૃષ્ણની રાણીઓ બોલવા લાગી:– બસ, બસ, કાર્ય સફળ થઈ ગયું; દિયરજીએ અમારો આગ્રહ માનીને, વિવાહ કરવાનો સ્વીકાર કરી લીધો.

કૃષ્ણની રાણીઓએ, સાની આગળ એ પ્રસિદ્ધ કરી દીધું કે, દિયર અરિષ્ટનેમિએ વિવાહ કરવાનો સ્વીકાર કર્યો છે. તેઓએ કૃષ્ણ પાસે આવીને તેમને પણ એ જ કહ્યું કે, અમે દિયરજી પાસે વિવાહનો સ્વીકાર કરાવી આવ્યા. હવે આપ વિવાહ કરી નાખો. કૃષ્ણ, પોતાની રાણીઓની આ વાત સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. બળદેવ પ્રમુખ બીજા યાદવો પણ આ સમાચાર જાણીને ઘણા આનંદિત બન્યા.

સમસ્ત યાદવો અને યાદવનારીઓ સહિત, શ્રીકૃષ્ણ રૈવતગિરિથી દ્વારકામાં આવ્યા. તેમણે વસુદેવ, દેવકી, સમુદ્રવિજય, શિવાદેવી વગેરેને પણ સમાચાર સંભળાવ્યા કે, ભાઈ અરિષ્ટનેમિએ વિવાહ કરવાનો સ્વીકાર કર્યો છે. એ બધાને પણ આ શુભ સમાચાર સાંભળીને બહુ જ આનંદ થયો.

ꩠ

ખૂબ પ્રયત્ન કર્યો, પરન્તુ જ્યારે તેઓને સફળતા ન મળી ત્યારે તેઓએ, ભગવાન ઉત્તેજિત બનતાં જ, સાચી ખોટી એવી વાત ફેલાવી દીધી કે, શ્રી અરિષ્ટનેમિએ લગ્ન કરવાનો સ્વીકાર કર્યો છે.

જો કે, 'અરિષ્ટનેમિએ લગ્ન કરવાનો સ્વીકાર કર્યો છે' એ તદ્દન ખોટું જ જાહેર કરવામાં આવ્યું હતું, છતાં મહાપુરુષો ખોટા-માંથી સારું જ તત્ત્વ તારવે છે. તે પ્રમાણે શ્રીકૃષ્ણની રાણીયોએ એવી ખોટી ખબર ફેલાવવા છતાં પણ, ભ૦ અરિષ્ટનેમિ મૌન જ રહ્યા અને તેમની આ ખોટા જાહેરાતનો ખુલ્લો વિરોધ ન કર્યો. તેઓ તો વિચારતા હતા કે, આ જે બધું થઈ રહ્યું છે તે મારા ઉદ્દેશની સિદ્ધિમાં સહાયક જ થશે.

રૈવતગિરિથી પાછા ફરીને શ્રીકૃષ્ણ વાસુદેવ મહારાજા સમુદ્રવિજય અને મહારાણી શિવાદેવી પાસે ગયા. તેમણે મહારાજા સમુદ્રવિજય અને મહારાણી શિવાદેવીને કહ્યું કે, આપે મારા પર જે કાર્યભાર મૂક્યો હતો તે આપના આશીર્વાદથી સફળ થયેલ છે અને ભાઈ અરિષ્ટ-નેમિએ લગ્ન કરવાનો સ્વીકાર કર્યો છે. હવે તેમને અનુરૂપ યોગ્ય કન્યા શોધીને, જલ્દી તેમનો વિવાહ કરી નાખવો ઉચિત છે. વિલંબ કરવાથી સંભવ છે કે કદાચ ભાઈ અરિષ્ટનેમિનો વિચાર બદલાઇ જાય અને મંજુરી મેળવવામાં કરેલો પ્રયત્ન નિષ્ફળ જાય.

શ્રીકૃષ્ણનું કથન સાંભળીને, મહારાણી શિવાદેવી અને મહારાજા સમુદ્રવિજય ઘણા પ્રસન્ન થયા. તેઓ આનંદિત બનીને 'અમારો લાંબા વખતનો મનોરથ પૂરો થશે અને અમે પુત્ર અરિષ્ટનેમિનો વિવાહોત્સવ જોઇને, અમારી આંખોને સફળ કરીશું' વગેરે સુંદર ભવિષ્યની કલ્પના કરવા લાગ્યા. પછી પ્રસન્નતાનો આવેગ ઓછો થતાં, તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કે, વત્સ! તમારા જેવા ધુરંધર નીતિજ્ઞ અને કાર્ય કુશળ વ્યક્તિને માટે કોઈ પણ કાર્ય કઠિન નથી. અરિષ્ટનેમિ પાસેથી

શ્રીકૃષ્ણ—એમ માનવાનું કોઈ કારણ નથી. દરેક માણસ ખાસ કરીને પોતાના પક્ષના માણસોને જ ઓળખે છે, તે બીજાઓને શી રીતે ઓળખે ! આ રીતે કોઈ પણ કન્યા કોઈ બતાવશે તો પણ તે કોઇ ને કોઈ રીતે, બતાવનારના પક્ષની જ હશે. જો બધા માણસો તમારી માફક આવો વિચાર કરે તો કોઇ પણ વ્યક્તિ અરિષ્ટનેમિને યોગ્ય કન્યા ન બતાવી શકે; એટલા માટે એ વિચાર છોડો અને કઇ કન્યા છે તે બતાવો. જો કન્યા યોગ્ય હશે તો તો તમારો સ્વાર્થ હોવા છતાં પણ તેમાં કાંઈ ખોટું નથી, અને જો કન્યા જ યોગ્ય ન હોય તો તમારો સ્વાર્થ હોવા છતાં પણ તે કાંઇ કામની નથી.

સત્યભામા—મારા માનવા પ્રમાણે, મારી બહેન રાજેમતી દિયરજીને યોગ્ય છે.

સત્યભામાની વાતનું, મહારાણી શિવાદેવી, દેવકી વગેરેએ પણ સમર્થન કર્યું. સઘળી સ્ત્રીઓ એમ કહેવા લાગી કે, બરાબર રાજેમતી બધી રીતે અરિષ્ટનેમિની પત્ની બનવા માટે યોગ્ય છે. તે અપ્રતિમ સુંદર પણ છે અને ગુણલક્ષણ સંપન્ન પણ છે. તેની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે.

શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે, પહેલા તો રાજેમતી, આ બધાના કહેવા પ્રમાણે, દરેક રીતે અરિષ્ટનેમિને યોગ્ય છે જ. બીજું, રાજેમતી, માતા દેવકીની બહેન હોવાથી મારી માસી થાય છે; અને સત્યભામાની બહેન હોવાથી, મારી સાળી થાય છે. તે, માતા તથા પત્ની એ બંને તરફથી મારા સંબંધમાં છે જ, વળી ત્રીજો સંબંધ બંધુ-પત્નીનો થશે. આ ત્રણે સંબંધોને કારણે, રાજેમતીના હૃદયમાં કોઇ પણ સમયે મારી વિરુદ્ધ વિચાર થશે નહિં, અને જો રાજેમતીના હૃદયમાં મારી વિરુદ્ધ વિચાર ન આવે તો તે, અરિષ્ટનેમિના હૃદયમાં પણ મને અનુકૂળ-એટલે જ ભાવ ભરશે, વિરુદ્ધ ભાવ ઉત્પન્ન જ થવા દેશે નહિ. આ પ્રમાણે અરિષ્ટનેમિ તરફથી મારી વિરુદ્ધ વિદ્રોહ

માણુસોને તેમજ ખાસ કરીને મહારાજા સમુદ્રવિજય તથા મહારાણી શિવાદેવીને કહેવા લાગ્યા કે, ભાઇ અરિષ્ટનેમિના વિવાહ માટે હવે વિલંબ કરવો ઠીક નથી. આ કાર્યમાં જેટલી ઉતાવળ થાય તેટલી સારી છે; છતાં રાજેમતીની યાચના કરવા માટે, ઉગ્રસેનને ત્યાં કોઇ બીજી વ્યક્તિ જાય અને ઉગ્રસેન તથા રાજેમતી કોઇ બીજો જ જવાબ આપે તો સ્વાભાવિક રીતે વિલંબ થાય. એટલા માટે હું એ ઠીક માનું છું કે ઉગ્રસેનને ત્યાં કોઈ બીજાને મોકલવાને બદલે હું જાતે જ જાઉં. મારા પ્રિય ભાઈને માટે, હું યાચક બનીને ઉગ્રસેનને ત્યાં જાઉં તેમાં કોઈ પ્રકારનું ખોટું નથી; અને જ્યારે હું પોતે યાચક બનીને જઈશ ત્યારે ઉગ્રસેનને મારી યાચના પૂરી કરવી જ પડશે. જો ઉગ્રસેન અથવા રાજેમતી આ બાબતમાં કોઈ વાત ઉપાડશે તો હું તેનું સમાધાન પણ કરી શકીશ.

નીતિજ્ઞ કૃષ્ણની વાતનો કોણ અસ્વીકાર કરે ! સૌએ તેમના આ કથનનું પણ સમર્થન કર્યું. પોતાની વાત સાથે સૌને સહમત થયેલા જોઇ, શ્રીકૃષ્ણ ઘણાજ પ્રસન્ન થયા અને સભા વિસર્જન થઇ.

શ્રીકૃષ્ણ, ઉગ્રસેનને ત્યાં પહોંચ્યા. મહારાજ ઉગ્રસેન, પોતાના જમાઇ અને ત્રણ ખંડના સ્વામી કૃષ્ણને અચાનક પોતાને ત્યાં આવેલા દેખી, ઘણા જ પ્રસન્ન થયા. તેમણે કૃષ્ણનો ભારે સ્વાગત-સત્કાર કર્યો. કૃષ્ણે પણ તેમનું ઉચિત અભિવાદન કર્યું. કુશળ પ્રશ્નો પૂછ્યા પછી, કૃષ્ણ, ઉગ્રસેનના અંતઃપુરમાં પોતાની સાસુને મળવા માટે ગયા. પોતાની સાસુને મળીને શ્રીકૃષ્ણે પૂત્ર પ્રસન્નતા દાખવી. તેઓ ઉગ્રસેનના અંતઃપુરમાં ખાસ કરીને રાજેમતીને જોવા માટે જ ગયા હતા. તેમનો આ હેતુ પૂરો થવામાં વાર ન લાગી. રાજેમતીએ જ્યારે એમ જાણ્યું કે, શ્રીકૃષ્ણ આવ્યા છે અને મારી માતા પાસે બેઠા છે ત્યારે તે પણ પોતાની માતા પાસે, શ્રીકૃષ્ણને મળવા માટે આવી. તેણે શ્રીકૃષ્ણને વંદન કર્યું અને શ્રીકૃષ્ણે તેને આશીર્વાદ આપ્યો. રાજેમતીને દેખીને

કૃષ્ણ—આપના શુભ આશીર્વાદથી, મારે ત્યાં વસ્તુઓની તો કમી નથી, જો કમી છે તો માત્ર એક માનવી (સ્ત્રી) ની, અને તે કમી જ્યાં સુધી આપ દાતા ન બનો ત્યાં સુધી પૂરી થઇ શકતી નથી.

ઉગ્રસેન—આપને ત્યાં સ્ત્રીઓની કમી! આપ આ શું કહી રહ્યા છો?

કૃષ્ણ—હું મારા માટે નહિં, પરન્તુ મારા નાના ભાઈ અરિષ્ટનેમિને માટે, તમારી પાસે રાજેમતીની માગણી કરું છું.

કૃષ્ણની વાત સાંભળીને, ઉગ્રસેન અત્યંત પ્રસન્ન થયા. તેમના રોમ રોમ વિકસિત થઈ ઉઠ્યા. તેમની પ્રસન્નતા, તેમની આકૃતિ પર ઝળકવા લાગી. ચતુર કૃષ્ણને, ઉગ્રસેનની પ્રસન્નતા જાણીને, પોતાનો ઉદ્દેશ પૂરો થએલો સમજવામાં જરાપણ વાર ન લાગી.

પ્રસન્નતાને દબાવી, ઉગ્રસેન કૃષ્ણને કહેવા લાગ્યા કે યાદવરાજ! આપે કેવળ મારું ગૌરવ વધારવા માટે જ, મારી પાસે રાજેમતીની માગણી કરી છે, અને આપ પોતે યાચક બનીને આવ્યા છો; અને તે પણ ચરમશરીરી ભગવાન અરિષ્ટનેમિને માટે. સાચે જ તમે મારા પર મહાન્ ઉપકાર કર્યો છે. રાજેમતીને કારણે, મને જે સન્માનને પાત્ર બનાવવામાં આવ્યો છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ભ૦ અરિષ્ટનેમિને માટે, આપ રાજેમતીની માગણી કરો અને હું તેનો અસ્વીકાર કરું એ કેમ સંભવિત હોય? આવો સુયોગ ખોવાની કોણ મૂર્ખતા કરે? હું તો ઘણા વખતથી ભ૦ અરિષ્ટનેમિ સાથે રાજેમતીનો વિવાહ કરવાની વાત વિચારી રહ્યો હતો, પરંતુ મેં સાંભળ્યું હતું કે ભ૦ અરિષ્ટનેમિ વિવાહ કરવાનો સ્વીકાર જ નથી કરતા. એ જ કારણે, મે મારો વિચાર પૂરો કરવાનો પ્રયત્ન કર્યો ન હતો; પરંતુ સદ્ભાગ્યે મને આ દુર્લભ સુયોગ આપવા માટે, આપે પોતે પધારવાની કૃપા કરી છે. જો કે આપની આ ઇચ્છા આ જ સમયે

સતી-રાજેમતી

૧

કથારંભ

ભારતની કોઈપણ વ્યક્તિને, યદુવંશનો પરિચય આપવો વ્યર્થ છે, કારણકે યદુવંશ પોતે જ સુવિખ્યાત છે. એમ તો યદુવંશ પહેલેથી જ સુપ્રસિદ્ધ હતો, પરન્તુ ભગવાન શ્રી અરિષ્ટનેમિ અને મહારાજા શ્રી કૃષ્ણનો જન્મ આ કુળમાં થવાથી, તેનું ગૌરવ અતિશય વધી ગયું હતું. પોતાના વચનની રક્ષા માટે, પોતાના સંતાનને મારી નાખવા માટે દુષ્ટ સ્વભાવી કંસના હાથમાં સોંપનાર સત્યવાદી મહારાજા વસુદેવનો જન્મ પણ આજ કુળમાં થયો હતો. ત્રિલોકમાં સર્વોત્તમ અને અદ્વિતીય માતા તરીકે મનાતી મહારાણી દેવકી જેવી પતિવ્રતા અને પતિ પરાયણા સ્ત્રીરત્ને પણ યાદવકુળમાં જ જન્મ લીધો હતો. બરાબર યુવાવસ્થામાં અને લગ્નની તૈયારી વખતે, આ વિનાશી જગતથી વિરક્ત બનીને દીક્ષા લેનાર તથા મસ્તક પર આગ બળતી હોવા છતાં પણ, ધૈર્ય ન છોડતાં, અનુપમ ક્ષમાનો પરિચય આપનાર, તેમજ જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે મોક્ષ પ્રાપ્ત કરનાર મુનિશ્રી ગજસુકુમારે પણ આ કુળમાં જન્મ લઈને તેને ગૌરવાન્વિત કર્યું હતું. યાદવકુળની ખ્યાતિનાં આ બધાં કારણો સિવાય એક કારણ-તેની અતિશય વૃદ્ધિ અને વિનાશ પણ છે. જનસંખ્યામાં યાદવકુળ જેટલું વધ્યું હતું તેટલું બીજું કોઈ કુળ વધ્યું હોય તેનું વર્ણન ક્યાંય મળતું નથી.

શકું, પરંતુ જ્યારે ભ૦ અરિષ્ટનેમિ મારે ત્યાં જાન જોડીને આવશે અને હું તેમની સાથે રાજેમતીને પરણાવું ત્યારેજ રાજેમતી મારે ત્યાંથી તમારે ત્યાં આવશે.

કૃષ્ણ—એમ કરવામાં તમે શો લાભ જુઓ છો ?

ઉગ્રસેન—હું ઇચ્છું છું કે, આપ તો મારે ત્યાં યાચક બનીને જ આવ્યા છો, ભ૦ અરિષ્ટનેમિ પણ મારે ત્યાં યાચક બનીને આવે અને હું તેમને કન્યાદાન આપું. આ સિવાય, રાજેમતી મારી સૌથી નાની કન્યા છે. મને તેના પ્રત્યે ખૂબ જ સ્નેહ છે. હું તેનો વિવાહ ધામધૂમપૂર્વક કરવા ઇચ્છું છું. અને વરને મારે ત્યાં બોલાવી, તેમના હાથમાં રાજેમતીનો હાથ સોંપવા ઇચ્છું છું. એટલા માટે આપને એવી પ્રાર્થના કરું છું કે, જેવી રીતે આપે રાજેમતીની યાચના કરીને મને ગૌરવાન્વિત કર્યો છે તેવી જ રીતે મારી આ પ્રાર્થના પણ સ્વીકારશો.

કૃષ્ણ—આપની આ વાત માનવામાં મને શી હરકત છે ? હું આપની આ વાત આનંદપૂર્વક સ્વીકારીશ. હું તો ઇચ્છતો જ હતો કે કોઈ એવો દાતા મળે કે જે પોતાને ઘેર બોલાવી કન્યાદાન આપે; પરંતુ ખબર નથી પડતી કે કોઈ કેમ એ રીતે બોલાવતા નહિં હોય ! સંભવ છે કે, લોકો, મારો વિશાળ પરિવાર દેખીને, અને તેનું સ્વાગત કરવામાં પોતાને અસમર્થ માનીને જ, અમને કોઈ પોતાના ઘેર બોલાવતા નહિં હોય ! આનંદની વાત છે કે આપે આ સાહસ કર્યું.

ઉગ્રસેન—આપને ધન્ય છે. આપની કૃપાથી કઇ બાબતની ઇચ્છા અપૂર્ણ રહે ?

કૃષ્ણ—એ આપની ઉદારતા છે, કે આપ મારે માટે આ પ્રમાણે કરો છો

કૃષ્ણને બેસાડી, ઉગ્રસેન પોતાના અંતઃપુરમાં આવ્યા. તેમણે પોતાની રાણી, પોતાના કુટુંબીઓ અને સ્નેહીઓને પોતાની પાસે બોલાવ્યા.

વિવાહ-સંબંધ સ્વીકારી લેવો તે તો અનુચિત અને અન્યાય ગણાય. રાજેમતીની સ્વીકૃતિ મળ્યા પછી જ, વિવાહ સંબંધ સ્વીકારવો જોઈએ.

રાણી—આપનું કથન ન્યાયસંગત છે. આપ થોડીવાર બેસો, હમણાજ રાજેમતીની સમ્મતિ જાણી લઉં છું.

એમ કહીને રાજેમતીની માતા, રાજેમતીના ભવનમાં ગઈ. માતાને પોતાના મહેલમાં અચાનક આવેલા જોઈ, રાજેમતીને કંઈક આશ્ચર્ય થયું. તેણે માતાને વંદન કર્યું, અને કહેવા લાગી—માતા! આજે તમે અચાનક આવ્યા તેથી તેમજ આપની પ્રસન્નતાથી જણાય છે કે, તમે કોઈ ખાસ કારણે જ આવ્યા છો.

માતા—રાજેમતી! આજ હું એક શુભ કાર્ય માટે તારી સંમતિ તેમજ સ્વીકૃતિ લેવા આવી છું.

રાજેમતી—હું તો મને તેને યોગ્ય સમજતી નથી. હું આપને કોઈપણ બાબતમાં સંમતિ કે સ્વીકૃતિ આપવા માટે બીલકુલ યોગ્ય નથી.

માતા—તારી આ વાત હૃદયને આલ્હાદિત કર્યા વગર રહેતી નથી. એક સુપુત્રીમાં પોતાના માતા-પિતા પ્રત્યે આદરનો જે ભાવ હોવો જોઈએ તે તારામાં સારી રીતે ભરેલો છે. તું અમારી આજ્ઞાનું કદીપણ ઉલ્લંઘન નહિં કરે એવો વિશ્વાસ છે, છતાં પણ જે બાબ[illegible]માં તારી સ્વીકૃતિ જરૂરની છે, તેમાં તો તારી સ્વીકૃતિ [illegible]વી જ જોઈએ.

રાજેમતી—એવી કઈ બાબત છે કે જેને માટે મારી સ્વીકૃતિ [illegible]ી જરૂરી છે?

માતા—એ બાબત વિવાહની આ બાબતમાં તારી સ્વીકૃતિ ન [illegible]ે અન્યાય છે, એટલા માટે મહારાજાએ મને તારી પાસે મોકલી

પણ રાજેમતીની સ્પષ્ટ સ્વીકૃતિ લેવી જરૂરની છે, એમ માની તેણે રાજેમતીને કહ્યું:-પુત્રી! શું તું હજુ સુધી આ બાબતમાં વિચાર કરી શકી નહિ? જો તારો વિચાર હમણા અપૂર્ણ હોય તો હું ફરીથી આવું. મહારાજા મારી રાહ જોઈને બેઠા છે એટલે મારે જલ્દી જવું જરૂરી છે.

રાજેમતી—માતા! આ બાબતમાં મારે વિચાર જ શો કરવાનો છે? તમે કોઈપણ પુરુષ સાથે મને મોકલી દો, તેમાં આપની આજ્ઞા માનવાનું મારું કર્તવ્ય છે; છતાં તમે તો મને એક એવા પુરુષની સહચારિણી બનાવો છો કે જેના સમાન જગતમાં બીજો કોઈ પુરુષ છે જ નહિ; અને જેઓ મારા હૃદયમાં પહેલેથી જ પતિ તરીકે સ્થાન કરી ચૂક્યા છે. આપની એ ઉદારતા છે કે, તમે એવા મહાપુરુષ સાથે મને સોંપવા ઇચ્છો છો; છતાં પણ મારી સ્વીકૃતિ માગો છો! સર્વથા ઉચિત કાર્ય કરવા છતાં પણ તમે મને, મારા અધિકારના ઉપયોગથી વંચિત નથી રાખતા, અને એ પણ વિશ્વાસ છે, કે મારી સ્વીકૃતિ ન મળતાં, આ અત્યુત્તમ કાર્યને પણ ન કરો, તમારાં જેવી માતા માટે એ ઉચિત પણ છે. તમે માતૃ-કર્તવ્યને રૂડી રીતે જાણો તથા તેનું પાલન કરો છો.

માતા—હા, તો સ્પષ્ટ કહે કે તને ભ૦ અરિષ્ટનેમિની [illegible] માનું મંજુર છે કે નહિ?

રાજેમતી—માતા, એ તો હું પહેલેથી જ સ્વ[illegible] કરી [illegible] એવા મહાપુરુષને પોતાના પતિ બનાવવાનો [illegible] બ્રહ્મચર્યના ઉચ્ચ ધ્યેય પર અવશ્ય પહોંચવા [illegible] [illegible]ની સહાયતાથી. એવો પુરુષ ભગવાન અરિ[illegible] હોઈ શકે. હું તો તમારી મારફત દ્વારકા[illegible] [illegible]મા જ કલ્યાણ સમજું છું.

રાજેમતીની મંજુરી મેળવીને, રા[illegible]

ઉગ્રસેન—લગ્નનો અમુક દિવસ તો નક્કી કરવો જ જોઈએ, અને તે જ દિવસે જાન આવે તે ઠીક કહેવાય.

શ્રીકૃષ્ણ—હા, એજ હું તો કહું છું. અમુક દિવસ મુકરર કર્યા વિના, સગવડતા નથી થતી. એટલા માટે તે દિવસ પણ હમણા જ નક્કી થાય તો સારૂં.

ઉગ્રસેન—આપે બરાબર કહ્યું. શુભ કામમાં બીન જરૂરી વિલંબ ણ શા કામનો ? હું હમણા જ જ્યોતિષી વગેરેની સમ્મતિથી વિવા-નો ચોક્કસ દિવસ નક્કી કરી લઉ છું.

શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહીને, ઉગ્રસેને જ્યોતિષીઓને બોલાવ્યા, અને તેમની તથા કુટુંબીજનોની સમ્મતિથી, રાજેમતી અને અરિષ્ટ-નેમિના લગ્નની તીથી શ્રાવણ શુદિ ૬ ની નક્કી કરવામાં આવી. શ્રીકૃષ્ણે પણ નક્કી કરેલી વિવાહતીથીને ઉચિત જણાવીને, તેનો સ્વીકાર કર્યો. અને આ બધું પતી ગયા પછી, તેઓ પ્રસન્નતાપૂર્વક પોતાના મહે-લમાં પાછા ફર્યા.

ॐ

પણ સિદ્ધ થતી નથી, અને જનતા તે કાર્યને આદર્શરૂપ માની અપનાવતી પણ નથી.

દ્વારકામાં વસ્યા પછી, યાદવો શ્રીકૃષ્ણના અનુશાસનમાં રહીને, દિન પ્રતિદિન ઉન્નતિની ટોચે પહોંચ્યા હતા. તેમનો ગૌરવ–સૂર્ય મધ્યાન્હે તપી રહ્યો હતો. જન, ધન, યશ, વૈભવ આદિ કોઈ પણ બાબતમાં, તેમની બરોબરી કરનાર કોઇ ન હતું, છતાં ઉન્નતિમાંથી અવનતિ અને અવનતિમાંથી ઉન્નતિ એ તો જગતનો સ્વાભાવિક નિયમ છે. જે અતિશય વધે છે તે પડે પણ છે અને જ્યારે પડવા લાગે છે ત્યારે પડયે જ જાય છે. જગતના આ નિયમથી યાદવો પણ શી રીતે બચી શકે! તેમનામાં પણ, અવનતિનું કારણ ઘર કરી ચૂક્યું હતું. યાદવોનો મોટો ભાગ જુગાર રમવો, માંસ ખાવું, દારૂ પીવો અને પરદારાગમનમાં જ પોતાનું જીવન સાર્થક માનવા લાગ્યો હતો. આ દુર્વ્યસનોમાં તેઓ વધારે ને વધારે ફસાયા જતા હતા. વિવાહાદિ અવસરો પર તો એ દુર્વ્યસન અતિશય વધી જતું હતું. આવા પ્રસંગોએ હજારો અને લાખો પશુ–પક્ષીયોનો નિર્દયતાપૂર્વક સંહાર કરી નાખતા હતા. જો કે શ્રીકૃષ્ણ પોતાના કુટુંબમાંથી, આ દુર્વ્યસનોને કાઢી, તેમને અવનત તથા નષ્ટ થતાં બચાવવા ઈચ્છતા હતા, પરંતુ તેઓ એમ કરવામાં અસમર્થ રહ્યા. તેમની રાજસત્તા, પોતાના કુટુંબી જનોમાંથી નાશકારક દુર્વ્યસનો પૂર્ણ રૂપે ન કાઢી શકી.

જગતનો એ પણ નિયમ છે કે, તત્કાલીન મહાન્ કહેવાતા પુરુષો જે કાર્ય કરે છે તે કાર્યને સામાન્ય જનતા પણ અપનાવી લ્યે છે. પછી ભલે તે કાર્ય સારૂં હોય કે ખરાબ. સાધારણ જનતા એ બાબતનો વિચાર કરતી નથી. તે તો, જે તેમની દૃષ્ટિએ યુગના મહાપુરુષો આચરે તે બધા કામોને સારાં જ માને છે. [illegible] કરીને અનીતિ કાર્યની ઉપેક્ષા [illegible] ન કરતાં અને [illegible] વગેરેને [illegible] [illegible] મહાન્ મનાતા [illegible] [illegible],

ભગવાન અરિષ્ટનેમિ મહાપુરુષ હતા, તીર્થંકર હતા. તેમનામા
જન્મથી જ અનંત શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક
શક્તિ વિદ્યમાન્ હતી. તેમના માટે કોઈ કાર્ય અસંભવિત કે મુશ્કેલ
ન હતું. તેઓ લોકો દ્વારા થતી જીવહિંસા, કોઈ પણ જાતનું દુઃખ
ભોગવ્યા વિના તેમજ ત્યાગ કર્યા વિના પણ રોકી શકતા હતા.
તેઓ બળપૂર્વક પણ હિંસા બંધ કરાવી શકતા હતા, પ્રયત્ન વડે
પણ હિંસા રોકી શકતા હતા, અને મન તથા આત્મા દ્વારા જનતાને
મંત્ર-મુગ્ધ બનાવીને પણ, હિંસા-વિમુખ કરી શકતા હતા,
છતાં આ પ્રકારે અટકાવેલી હિંસાનું મહત્ત્વ એક જાદુગરના ખેલથી
વધારે ન ગણાય. જે રીતે જાદુગર જગત્‌ના મોટા મોટા અને હેરત
પમાડે તેવા પદાર્થો દેખાડી આપે છે, પરન્તુ તે પદાર્થો થોડી જ વાર
સુધી દેખાય છે, તે જ રીતે ઉક્ત ઉપાયો વડે રોકવામાં આવેલી
હિંસા પણ વધારેમાં વધારે ભ૦ અરિષ્ટનેમિના જીવનકાળ સુધી જ
રોકાઈ રહેત, વધારે સમય સુધી રોકાઈ ન રહેત; કારણ કે લોકોનાં
હૃદયમાં સૂક્ષ્મ રૂપે તો હિંસા વિદ્યમાન્ જ રહેત, નિર્મૂળ ન થાત અને
તેનું મૂળ હોવાથી, કોઈ વખત વિશાળ વૃક્ષ થવું સંભવિત છે. જ્યાં
સુધી અહિંસાનું મહત્ત્વ સમજવામાં ન આવ્યું હોય ત્યાં સુધી હિંસાના
સૂક્ષ્મ સંસ્કારો કદાપિ હૃદયથી સદંતર ખસતા નથી. ભ૦ અરિષ્ટને-
મિએ, અહિંસાનું મહત્ત્વ બતાવીને જ, હિંસા નિવારવાનું ઈષ્ટ માન્યું
હતું. આ જ કારણે, તેમણે હિંસા રોકવા માટે પોતાની ખાસ
શક્તિનો પ્રયોગ ન કર્યો. કેમકે અહિંસાનું મહત્ત્વ લોકો પર ત્યારે જ
પ્રભાવશાળી બને, જનતા અહિંસા આગળ ત્યારે જ નત મસ્તક
બને, કે જ્યારે તેનો પ્રવર્તક સાધારણ પુરુષની જેમ તેનું મહત્ત્વ સિદ્ધ
કરે અને તેને માટે કેટલોક ત્યાગ પણ કરે.

ભ૦ અરિષ્ટનેમિએ, અહિંસાનું મહત્ત્વ બતાવીને, હિંસાને
રોકવા માટે સીધો પરંતુ ક્ષેત્ર તૈયાર કર્યું. કૃષ્ણના શસ્ત્રાસ્ત્રની લીલા
તેમણે આ જ ઉદ્દેશ્યથી કરી હતી. તે લીલાને કારણે, સમસ્ત યાદવો

આઠ ભવોમાં મારી સહચારિણી રહી છે. તે આઠ ભવમાં તેણે મારી સાથે સર્વ પ્રકારનો સહયોગ આપ્યો છે. તે, સુખ દુઃખમાં મારી સાથે રહી છે. હવે આ નવમા ભવમાં, હું મારું તો કલ્યાણ કરી લઉં અને તેને આ સંસારજાળમાં જ ફસાઇ રહેવા દઉં, એ ઠીક નહિં. કમમાં કમ, હું તેને સાવધાન તો કરું. એમ તો સૂચિત કરું કે હું, સંસાર-વ્યવહાર છોડીને, આત્માનું કલ્યાણ કરવા અને અક્ષય સુખ પ્રાપ્ત કરવા જાઉં છું; એટલે જો તું આ ભવમાં પણ મારાથી સહયોગ કરવા ઇચ્છતી હો તો જે માર્ગને હું પકડું છું તે માર્ગને તું પણ અપનાવ. આ વિચારથી પણ ભ૦ અરિષ્ટનેમિએ, લગ્નની તૈયારીમાં અસહમતિ પ્રકટ કરી ન હતી.

ઉગ્રસેનને ત્યાંથી પાછા આવીને, કૃષ્ણે રાજેમતીનું સૌંદર્ય, તેની નમ્રતા, સરલતા તથા પોતાની સફલતા, અને ઉગ્રસેને મૂકેલી જાન બાબતની શરતનું વૃત્તાંત, એ બધું કહી સંભળાવ્યું. તે સાથે જ તેમણે વિવાહતિથિથી પણ સૌને પરિચિત કર્યા. કૃષ્ણે કહેલું વૃત્તાંત સાંભળીને, સઘળા માણસો ખૂબ જ ખુશી થયા અને કૃષ્ણને ધન્યવાદ આપવા લાગ્યા.

વિવાહતિથિ લક્ષમાં રાખીને, કૃષ્ણે વિવાહની તૈયારી કરવાની આજ્ઞા આપી. આખીયે દ્વારિકાનગરી શણગારવામાં આવી. સ્થળે સ્થળે આમંત્રણપત્રો મોકલાયાં. રાજમહેલમાં સ્ત્રીઓ મંગળગીત ગાવા લાગી. વાજિંત્રો વાગવા લાગ્યાં અને યાદવો ભ૦ અરિષ્ટનેમિની જાનમાં જવાની તૈયારી કરવા લાગ્યા.

બીજી તરફ, ઉગ્રસેન પણ વિવાહ તથા જાનને સત્કારવાની તૈયારીમાં લાગી ગયા હતા. ઉગ્રસેનને એ ચિંતા હતી કે, મેં મારા [illegible]ર પર ભગીરથ કામનો બોજો લીધો છે. કૃષ્ણનો પરિવાર ઘણો મોટો છે. [illegible]તે કૃષ્ણ ત્રણ ખંડના માલીક છે. અનેક રાજાઓ પણ તેમની સાથે હશે.

બની રહ્યાં છે, અને ક્યાંક કરીયાવરમાં આપવામાં આવનાર અન્ય સામગ્રી વ્યવસ્થિત થઈ રહી છે.

લગ્નતીથી નજીકમાં જાણીને, સૌભાગ્યવતીઓ રાજેમતીને પીઠી ચોળવા લાગી. સ્ત્રીઓ મંગળગીત ગાતી થકી, રાજેમતીને તેલ ઘાલવા તથા માથું ગૂંથવા લાગી. રાજેમતીના હૃદયમાં તે વખતે ઘણો જ આનંદ હતો. તે પોતાના હૃદયમાં, ભવિષ્યની ન માલુમ, કંઈ કંઈ કલ્પનાઓ કરી રહી હતી. લગ્નનો દિવસ જેમ જેમ નજીક આવતો હતો તેમ તેમ રાજેમતીનો આનંદ પણ વધતો જતો હતો.

એમ કરતાં, લગ્નનો દિવસ પણ આવી ગયો. જાનની તૈયારી થવા લાગી. હાથી, ઘોડા, રથ, પાયદળ આદિ ચતુરંગી સેના શણગારવામાં આવી. યાદવો, મૂલ્યવાન વસ્ત્રાભૂષણો પહેરીને, પોતપોતાનાં વાહનો પર સવાર થયા. પ્રસ્થાન વખતના મંગળવાજિંત્રો વાગવા લાગ્યાં. ગાયકો મંગળગીતો ગાવા લાગ્યા અને બંદીજનો યશકીર્તિ બોલવા લાગ્યા. ભ૦ અરિષ્ટનેમિને પણ વરરાજા તરીકે શણગારવા લાગ્યા.

૧૦૮ સોનાના, ૧૦૮ ચાંદીના અને એટલા-એટલા જ માટી, રત્ન, સોના-ચાંદી, રત્નસ્વર્ણ, તાંબા-ચાંદી વગેરેના ઘડાઓનું પાણી એકત્રિત કરવામાં આવ્યું. તે એકત્ર કરેલા પાણીમાં, અનેક પ્રકારની ઔષધિઓ નાખીને, તે ઔષધમિશ્રિત પાણીથી ભ૦ અરિષ્ટનેમિને નવડાવ્યા. પછી તેમને, સુંદર તથા બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોથી અલંકૃત કર્યા અને મુકુટ પર મોર બાંધ્યો. વરરાજા-વેશધારી ભ૦ અરિષ્ટનેમિ ઘણા શોભાયમાન દેખાતા હતા. તે બતાવવા માટે કોઈ ઉપમા જ નથી. તેમ વાણી કે લેખિનીમાં વર્ણન કરવાની શક્તિ જ નથી.

જગત તને વરરાજાના રૂપમાં જોઈને, મહારાણી શિવાદેવી અને મહારાજ સમુદ્રવિજયના હર્ષનો પાર ન હતો. તેઓ પોતાના હૃદયમાં

કોઇ હાથીઓની, કોઈ ઘોડાની, કોઈ રથોની, કોઇ સેનાની અને કોઈ વ્યવસ્થાની પ્રશંસા કરતા હતા. કોઈ શ્રીકૃષ્ણનો વૈભવ જોઇને ચકિત થતા હતા, કોઇ શૂરવીર યાદવોના કુમારોની પ્રશંસા કરતા હતા અને કોઇ યાદવોના વિશાળ પરિવાર પર આશ્ચર્ય પામતા હતા. કોઈ બોલતા હતા કે, વર ઘણો જ સુંદર છે. આવો સુંદર વર તો આજ સુધીમાં કોઇ પણ કન્યાએ મેળવ્યો નહિ હોય. કોઇ કહેતા હતા કે, વરનો રૂપ-રંગ શ્રીકૃષ્ણના રૂપ-રંગ સાથે ઘણો ખરો મળતો આવે છે. કોઈ અપરિચિત વ્યક્તિ તો બંનેને જોઈને, સહોદર ભ્રાતા જ માને. કોઇ કહેતા કે, બંનેય છે તો ભાઇને! સહોદર ભાઈમાં અને કાકાના દીકરા ભાઇમાં અંતર જ શું છે! કોઇ કહેતા કે, શ્રીકૃષ્ણ પોતાના આ ભાઇ પ્રત્યે ઘણો સ્નેહ રાખે છે. પોતાના ભાઈને માટે તેઓ પોતે જ યાચક બન્યા હતા. કોઈ કહેતું હતું કે સ્નેહ હોવો સ્વાભાવિક જ છે. યોગ્ય ભાઈ પ્રત્યે કોણ સ્નેહ ન કરે!

આ પ્રમાણે સઘળા લોકો, જાન તથા વરને જોઇને, આનંદ પામતા અને પોતપોતાની દૃષ્ટિ અને બુદ્ધિ અનુસાર ભિન્ન ભિન્ન અભિપ્રાય જાહેર કરતા. જાનૈયાઓ પણ ભારે ઉમંગપૂર્વક જોનારાઓની વાતો સાંભળતા, અને ભિન્ન ભિન્ન પ્રકારની ચેષ્ટાઓ કરતા ચાલતા હતા. કોઈ મહાવત, પોતાના હાથીને અંકુશ મારી, ઝુલાવતા જતા હતા. કોઈ ઘોડેસ્વાર ઘોડાને એડી લગાવી, તેમને નચાવતા કુદાવતા જતા હતા. કોઈ રથી, પોતાની મૂંછો મરડતા પોતાના બંને હાથ આગળ કરીને બેઠા હતા. વાજા વગાડનારા માણસો પણ, ઉત્સાહથી નવા નવા રાગ વગાડી રહ્યા હતા. ગાયક-ગણ પણ નવાં નવાં બનાવેલાં ગીત ગાતા જતા અને બંદીજનો પણ ઉચ્ચસ્વરે યશગાન સંભળાવતા જતા હતા

ભ૦ અરિષ્ટનેમિની જાન ઉગ્રસેનના મહેલ તરફ જઈ રહી હતી વિમાનોમાં બેસીને દેવતાઓ પણ જાનની શોભા નિહાળી રહ્યા

:

૬

કરુણા

મહાપુરુષ અથવા મોટા માણસમાં અને સાધારણ પુરુષ કે નાના માણસમાં શું અંતર છે, એ બાબતનો વિચાર કરવાથી, અનેક એવી બાબતો જાણવા મળશે કે, જે બન્ને વચ્ચેનું અંતર સ્પષ્ટ કરે. જેમ મનુષ્યો તો બન્નેય એકીના છે, પરંતુ એકમાં કાંઈક વિશેષતા હોય છે અને બીજામાં કાંઈક ન્યૂનતા હોય છે. ગુરૂતા અને લઘુતાનું કારણ એજ છે. જેનામાં વિશેષતા છે, તે મહાપુરુષ અથવા મોટા માણસ ગણાય છે, અને જેનામાં વિશેષતા નથી, પરંતુ ન્યૂનતા છે તે સાધારણ કે નાના માણસ ગણાય છે.

હવે જોવાનું એ છે કે, કઇ વિશેષતાઓને કારણે મનુષ્ય મહાપુરુષ કે મોટા માણસ ગણાય છે અને કઈ ન્યૂનતાને કારણે સાધારણ કે નાના માણસ ગણાય છે. દૃષ્ટિભેદને કારણે ગુરૂતા અને લઘુતાના કારણોમાં પણ ભેદ પડી જાય છે. કોઈ માણસ તેને મોટો માને છે કે જેનામાં શારીરિક બલ-પરાક્રમ વધારે હોય અને તેને નાનો માને છે કે જેનામાં તેની કમીના હોય. કોઇ માણસ તેને મોટો માને છે કે જે વધારે બુદ્ધિશાળી હોય, અને કોઈ તેને નાનો માને છે કે જે બુદ્ધિહીન હોય. કોઈ માણસની દૃષ્ટિમાં મોટો માણસ એ છે, જે ધન-વૈભવસંપન્ન હોય અને જેની પાસે ધન-વૈભવ નથી તે નાનો માણસ છે. આ પ્રમાણે જુદા જુદા માણસો, ગુરૂતા અને લઘુતાને કારણે પણ જુદા જુદા માને છે; પરંતુ ધર્મને જાણનારા માણસો ગુરૂતા અને લઘુતાનાં જે કારણો માને છે તેઓ એ કારણોથી સર્વથા

૩

કંસના મૃત્યુ પછી, મહારાજા ઉગ્રસેનને ત્યાં એક કન્યાનો જન્મ હતો, જેનું નામ રાજેમતી હતું. રાજેમતી અતિ સ્વરૂપવાન હતી. તેનાં રૂપસૌંદર્યનું વર્ણન કરતાં, મંત્રધરોએ પણ તેને માટે 'મણિપ્રભા અને વિદ્યુત્છટા'ની ઉપમા આપી છે. સ્વરૂપવાન હોવાની સાથે જ, રાજેમતી ગુણવતી, સુલક્ષણા અને બુદ્ધિમાન્ પણ હતી. તેની શારીરિક રચના, આકૃતિ, બુદ્ધિ અને તેનાં ગુણ તથા સ્વભાવથી લોકોને પુણ્યોપાર્જન કરવાની શિક્ષા મળતી હતી. રાજેમતીને જોનારા એમ કહેતા હતા કે, તેને જેવી ઋદ્ધિ મળી છે તેવી અતિશય પુણ્યસંપદા વિના કદાપિ મળી શકતી નથી, આ જ રાજેમતી આ કથાની નાયિકા છે.

રાજેમતી વિવાહ યોગ્ય થઇ. તેનાં અંગોપાંગ યૌવનના આગમનથી વિકસિત થવા લાગ્યાં. તેનું રૂપ-લાવણ્ય કમલપુષ્પ સમાન ખીલવા લાગ્યું. રાજેમતીના માતા-પિતા રાજેમતી માટે અનુપમ વરની શોધમાં રહેવા લાગ્યા; પરન્તુ અનુપમ સૌંદર્યવાન રાજેમતીને યોગ્ય વર તેમની નજરમાં આવ્યો નહિ. રાજેમતીને યોગ્ય વર તેમની નજરે માત્ર ભગવાન અરિષ્ટનેમિ જ દેખાતા હતા. જે પ્રકારે સમકાલીન કન્યાઓમાં રાજેમતી અપ્રતિમ સુંદરી હતી, તે જ પ્રકારે ભગવાન અરિષ્ટનેમિ પણ અપ્રતિમ સુંદર હતા. ભગવાન તીર્થંકરની શારીરિક સુંદરતા બાબતમાં તો આચાર્ય માનતુંગનું આ કથન બતાવી દેવું બસ

હતો. કંસના મૃત્યુ પછી મથુરાનું રાજ્ય શ્રીકૃષ્ણે ઉગ્રસેનને આપ્યું હતું, એથી ઉગ્રસેન પર પણ જરાસંઘની વક્રદષ્ટિ હોવાનો સંભવ હતો અને એ કારણે કૃષ્ણાદિની સાથે ઉગ્રસેન પણ મથુરા છોડીને દ્વારકામાં રહેતા હોય એ બનવા યોગ્ય છે. કૃષ્ણની સાથે ઉગ્રસેન પણ દ્વારકામાં રહેતા હતા અથવા મથુરામા જ રહેતા હતા તે વિષયનું અનુસંધાન કરવા માટે કેટલાક ગ્રંથ, શાસ્ત્ર અને તેની ટીકાઓ જોઈ, પરંતુ ક્યાય પણ કોઈ સ્પષ્ટીકરણ દષ્ટિગોચર થયું નહિ. તે માટે 'કેવલી જાણે' એમ કહીને જ સંતોષ માનવો પડે છે. કથાના અનેક પ્રસંગોથી તો એમ જણાય છે કે, ઉગ્રસેન પણ તે સમયે દ્વારકામા જ રહેતા હતા.

૬

કરુણા

મહાપુરુષ અથવા મોટા માણસમાં અને સાધારણ પુરુષ કે ાના માણસમાં શું અંતર છે, એ બાબતનો વિચાર કરવાથી, અનેક એવી બાબતો જાણવા મળશે કે, જે બન્ને વચ્ચેનું અંતર સ્પષ્ટ કરે. જેમ મનુષ્યો તો બન્નેય શ્રેણીના છે, પરંતુ એકમાં કાંઈક વિશેષતા હોય છે અને બીજામાં કાંઈક ન્યૂનતા હોય છે. ગુરુતા અને લઘુતાનું કારણ એજ છે. જેનામાં વિશેષતા છે, તે મહાપુરુષ અથવા મોટા માણસ ગણાય છે, અને જેનામાં વિશેષતા નથી, પરંતુ ન્યૂનતા છે તે સાધારણ કે નાના માણસ ગણાય છે.

હવે જોવાનું એ છે કે, કઇ વિશેષતાઓને કારણે મનુષ્ય મહાપુરુષ કે મોટા માણસ ગણાય છે અને કઈ ન્યૂનતાને કારણે સાધારણ કે નાના માણસ ગણાય છે. દૃષ્ટિભેદને કારણે ગુરુતા અને લઘુતાના કારણોમાં પણ ભેદ પડી જાય છે. કોઈ માણસ તેને મોટા માને છે કે જેનામાં શારીરિક બલ-પરાક્રમ વધારે હોય અને તેને નાનો માને છે કે જેનામાં તેની કમીના હોય. કોઇ માણસ તેને મોટા માને છે કે જે વધારે બુદ્ધિશાળી હોય, અને કોઈ તેને નાનો માને છે કે જે બુદ્ધિહીન હોય. કોઈ માણસની દૃષ્ટિમાં મોટા માણસ એ છે, જે ધન-વૈભવસંપન્ન હોય અને જેની પાસે ધન-વૈભવ નથી તે નાનો માણસ છે. આ પ્રમાણે જુદા જુદા માણસો, ગુરુતા અને લઘુતાનાં કારણો પણ જુદા જુદા માને છે, પરંતુ ધર્મને જાણનારા માણસ ગુરુતા અને લઘુતાનાં જે કારણો માને છે તેમાં એ કારણોથી સત્

વિશેષતાને કારણે જ, તે જનતાના
વિશેષતા હોય છે અને એ
પર પોતાનું આધિપત્ય જમાવે છે.

ભગવાન અરિષ્ટનેમિ, રાજકુમારી રાજેમતી સાથે લગ્ન કરવા
જાય છે. તેમણે અનેક વસ્ત્રાલંકાર ધારણ કર્યા છે, તેમના પર
છત્ર ધરવામાં આવી છે, ચામર ઢોળાઇ રહ્યા છે, અનેક રાજા,
મહારાજા તેમની પાછળ ચાલી રહ્યા છે. સાધારણ પુરુષને માટે આવો
પ્રસંગ મહા ગૌરવવંત હતો. ભાવી સુખ બાબતમાં, અનેક પ્રકારની
કલ્પનાઓ કરવાનો હતો. અને આનંદની આગળ સઘળું ભૂલી જવાનો
હતો; પરંતુ ભ૦ અરિષ્ટનેમિ, સાધારણ પુરુષ ન હતા, જેઓ આ કારણે
દયા, કરુણા, સહૃદયતા વગેરેને ભૂલી જાય. તેઓ તો, આ પ્રસંગને
કરુણાનું મહત્ત્વ બતાવવા માટે અત્યધિક અનુકૂળ સમજ્યા હતા. બલ્કે
આ અનુકૂળ પ્રસંગ મેળવવા માટે જ તેમણે લગ્નની તૈયારીનો વિરોધ
કર્યો ન હતો; પણ સમૌન તેમાં ભાગ લેતા હતા. આવો અમૂલ્ય
પ્રસંગ તેઓ કેમ જવા દે ? જો લગ્નના આનંદમાં તેઓ આ પ્રસં-
ગને ભૂલી જાય, તો તો તેમની ગણના મહાપુરુષમાં ન થાત અને
તેમના ગુણગાન ગાવાનું કોઈ કારણ પણ ન હતું.

ભ૦ અરિષ્ટનેમિની જાન તોરણદ્વાર તરફ આવી રહી હતી. તે,
વાડા અને પાંજરાની પાસે આવી કે જેમાં અનેક પશુ-પક્ષીયોને
વધ કરવા માટે પૂર્યાં હતાં. સ્વતંત્રતા લુંટાવાથી, મરવાના ભયથી
અને પૂર્વે નહિ સાંભળેલ એવા નાદથી, તેમજ જનતાના કોલાહલથી
તે પશુ પક્ષીઓ વ્યાકુળ બની રહ્યાં હતા, તે પોતાની ભાષામાં 'બચા
વ્યાં' આદિ શબ્દ વડે વિલાપ કરી રહ્યાં હતા; છતાં તે વખતે,
બીચારાઓના વિલાપ પર ધ્યાન આપવાની, તેમના પર કરુણા
વાની અને તેમને બંધમુક્ત કરવાની ફુરસદ કોને હતી? સ
મનુષ્યો પોતપોતાની ધૂનમાં મસ્ત હતા. સાધારણ પુરુષ અને
પુરુષની પરીક્ષાનો સમય પણ આ જ હતો.

વાડા, પાંજરામાં પૂરાયેલાં પશુ-પક્ષી દુઃખનો અનુભવ કરી રહ્યાં હતાં. તેમને એક તરફથી તો પોતાના પ્રિયજનોથી વિખૂટા પડવાનું દુઃખ હતું. કેટલાંક બચ્ચાં કે જેઓ જંગલમાં જ જન્મ્યાં હતાં અને કેટલાંક બચ્ચાં, કે જેઓ રહેતાં હતાં તે બધાં વિખૂટાં પડી ગયાં હતાં. સાંસારિક જીવોને, પ્રિયજનોનો વિરહ દુઃખ આપે છે તે વાત આપ જાણો જ છો. બીજું દુઃખ તેમને સ્વતંત્રતા લૂંટાઈ જવાનું હતું. તેઓ જંગલની ખુલ્લી હવામાં પોતાનાં સાથીઓ સાથે, સ્વતંત્રતાપૂર્વક ફરતાં હતાં, એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં હતાં, કોઈ વાર એક ઝાડ કે કોઈવાર બીજા ઝાડ નીચે કે ઉપર બેસતાં હતાં, પરન્તુ તેમની આ સ્વતંત્રતા છીનવી લેવામાં આવી. તેમને બંધનમાં નાખવામાં આવ્યાં. સ્વતંત્રતા છીનવાવાથી અને બંધનમાં પડવાથી, કેવું દુઃખ થાય છે તે વાતની પ્રતીતિ તો અખિલ ભારતને છે જ. સમસ્ત ભારત આ દુઃખ અનુભવી રહ્યું છે. ભારતદેશ એક મોટું કારાગાર છે, એટલે જો તેમાં રહેનારા લોકોમાંથી, કદાચ કોઈ માણસ અજ્ઞાની હોવાને કારણે આ કારાગારનું દુઃખ ન માનતો હોય તેને નાના નાના કેદખાના જોવાથી ખબર પડશે જ, કે બંધનમાં પડવાથી કેવું દુઃખ થાય છે! જેલમાં એવા અનેક માણસો પણ હોય છે કે જેઓને જેલની બહાર રહેવાથી એક ટંક પણ પેટ ભર ખાવાનું મળવું મુશ્કેલ હોય છે અને જેલમાં બંને ટંક ખાવાનું મળે છે. ઘણાઓનાં શરીર પણ હૃષ્ટ-પુષ્ટ બની જાય છે, છતાં પણ તેમાં રહેનાર કોઈપણ માણસ પોતાને સુખી માનતો નથી. બધા માણસો એ જ ઇચ્છે છે કે, અમે આ બંધનમાંથી છૂટીએ તો સારું. કોઈ પાળેલા પોપટને, પાંજરામાં રહ્યા રહ્યા સારું સારું ખાવાનું મળે છે; છતાં પણ, તેમાંથી તે તક જોઈને નાસી છૂટે છે. તે, જંગલમાં એક એક કણ ચણીને ખાવામાં આનંદ માને છે, પરન્તુ પાંજરામાં પૂરાઈને, સારું સારું ભોજન ખાવાનું તેને પસંદ નથી આવતું. વાડા-પાંજરામાં પૂરાયેલા તે પશુ-પક્ષીઓ પણ એવા જ દુઃખનો અનુભવ કરી રહ્યાં હતાં.

શુ-પક્ષીઓને મોટું દુઃખ મૃત્યુનું થઈ રહ્યું હતું. તેમની
એવો ભય થયો હતો કે કોણ જાણે અમને ક્યારે મારી
વામાં આવશે! તે વાડામાં તેમને ખાવાપીવાનું મળતું હતું પરન્તુ
રીતે એક ફાંસી પર ચઢાવવામાં આવનાર વ્યક્તિને સારામાં
ભોજન પણ ખરાબ અને સ્વાદ વગરનું લાગે છે તેવી જ રીતે
પશુ-પક્ષીઓને પણ ખાવા પીવાનું ખરાબ લાગતું હતું. જેમ મારી
ાખવામાં આવનાર મનુષ્યની સામે, પોતાનું મૃત્યુ જ તાંડવ દેખાડે
છે તે જ પ્રમાણે તે પશુ-પક્ષીઓની સામે પણ તેમનું મૃત્યુ જ
તાંડવ દેખાડી રહ્યું હતું.

મનુષ્ય પોતાના સુખદુઃખ પરથી બીજાઓનું સુખદુઃખ સહજ
રીતે જાણી શકે છે. તે સમજે છે કે, જે બાબતથી મને દુઃખ થાય
તે જ બાબતથી બીજાને સુખ શી રીતે થાય? છતાં સ્વાર્થભાવના
તે આ પ્રકારે વિવેકશૂન્ય બનાવી દે છે. સ્વાર્થાંધ મનુષ્ય આ વાતને
બીલકુલ ભૂલી જાય છે કે, મારા કાર્યથી બીજાને દુઃખ થાય છે
કે સુખ! તે થોડીવારને માટે એમ વિચાર કરતો નથી કે, હું મારા
ખને માટે બીજા સાથે જેવો વ્યવહાર કરું છું, તેવો જ વ્યવહાર
ીજો પણ જો પોતાના સુખને માટે મારી સાથે કરે તો મને
કેવું દુઃખ થશે! પશુ-પક્ષીઓને મુકાબલે, મનુષ્ય વધારે વિવેકી મનાય
છે, અને વિવેકી હોવા છતાં પણ મનુષ્ય, સ્વાર્થવશ વિવેકહીન બની
જાય છે અને સમજવા લાગે છે કે, દુઃખ તો માત્ર મને જ થાય
છે, બીજાઓને દુઃખ તો થતું જ નથી; અથવા તે (બીજો) પોતે
દુઃખ વેઠીને મને સુખ આપવા માટે જ સર્જાયો છે. જો મનુષ્ય
સ્વાર્થભાવનાથી વિવેકહીન ન બને અને જેવું સુખદુઃખ પોતાને મા
માને છે, એવું જ જો બીજાને માટે પણ માને, તો, તે કિંચિત્ પ
પાપમાં પ્રવૃત્ત ન બને. [illegible]
[illegible]

ઓને સુખ આપવા માટે, પોતાનો સ્વાર્થ છોડી દે. ઉલટું,
માણસો તો એવા પણ નીકળશે કે જેઓ કોઈ જાતનો સ્વાર્થ
હોવા છતાં પણ બીજાને દુઃખ આપે છે. વિવેકહીન ગણાતાં પશુ
પણ, વિના કારણે કોઈને નુકસાન કરવા તૈયાર થતા નથી, પ
વિવેકસંપન્ન મનુષ્ય, કોઈ કોઈ વાર પશુઓથી પણ હલકા
જાય છે અને વિના કારણે જ બીજાને નુકસાન કરે છે. આ વિચાર
ભર્તૃહરિએ પણ કહ્યું છે કે:—

एके सत्पुरुषाः परार्थघटका स्वार्थं परित्यज्यये।
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये॥
तेऽमी मानुष राक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये।
ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानी महे॥

ભાવાર્થ:—જે લોકો પોતાના સ્વાર્થનો ખ્યાલ ન કરતાં
બીજાનું ભલું કરે છે, તેઓ અવશ્ય સત્પુરુષ છે, અને જેઓ બીજાના
ભલાની સાથે સાથે પોતાનું પણ ભલું કરે છે તેઓ સાધારણ પુરુ
છે. જેઓ પોતાના ભલા માટે બીજાનું કામ બગાડે છે તેઓ મનુષ્ય
રૂપે રાક્ષસો છે અને જેઓ વગર કારણે જ બીજાઓને નુકસાન કરે
છે તેમને શું કહેવું તે મારી સમજમાં આવતું નથી.

સંસારનાં સઘળાં પ્રાણીઓ સુખ ચાહે છે, દુઃખ કોઈ ચાહતું
નથી. બલ્કે, સઘળા લોકો દુઃખથી બચવાનો અને સુખ મેળવવાનો
ઉપાય કર્યા કરે છે. મૃત્યુ, જરા, વ્યાધિ અને માનસિક વગેરે દુઃખોથી
સઘળા [illegible] રહે છે, અને એવા દુઃખોથી રક્ષણ મેળવવાની
શોધમાં રહે [illegible]
નાશ [illegible] ઘણા દોડા [illegible] સુખની પ્રાપ્તિ અને દુઃખનો
[illegible] સાચો ઉદ્દેશ તો સુખ [illegible] વિપરીત માર્ગ ગ્રહણ
[illegible] પણ, [illegible] જીવોને માટે આ [illegible] મેળવવાનો જ હોય છે. એમ હોતા

ઇ વાર તો બીજાના સુખની ઇર્ષ્યા કરે છે, અથવા બીજાને દુઃખી
રાજી થાય છે. તેઓ એમ નથી વિચારતા કે, દુઃખ અમને જેવું
લાગે છે તેવું બીજાને પણ ભૂરું લાગતું હશે. જો સંસારના સર્વ
ઓ પોતાનાં સુખદુઃખ સમાન જ બીજાના સુખદુઃખ માનવા
ો, તો સંસારમાંથી હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને મમત્વનું
પ જ ચાલ્યું જાય.

ભગવાનની જાન માંહેના ઘણા લોકો ભગવાનની આગળ જ
હતા, છતાં પણ તે દીન પશુ-પક્ષીઓના કરુણ આક્રંદથી તેમનું
હૃદય દ્રવિત ન થયું. સંભવ છે કે, એ પશુપક્ષીયોના હૃદયદ્રાવક
ચોકાર તરફ કોઈએ ધ્યાન જ ન આપ્યું હોય અથવા કોઈનું ધ્યાન
કદાચ તે તરફ ગયું હોય તો તે એવા વિચારથી આનંદ પામ્યા હોય
કે અમને આ હૃષ્ટ-પુષ્ટ પશુ પક્ષીઓનું માંસ ખાવા મળશે. નીતિ-
કારોનું કથન જ છે કે, માંસભક્ષણ કરનારમાં દયા તથા મદિરાપાન
કરનારમાં પવિત્રતા હોતી નથી. આવી દશામાં તે લોકોનું હૃદય કઈ
રીતે દ્રવિત થાય? જાનમાં આગળના ભાગમાં જેટલા જેટલા માણસો
હતા તેઓ બધાં ઉગ્રસેનના મહેલ તરફ આગળ ને આગળ જ વધતા
ગયા, પરન્તુ ભગવાન અરિષ્ટનેમિ આગળ ન વધ્યા. કોઈ બીજાઓએ
તો તે પશુ-પક્ષીયો પર દયા ન કરી, પરન્તુ ભગવાન તેઓની ઉપેક્ષા
કેમ કરે! ભગવાનનું હૃદય, તે ભયગ્રસ્ત જીવોની કરુણાથી ભરાઈ
ગયું. ભગવાને, તે વાડા-પાંજરાની પાસે આવતા જ, સારથીને પૂછ્યું:—
સારથી! આ બિચારા સુખાભિલાષી પશુપક્ષીઓને બંધનમાં કે
નાખ્યા છે!

જો કે ભ૦ અરિષ્ટનેમિ, અતિશય જ્ઞાની હોવાથી, આ
જાણતા હતા કે, આ પશુ-પક્ષીયોને માંસ માટે મારી નાખવા
જ બંધનમાં નાખ્યાં છે; છતાં. તેઓ પોતાના આ જ્ઞાનના આધા
પશુ-પક્ષીયો પર કરુણા દર્શાવીને, તેમને બંધનમુક્ત કરાવ

જાનના માણુસો તથા બીજા માણુસો, પશુપક્ષીને બંધનમુક્ત કરવાનું કારણુ ન સમજી શકત, અને જે ઉદ્દેશ ભગવાન પૂરો કરવા ઈચ્છતા હતા તે પૂરો ન થાત; એટલા માટે ભગવાને, આ બધું જાણુતા હોવા છતાં પણુ સારથીને આ પ્રશ્ન કર્યો.

ભગવાનના પ્રશ્નના ઉત્તરમાં, સારથી કહેવા લાગ્યો—હે પ્રભો! આ સઘળા ભદ્ર પ્રાણીઓ, આપનાં લગ્નના કારણે જ એકઠાં કરવામાં આવ્યાં છે અને વાડા–પાંજરામાં પૂરવામાં આવ્યાં છે. તેમનો વધ કરીને, આપના લગ્નપ્રસંગમાં, લોકોને તેમના માંસનું ભોજન કરાવવામાં આવશે.

સારથીની વાતના ઉત્તરમાં ભગવાન કહેવા લાગ્યા—જુઓ તો, આ ગરીબ જીવો મરણુના ભયથી કેવાં દુઃખી થઈ રહ્યાં છે! તૃણ, ફલ વગેરેથી નિર્વાહ કરનાર અને કોઈને નુકસાન ન પહોંચાડનાર, આ જીવોનો સંહાર મારા લગ્નને કારણે થશે! જો મારું લગ્ન ન થાય, તો આ બિચારા પશુપક્ષી આ જાતના બંધનમાં કેમ પડે અને તેઓને મરણુભયથી કેમ દુઃખિત થવું પડે! મારા નિમિત્તે થનારી આ જીવોની હિંસા, મને પરલોકમાં શ્રેયસ્કર થશે નહિ. હું તો હિંસાને સર્વથા અનુચિત સમજું છું.

વાડા–પિંજરામાં પૂરાયેલા પશુ પક્ષીયોની હિંસા ભગવાન પોતે કરતા ન હતા, તેમ બીજા પાસે કરાવતા પણુ ન હતા. ... ઓ તે પશુ–પક્ષીઓનું માંસ ન ... અનુમોદનના પણુ ખચના હતા. આમ હોવા ... તે ...નું નિમિત્ત કારણુ પોતાને જ માન્યું; ... ...જ્ઞાનાગ ઘણા લોક એમ સમજે છે કે, ... કાંઈ ન કરીને ..., અમને પાપ ન ... કામમાં તેમના ... ... જ તે કાર્ય તેમને માટે જ કેમ ન કરવામાં ...

તે કાર્યના પાપથી મુક્ત સમજે છે, અને તે માત્ર આ કારણે, કે તેમણે તે કાર્ય પોતાના હાથથી કર્યું ન હતું. ઉદાહરણાર્થ:—ચીનના માંસ વેચનારાઓ પોતાની દુકાનો પર પાટીયું લગાવેલું રાખે છે કે, 'વિશ્વાસ રાખો, આ જીવ આપના માટે મારવામાં આવ્યો નથી.' આનું બોર્ડ લાગેલું હોવાથી, ત્યાંના બૌદ્ધો માંસ ખરીદીને ખાય છે અને પોતાને પાપથી મુક્ત તથા અહિંસક સમજે છે. તેઓ એમ વિચારતા નથી કે, જો અમે માંસ ન ખરીદીએ, તો માંસને માટે કોઈ જીવને શા માટે મારવામાં આવે ? અમે માંસ ખરીદીએ છીએ એટલા જ માટે માંસ વેચનારા જીવોને મારે છે અને એવી સ્થિતિમાં અમે પાપમુક્ત કેમ થઈ શકીયે ?

ચીનના બૌદ્ધોની જેમ, અહિંના અનેક જૈનો પણ પોતે પોતાને કોઈ કાર્યના પાપથી એટલા જ માટે મુક્ત સમજે છે કે, તે કાર્ય તેમણે પોતાના હાથથી કર્યું ન હતું, પરન્તુ પોતાના નોકરો પાસે અથવા કોઈ બીજા પાસે કરાવ્યું હતું. કેટલાંક ઘરોની સ્ત્રીઓ તો, એટલા જ માટે રસોઈ બનાવવા, પાણી ગળવા, પાણી ગરમ કરવા, લોટ દળવા, પશુઓને ઘાસચારો આપવા વગેરે કાર્યને માટે નોકર રાખે છે અને સમજે છે કે, એ કામ તો નોકરે કર્યું છે, એટલા માટે અમને એ કામની ક્રિયા ન લાગી. તેઓ એમ નથી સમજતી કે, જે કામ અમે જ કરાવ્યું છે, અમારે માટે જ થયું છે અને જે કરવામાં અમારી પ્રેરણા છે, તે કાર્યની ક્રિયાથી અમે શી રીતે બચી શકીએ ? ઉલટું, બીજાઓ મારફત કામ કરાવવાથી તેઓ વધારે પાપ કરી છે. જો નોકર દ્વારા કરાવેલું કામ તેઓ પોતે કરે તો તેઓ

બાબત તરફ તેમનું ધ્યાન ખેંચે, તો તે કહી દે છે કે, તે મેં થોડું જ કર્યું છે! જેણે કર્યું તે તેનું ફળ ભોગવશે! પ[illegible] કાર્ય કોના માટે કરવામાં આવ્યું અને જેના માટે કરવામાં આ[illegible] તે તેનાં પાપથી શી રીતે બચી શકે, તે વાત તેના ધ્યાનમાં [illegible] નથી. ઘણા માણસો દયા કરીને પોતાની ભોજન સામગ્રી કદાચ અથવા કોઈ બીજા પાસે બનાવરાવે છે, અને સમજે છે કે, અમે કાર્ય કર્યું નથી, માટે અમે પાપથી મુક્ત છીએ. પછી ભલેને એ[illegible] નાના ચૂલાને બદલે એક મોટી ભઠ્ઠીનો આરંભ કેમ ન થયો હો[illegible] તેઓ તો પોતાને આરંભના પાપથી બચેલા જ માને છે. એવ[illegible] માણસો માટે કેમ કહેવાય કે તેઓ ધર્મને સમજ્યા છે! સંભવ છે કે, ભ૦ અરિષ્ટનેમિના વખતમાં પણ કેટલાક લોકો એવા વિચાર ધરાવતા હોય અને તેમને બોધ આપવા માટે જ ભ૦ અરિષ્ટનેમિએ આમ કર્યું હોય કે, મારા નિમિત્તે થનારી આ હિંસા, પરલોકમાં મારે માટે શ્રેયસ્કર થનારી નથી.

ભગવાનને, પીંજરામાં પૂરાયેલાં પશુપક્ષીઓને માટે આ પ્રમાણે કરુણાર્દ્ર દેખીને, સારથીએ તે બંધનમાં પડેલાં સમસ્ત પશુપક્ષીઓને બંધનમુક્ત કરી દીધાં. બંધનમુક્ત થતાં જ, તે પશુપક્ષીઓ આનંદિત બનીને પોતપોતાનાં સ્થાને નાસી છૂટ્યાં. તે સમયે તેઓ કેટલાં હર્ષિત થયાં હશે તે બાબત તો તેઓ જ જાણી શકે કે જે જીવોને મારી નાખવા માટે બાંધવામાં આવ્યાં હોય અને કોઈ એવા જ કારણે મુક્ત બન્યાં હોય

સારથીના આ કાર્યથી ભગવાન ઘણા જ સંતુષ્ટ અને પ્રસન્ન [illegible]યા. તેઓ એવા પુરુષોમાંના એક ન હતા કે માત્ર મોંએથી વાહ[illegible] અથવા ધન્યવાદ આપીને જ [illegible] તેઓ જાણતા હતા કે, [illegible]ની વાહવાહ કે ધન્યવાદ [illegible] કામમાં [illegible]વતી નથી. મોટાનો [illegible] સંપૂર્ણ [illegible] એક [illegible]

ી શકતો નથી, તેમ મોઢાના ધન્યવાદથી તેને આનંદ પણ થતો નથી. એટલા માટે ભગવાન તે સારથી પર માત્ર ખુશ થઈને ન રહ્યા પરંતુ તેમણે, પોતાના શરીર પર ધારણ કરેલાં કુંડલ, કંદોરો વગેરે કિંમતી અલંકારો ઉતારીને સારથીને ઈનામ તરીકે આપી દીધાં. તે કિંમતી અલંકારો મળવાથી, સારથી પણ કેટલો આનંદ પામ્યો હશે તેનું અનુમાન તો જગતના સઘળા મનુષ્યો પ્રાયઃ કરી શકે છે.

સારથીને, પોતાના અલંકારો ઈનામમાં આપીને, ભગવાને તેને કહ્યું:–મિત્ર! હવે હું આગળ જવા ઈચ્છતો નથી, માટે મને પાછો લઈ જા. ભગવાનનો આ હુકમ સાંભળીને, સારથીને ભારે આશ્ચર્ય થયું. તે થોડી વારને માટે મૌન રહ્યો અને પછી કહેવા લાગ્યો, હે આયુષ્યમાન્! જો કે આપના હુકમનું પાલન કરવાનું મારૂં કર્તવ્ય છે, આપના હુકમ વિરૂદ્ધ કાંઈ પણ કરવાનો કે કહેવાનો મને અધિકાર નથી, છતાં પણ હું આપને એ પ્રાર્થના કરવા ઉચિત માનું છું કે, આપ એકવાર આપના હુકમ પર પુનઃ વિચાર કરવાની કૃપા કરો. બરાબર લગ્નના પ્રસંગ પર, તોરણ દ્વાર આગળથી પાછા ફરવું તે ઠીક નથી, તેમ જ શ્રી કૃષ્ણ પ્રમુખ માનનીય પુરુષો એમ કરવા પણ નહિં દે.

ભગવાન—હું મારૂં કર્તવ્ય બરાબર જાણી–વિચારી ચૂક્યો છું. એટલે તમારે કોઈ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. તમે તો હું કહું છું એ જ કરો.

સારથી બીજું કાંઇ બોલવાનું સાહસ કરી શક્યો નહિ. તેણે જે વાહન પર ભગવાન બિરાજ્યા હતા તે વાહનને પાછળની બાજુ મરડયું. ભગવાનને પાછા ફરતા જોઈ, આખીયે જાનમાં કોલાહલ મચી ગયો.

બીજી તરફ ઉગ્રસેનના મહેલમાં રાજેમતીની સખીઓ રાજેમતીને ધીરજ આપતી હતી. તેઓ કહેતી હતી કે, સખી રાજેમતી તમે ગભરાવો નહિ. બીજી [illegible]

મહ. રાજેમતીના માતાપિતાના હૃદયને, રાજેમતીની મૂર્છાના માઠા સમાચાર સાંભળીને, ભારે દુઃખ થયું અને રાજેમતીની મૂર્છા દૂર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યાં.

ઉગ્રસેનના મહેલમાં તો, રાજેમતીની મૂર્છાથી ખળભળાટ મચ્યો હતો અને જાનમાં, ભ૦ અરિષ્ટનેમિના પાછા ફરવાથી ખળભળાટ મચ્યો હતો. વરપક્ષ તથા કન્યાપક્ષ બંનેયમાં અશાન્તિ ઉત્પન્ન થઈ હતી. બંનેય તરફનો પરિવાર ચિંતાગ્રસ્ત બની ગયો હતો, પરંતુ ભ૦ અરિષ્ટનેમિના હૃદયમાં અશાન્તિ ન હતી, તેમ ચિંતા પણ ન હતી; તેઓ તો પહેલાની જેમ આનંદિત જ હતા.



૭

ઉપદેશ

મહાપુરુષોનો એ સ્વભાવ હોય છે કે તેઓ જે કાર્યને એકવાર ખોટું સમજી લે છે તેને તેઓ તો હંમેશને માટે છોડી જ દે છે, તે સાથે જ બીજાઓને પણ તે કાર્યનું અનિષ્ટ સમજાવી, તે છોડવાનો ઉપદેશ આપે છે. એવી જ રીતે, તેઓ જે કાર્યને એકવાર સારું માને છે તેને તેઓ હંમેશને માટે અપનાવી લે છે અને બીજાઓને અપનાવી લેવાને સતત ઉપદેશ આપ્યા કરે છે. તેઓ, કોઈપણ સારા કે

ભગવાનનું વાહન પાછું ફર્યું. શ્રી કૃષ્ણ, બલદેવ, સમુદ્રવિજય ગેરે મુખ્ય યાદવો ભગવાન પાછા ફર્યાનું કારણ સમજી શકયા નહિ. ઓ, ચિંતાતુર હૃદયે દોડીને ભગવાનના વાહનની પાસે આવ્યા અને સારથીને વાહન પાછું ફેરવવાનું કારણ પૂછવા લાગ્યા. સારથીએ, વાડા-પિંજરામાં પૂરાયલાં પશુ-પક્ષિઓ પર ભગવાનનું કરુણાર્દ્ર બનવું, તેમની મારફત તે પશુ-પક્ષિઓને બંધનમુક્ત કરવાં, અને ભગવાનનું પ્રસન્ન થઇને પોતાને ઇનામ આપવું વગેરે હકીકત સંભળાવીને, ભગવાનની એ આજ્ઞા પણ સંભળાવી કે, જે અનુસાર સારથીએ વાહન પાછું ફેરવ્યું હતું. સારથીની વાત સાંભળીને, શ્રી કૃષ્ણ પ્રમુખ યાદવો કહેવા લાગ્યા કે, અરિષ્ટનેમિએ તે પશુ-પક્ષિઓ પર કરુણા દર્શાવી અને તેમને બંધનમુક્ત કરનારને પોતાનાં આભૂષણો ઇનામમાં આપી દીધાં, તે તો ઠીક છે, અમે તે અનુચિત કહેતા નથી, પણ તે પછી, તોરણદ્વાર તરફ ન જતાં, પાછા ફરવાનું શું કારણ? અરિષ્ટનેમિને પાછા ફરતા દેખીને, બધા લોકો શું કહેશે? મુહૂર્તના કામના વખતે, આ રીતે પાછા ફરવું એ શું ઉચિત હતું? જે થયું તે થયું, પણ હવે વાહન ફરીથી તોરણદ્વાર તરફ ચલાવો. તોરણદ્વાર પર પહોંચવાનો સમય વીતી જાય છે.

બધા માણસો, ભ. અરિષ્ટનેમિના સારથીને આ જ વાત કહેવા લાગ્યા. ત્યારે ભ૦ અરિષ્ટનેમિ, શ્રી કૃષ્ણને ઉદ્દેશીને કહેવા લાગ્યાઃ— ભાઈ! હવે આપ મને જવા જ દ્યો, રોકો નહિ.

શ્રી કૃષ્ણ—એમ કેમ? શું તમે લગ્ન કર્યા વગર જ પાછા ફરશો? અને કદાચ આપ એમ ઇચ્છતા પણ હશો, તો પણ અમે તમને પરણાવ્યા વગર કેમ જવા દઇશું? તમે લગ્ન કર્યા વગર જાઓ તો લોકો તમને તથા અમને શું કહે? રાજકુમારી રાજેમતીની શી ગતિ થાય?

ભગવાનને ચારે તરફથી ઘેરીને, યાદવ આદિ લોકો વગેરે ભગવાન તથા શ્રી કૃષ્ણની વાત સાંભળવા લાગ્યા. ભગવાને ઉપદેશ કરવા

આપનાર વ્યક્તિના કાર્યને અન્યાયી અથવા અનુચિત કાર્ય કરનાર કહી શકો છો તો પોતાના સુખને માટે જેઓને દુઃખમાં નાખવામાં આવે છે તે જીવો શું પોતાને દુઃખ આપનારાના કાર્યને અન્યાયી અથવા અનુચિત કાર્ય કરનારા નહિં કહેતા હોય! જે બાબત પોતાને ખૂરી લાગે છે તે શું બીજાને બુરી નહિં લાગતી હોય ? જે કાર્યથી પોતાને દુઃખ થાય છે તે કાર્યથી બીજાને દુઃખ શું નહિં થતું હોય ? અવશ્ય થાય. પરન્તુ લોકો પોતાના સ્વાર્થમાં આ વાત ભૂલી જાય છે અને એ જ કારણે માંસને અર્થે અનેક પશુપક્ષીઓની હત્યા કરી નાખે છે. જે મંગળકાર્ય મનાય છે તે લગ્નાદિ પ્રસંગો પર કેટલા જીવોનું અમંગળ થઇ જાય છે, કેટલા જીવોની નિર્દયતાપૂર્વક હિંસા કરવામાં આવે છે, એ કહી કોઈએ વિચાર્યું છે ખરૂં ! પોતાનું તો મંગળ ઈચ્છવું અને બીજાનું અમંગળ કરવું, એવો કોઇ ન્યાય છે ખરો ! જો તે જીવો વધારે સામર્થ્યવાન હોત અને જેવો વ્યવહાર લોકો તેમની સાથે કરે છે તેવો જ વ્યવહાર લોકોની સાથે તે જીવો કરે તો શું લોકોને દુઃખ થાય કે નહિં ?

બંધુવર્ય ! આ મનુષ્યજન્મ મહામુસ્કેલીથી મળે છે તેની પ્રાપ્તિ પહેલાં, કોણ જાણે કેટલાયે કાળ સુધી વનસ્પતિ, કીડા, મંકોડા આદિની યોનિયોમાં રહેવું પડયું હશે અને કોણ જાણે કેટલી વાર, એ જાતના પશુપક્ષીયોનાં શરીરમાં રહેવું પડયું હશે કે જે જાતના પશુપક્ષીઓને લોકો પોતાનો ભક્ષ્ય માનીને મારી નાખે છે. આ પ્રમાણે અનેક જન્મો સુધી કષ્ટો ભોગવ્યા પછી જ, આ મનુષ્ય શરીર પ્રાપ્ત થયું છે. હવે શું આ મનુષ્યશરીરને એવાં કાર્યોમાં જોડવું ઈષ્ટ છે કે જેને કારણે ફરી પાછો નરક, તિર્યંચ વગેરેની યોની ભોગવવી પડે, કે એવા કાર્યમા જોડવું જોઇએ કે જેથી ફરી સંસારમાં વારંવાર જન્મ ધારણ કરવાનુ મહા દુઃખ ઉઠાવવુ ન પડે' જે મનુષ્ય, પોતાના જન્મને. ઉદર વિષયભોગ જ માને છે અને એ કારણે અધિકાધિક વિષયભોગના. પ્રયત્ન અને છે તે પોતના. માટે, વધારનાર જન્મ મરણ